પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥૪૪॥

ए सो पं च न मु क्का रो

स व्व पा व प्प णा स णो




मं ग ला णं च स व्वे सिं

प ढ मं ह व इ मं ग लं

## પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય



પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી


**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**



પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજ

## શ્રી વિનયવિજયજી કૃત 'કાલલોક પ્રકાશ'માં બતાવ્યા મુજબ તીર્થંકર નામકર્મ કેવી રીતે બંધાય?

### શ્રી વીસ સ્થાનક તપ




એક પદની આરાધના ૨૦ દિવસ કરવી.
એટલે ૨૦ પદની આરાધના ૪૦૦ દિવસમાં પૂરી થશે.
આરાધના અઠ્ઠમ, છઠ્ઠ, ઉપવાસ, આયંબિલ, એકાસણું કરીને કરાય.
બને તો આ આરાધના પૌષધ સહિત કરવી.
જે પદની આરાધના હોય તે દિવસે તે પદનો દુહો બોલી
અને તે પદના જેટલા ગુણ હોય તેટલા ખમાસમણા દેવા,
કાઉસગ્ગ કરવો અને તે પદની ૨૦ નવકારવાળી ગણવી.

પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥૪૪॥



પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

☐ **HASTAKSHAR NU AKSHAY PATRA**

Personal Diaries comprising of Divine everyday thoughts,
musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

☐ **VOLUME - 44**

June 2021
300 Copies / 224 Pages
For Private Circulation only.

☐ **PUBLISHER**

© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust
Mumbai / Rajkot

team@mindfiesta.com

☐ **SPONSOR**

Shri C. K. Mehta
Mumbai

☐ **ENHANCED & DESIGNED BY**

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500

☐ **eBOOKS AVAILABLE AT**

www.bhadrankar.com

www.navkarday.com

Amazon Kindle

☐ **SHRI AARADHNA DHAM JAIN TIRTH**

C/o Shri Sudhirbhai Pandya,
'Shiv Drasti', Nr. old Mamlatdar Office,
Jamkhambhaliya - 361305.
(Dist: Devbhumi Dwarka)
+91 2833 - 254156

☐ **ખાસ વિજ્ઞપ્તિ**

ગ્રંથવાંચન પશ્ચાત્ આપને આવશ્યકતા ન હોય તો આ સરનામે અમોને ગ્રંથ પરત મોકલશોજી, જેથી અન્ય ભવિજનો પણ આ ચિંતનોથી ભાવિત થઈ શકે.



# અનાહત ધ્વનિશ્રવણ, જ્યોતિદર્શન તથા આત્મસ્પંદનાભૂતિ

પરમપૂજ્ય પરમોપકારી પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય સાહેબજીએ એક ક્ષણ માટે પણ પ્રમાદ આદર્યો હોય, એવું સહવર્તિ મુનિવરોએ ક્યારેય જોયું નથી. અવસર મળે એટલે ચિંતન-ધ્યાન-અનુપ્રેક્ષામાં લાગી જતાં જ દેખાય. એમાં જે કોઈ વિશેષ સ્ફૂરણા થાય, તે તત્કાળ તેઓ દ્વારા પોતાની ડાયરીઓમાં નોંધી લેવાતી જ જાય.

એવા જ એક ધ્યાનકાળે સંવત્ ૨૦૨૭ના શ્રાવણ વદ ૮ દિને અદ્ભૂત અનુભૂતિ થઈ હતી, જે આજે આપણે તેઓની ૨૨૪ રોજનીશીઓમાંથી એકમાં વાંચી શકીએ છીએઃ ''લોચના પ્રારંભથી જ મન 'અર્હં'ના ધ્યાનમાં એકાગ્ર બનવા લાગ્યું હતું. જેમ જેમ એકાગ્રતા વધતી ગઈ, તેમ તેમ અપૂર્વ સંવેદનો થતાં ગયાં... જેવા કે અનાહત ધ્વનિનું શ્રવણ, જ્યોતિનું અનુપમ દર્શન, લય તથા આત્મપ્રદેશોનું સ્પંદનાદિ. તેથી અપૂર્વ આનંદ, શીતળતા તથા સમાધિદશા અનુભવાઈ. ચારિત્રને ગ્રહણ કરતી વખતે સર્વ શ્રી તીર્થંકર ભગવંતો પણ પંચમુષ્ટિ લોચ કરતાં, તેથી અનુમાન થઈ શકે કે સ્વભાવરમણતારૂપ ભાવચારિત્રમાં લોચની ક્રિયા બ્રહ્મરન્ધ્રનું ઉદ્ઘાટન કરવામાં પરમ સહકાર આપનાર થતી હશે. સૂક્ષ્મ આત્મપ્રદેશોનું ભાન જાગ્રત કરાવવામાં તેની પરમ ઉપયોગિતા હોવાથી સાધુજીવનમાં લોચ એ આવશ્યક કર્મ મનાયું હશે.''

'ધ્યાનશતક'નું ચિંતન પણ ધ્યાન પૂર્વેની ભૂમિકામાં ખૂબ જ ઉપયોગી થનાર મનાયું હશે, તેમ તેઓના અન્ય લખાણમાંથી સાંપડે છેઃ ''દ્રવ્યસંકોચ તથા ભાવસંકોચ વિષે 'ધ્યાનશતક'માં એમ કહ્યું છે કેઃ ત્રિભુવનનાં વિષયોમાંથી મનને સંકોચી ક્રમશઃ પરમાણુ ઉપર પણ મનને સ્થિર કરી શકાય છે, જે શુક્લધ્યાનનો વિષય છે.

'નમો' એ દ્રવ્યસંકોચ તથા ભાવસંકોચને સૂચવે છે. વચન તથા કાયાનો સંકોચ તે 'દ્રવ્યસંકોચ' અને મનનો સંકોચ તે 'ભાવસંકોચ' કહેવાય છે. ધ્યાન કરતાં પૂર્વે પોતાના આત્મામાં શ્રી અરિહંતો અને સર્વ સિદ્ધોનો સંકોચ કરવો તથા જાપમાં 'અર્હં' ઉપરના બિંદુ અને અનાહતમાં લય કરવો, એ પણ ભાવસંકોચ જ છે.''

એક વખત થયેલ રાત્રે ધ્યાન વખતે એગે આયા સુત્ર ઉપર થયેલી તેમની અનુપ્રેક્ષાઃ ''સદૃશતાની અને એકતાની ભાવના કરવાથી નિશ્ચળ ધ્યાનની પ્રાપ્તિ થઈ શકે અને તે સિવાય ન જ થઈ શકે, તેથી નિશ્ચલતા માટે પૂર્વે 'પરમાત્મા તથા મારો આત્મા સદૃશ છે' એવો ભાવ લાવી ધ્યાનાર્થીને 'અમે બંને એક જ છીએ' એવો પરમ દ્રઢ નિર્ધાર કરવો પડે છે, ત્યારે જ અભેદ પ્રણિધાન થઈને એકતાનો અનુપમ અનુભવ થાય છે. માટે આત્મા અને પરમાત્મા બંનેની તુલ્યતા અને એકતાનું જ્ઞાન અને રૂચિ, એ જ નિશ્ચયથી સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન છે અને તુલ્યતા તથા એકતાનો અનુભવ થવો, એ જ નિશ્ચયથી સમ્યક્ચારિત્ર છે. એકતાના આ અનુભવ વખતે સાધકને પ્રાયઃ નિર્વિકલ્પ દશા જ હોય છે.''

જિનભક્તિ, જીવમૈત્રી, કાયોત્સર્ગ ધ્યાન સાધના, અહિંસા, સંયમ, તપ, સ્વાધ્યાય, સમતા, સહિષ્ણુતા, ક્ષમા, દેવ-ગુરૂ-ધર્મરૂપ તત્વત્રયી તથા દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રયી આદિ વિષયક આવી આત્મકલ્યાણકારી અનુપ્રેક્ષાઓનો ખજાનો જ્યારે ચિંતકો-સાધકો-ભાવુકોના હાથમાં આવે છે, ત્યારે તેઓ સર્વ અંતરથી નાચી ઉઠે છે.

આવા ઉત્તમ ચિંતનો આપણા હાથમાં રમી રહ્યા છે, તે માટે પરમ ગુરૂભકત, અખૂટ દાનસ્નેહી એવા મુંબઈ-વડોદરાના સુશ્રાવક **સી.કે.મહેતા**ની આર્થિક ઉદારતા અને રાજકોટના નવકાર આરાધક અમારા શશીકાંતભાઈના પુત્રવધૂ અને ગુરૂભક્તિમગ્ના સુશ્રાવિકા **ભારતીબેન દિપકભાઈ મહેતા**નો દિન-રાતનો પરિશ્રમ દાદ માંગી લે તેવો છે. ગુરૂમહારાજને પ્રિય એવા ૧૧ મુક-બધિર સહિત ૩૦ કમ્પ્યુટર વિશેષજ્ઞોની મહેનતનાં ફળસ્વરૂપે આ વૉલ્યુમો થઈ રહ્યા છે, તે વાત સદા અવિસ્મરણીય રહેશે.

વજ્રસેન વિ.
હેમપ્રભ વિ.

જૂન, ૨૦૨૧









जनक जननि पद्मरज, निज मस्तक पर धारि ।
बन्दौं मातु सरस्वति, बुद्धि-बल दे दातारि ।
पूर्ण जगत में व्याप्त तव, महिमा अमित अनंतु ।
दुष्टजनों के पाप को, मातु तुं ही अब हन्तु ॥

## નિગોદમાંથી બહાર નીકળવા સિદ્ધ ભગવંતોનો ઉપકાર

સિદ્ધ ભગવંત એક નિગોદમાંથી જીવને બહાર કાઢે છે, તેમ બહાર નીકળ્યા પછી જીવને ઊંચે લાવવાનું કાર્ય પણ તેઓ વડે જ થાય છે. દરેક ભક્તિવાળાને પોતાની ભક્તિથી ઊંચે ચઢવાનું કાર્ય ઊંચે ચઢેલાઓ વડે જ થાય છે. ગુણાધિકને જોઈ જીવને પ્રમોદ થાય છે. તેના પ્રમોદને જોઈને ગુણાધિકના હૃદયમાં તેના પ્રત્યે કરુણા જાગે છે. તે કરુણા જોઈને તેનાથી નીચા ભક્તિવાળા ઉપર તે કરુણાવાન બને છે. તેના ઉપર તે જીવને પ્રમોદ થાય છે, તેથી તે જીવ અધિક કરુણાને પાત્ર બને છે. એમ ઉત્તરોત્તર એક જીવને બીજા જીવની સહાયથી ઊંચે આવવાનું થાય છે, જે તેને મુક્તિપર્યંત પહોંચાડે છે. મુક્તિ, મુક્તિમાર્ગ પ્રસ્થિત અને મુક્તિમાર્ગ - એ ત્રણે પરસ્પર સંબંધવાળા હોવાથી મુક્તિમાર્ગ ઉપર રહેલા જીવને પૂર્વે તે માર્ગ ઉપર રહેલાની સહાય મળે છે, એમ જીવો પરસ્પર ઉપકારનું નિમિત્ત બનીને ઊંચે આવ્યા કરે છે. નિગ્રહનું નિમિત્ત બને છે તો તે વધુ દયાને પાત્ર બનીને દયાળુની દયાના અવલંબને જ ઊંચે આવે છે.

જો કોઈપણ જીવ દયાળુ હોત જ નહિ અથવા દયાળુ હોત અને દયાને પાત્ર કોઈ જીવ જ હોત નહિ, દયાને પાત્ર હોત પણ માધ્યસ્થ્યને પાત્ર કોઈ હોત નહિ, તો

પરસ્પર કોણ કોના ઉપર ઉપકાર કરત ?

અગર કોણ કોના અનુગ્રહ-નિગ્રહ અને તેના પરિણામે

કરુણા-માધ્યસ્થ્ય કે પ્રમોદને પાત્ર બનત ?

જીવનું જીવત્વ જ એવું છે કે તે પરસ્પર નિગ્રહાનુગ્રહમાં નિમિત્તભૂત બન્યા સિવાય રહે જ નહિ. જીવમાત્રમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની જેમ પરસ્પર નિગ્રહાનુગ્રહ સ્વભાવ રહેલો જ છે. સમ્યગ્દૃષ્ટિને સર્વ જીવો ઉપર એ કારણે જ મિત્ર સમાન ભાવ હોય છે.

ગુણાધિક જીવો પ્રમોદના પાત્ર બનીને,
દુઃખાધિક જીવો કરુણાના પાત્ર બનીને અને
પાપાધિક જીવો માધ્યસ્થ્યના પાત્ર બનીને
જીવોની આધ્યાત્મિક ઉત્ક્રાંતિમાં સહાયક બને છે.

શત્રુ, મિત્ર કે ઉદાસીન અવસ્થામાં રહેલા સમ્યગ્દૃષ્ટિ જીવો સર્વ જીવને માધ્યસ્થ્યાદિભાવોના વિકાસમાં સહાયક બનીને જેમ મિત્રનું આચરણ કરે છે, તેમ પ્રત્યેક અવસ્થામાં ગુણ કરનારા જીવોને મિત્ર ન માનવામાં આવે

તો રાગ તથા ભાવ મિથ્યા બને. મિથ્યાત્વ અને
મિથ્યાભાવથી મુક્ત થયેલા અને મુક્ત થવાની ઇચ્છા
ધરાવનારા મુમુક્ષુ જીવાત્માઓને સમગ્ર જીવલોક મિત્ર
સ્થાનીય બને છે. કોઈપણ જીવ પ્રત્યે દ્વેષ, વેર કે વિરોધનો
ભાવ ન આવી જાય, તેની કાળજી રાખવા ઉભયકાળ
આવશ્યકમાં પુનઃ પુનઃ ઘોષણા કરવામાં આવે છે કે:

'સર્વે જીવો સાથે મારે મૈત્રી છે,
સર્વ જીવો મારા સહાયક છે,
તેથી મારે કોઈની સાથે વેર કે વિરોધ નથી.
મિત્ર સ્થાનીય તે જીવો પ્રત્યે મને મન, વચન, કાયાથી
કોઈપણ જાતનો દુર્ભાવ આવ્યો હોય તો તે જીવો મને
ક્ષમા આપો અને તે જીવો પણ વેરવિરોધના ભાવથી
રહિત બનીને મુક્તિમાર્ગના આરાધક થાઓ.'

સમ્યગ્દર્શન ગુણ જે આત્માઓમાં આવિર્ભાવ પામેલા
હોય છે, તે આત્માઓને જીવરાશિ સાથે એક
મિત્રતાનો સંબંધ જ અવશેષ રહે છે.

સમ્યગ્દર્શન - સમ્યગ્જ્ઞાન ગુણ વડે તેઓ મુક્તિમાર્ગે
પરસ્પરનું સહાયકપણું જુએ અને જાણે છે, તેથી તે
મુક્તિનું જીવન પ્રસાર કરવા માટે પ્રયત્નશીલ હોય છે.

## પ્રશમરતિ ગ્રન્થમાં કહ્યું છે કે:

સમ્યક્ત્વ-જ્ઞાન-ચારિત્ર-વીર્ય-શિક્ષા-ગુણા જીવાઃ।

જીવો સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપના ગુણવાળા છે. જીવોની આધ્યાત્મિક ઉત્ક્રાંતિ ધર્મવૃદ્ધિ વડે થાય છે. ધર્મ એ મૈત્ર્યાદિ ચાર ભાવરૂપ છે. એ ચારે પ્રકારના ભાવોને જગતમાં રહેલા પાત્ર જીવોના નિમિત્તે ભાવોનું આદાન-પ્રદાન થાય છે અને એ સમ્યક્ પ્રકારે થવામાં પૂર્વે સમ્યક્ત્વ પામેલા જીવોની નિમિત્ત કારણતા છે, અર્થાત્ જેમ રીતે સિદ્ધ થનાર જીવ સંસારી જીવોને નિગોદમાંથી બહાર કાઢવામાં ઉપકારક બને છે, તેમ રીતે સંસારમાં રહેલા જીવોમાં પ્રધાન સમ્યક્ત્વ, જ્ઞાન, ચારિત્ર, વીર્ય કે શિક્ષાને પામેલા જીવોના આલંબને જ પછીના જીવોને તે તે ગુણોની પ્રાપ્તિ થાય છે, તેથી મિથ્યાત્વનો મોક્ષ સમ્યગ્દૃષ્ટિ જીવો વડે, અજ્ઞાનનો મોક્ષ આપણા પહેલાં જ્ઞાની થયેલા જીવો સહિત અવિરતિથી મોક્ષ વિરતિધર પુરુષો વડે અને પ્રમાદ તથા કષાયથી મુક્તિ આપણા પહેલાં મુક્ત થયેલા જીવોના આલંબન વડે જ થાય છે. એ રીતે જીવરાશિ પરસ્પરોપગ્રહિત થઈને ઉત્ક્રાંતિમાં આગળ વધે છે. ઉત્ક્રાંતિમાં આગળ વધવું, તેનું જ નામ 'મુક્તિમાર્ગની આરાધના' છે.

એ મુક્તિમાર્ગ પરસ્પર સહાયની અપેક્ષા રાખે છે,
એવી વિશ્વરચના સ્વયં રચાયેલ છે.

'एगो आदा |' જેવું ઉપયોગ લક્ષણથી એકત્વ છે અને જેવું ઉપગ્રહ લક્ષણથી અનેકત્વ - પરસ્પર ઉપગ્રાહકત્વ છે. પર્યાય વિનિર્મુક્ત દ્રવ્યની ભાવનાથી સમત્વ જળવાય છે. દ્રવ્ય વિનિર્મુક્ત પર્યાયની ભાવનાથી ઉત્પન્ન થતાં વૈષમ્યમાં સમત્વ ભાવનાર મૈત્ર્યાદિ ભાવનાઓ છે અને તેમાં પ્રવર્તક પરસ્પર ઉપગ્રહનો સિદ્ધાંત છે. જેમાં એકત્વ અને પૃથક્ત્વ પરસ્પર અનુસ્યૂત છે, તેથી વૈષમ્યને નિવારવા માટે દ્રવ્યાસ્તિકનયનું એકત્વ જેમ ઉપકારક છે, તે રીતે પર્યાયાસ્તિકનયનું અનેકત્વ પણ મૈત્ર્યાદિ ભાવો વડે ઉપકારક થાય છે.

જેમ કેવળ પૃથક્ત્વની ભાવના

દ્રવ્યથી નિરપેક્ષ હોવાથી ભ્રાન્ત મનાય છે, તેમ કેવળ એકત્વની ભાવના પણ પર્યાયથી નિરપેક્ષ હોવાના કારણે ભ્રાન્ત છે. પર્યાયોમાં દ્રવ્ય તથા દ્રવ્યમાં પર્યાયની જેમ એકત્વમાં અનેકત્વ અને અનેકત્વમાં એકત્વ પરસ્પર મળેલાં છે, તેથી વ્યવહાર કાળે સમત્વનો ભંગ ન થાય, તે માટે જીવો પ્રત્યે મૈત્ર્યાદિ ભાવોની જરૂર

છે અને ધ્યાન કાળે સમત્વને સ્થિર કરવા માટે
નૈશ્ચયિકનયનું અત્યંત ઉપકારક થાય છે.

ઉપયોગ લક્ષણ ઉપગ્રહ લક્ષણનું જનક છે અને ઉપગ્રહ લક્ષણ ઉપયોગના આધારે છે. ઉપરોક્ત બંનેમાં ઉપયોગ લક્ષણની ઉપયોગીતા છે અને ઉપગ્રહ લક્ષણની પૂરકતા છે. ઉપયોગ વિના ઉપગ્રહ નહિ અને ઉપગ્રહ વિના ઉપયોગ ટકી શકતો નહિ. એક ઉપાદાન છે, તો બીજું નિમિત્ત છે. કાર્યસિદ્ધિમાં ઉપાદાન અને નિમિત્ત - એમ બંનેની ઉપયોગીતા એક સાથે રહેલી છે.

'ધર્મ' એટલે કર્તવ્યબુદ્ધિ થતું કર્મ.
તેની પ્રેરણા તત્ત્વજ્ઞાનથી મળે છે.

અહિંસા, સંયમ, તપ, ભક્તિ, સેવા, કરુણા વગેરે
કર્તવ્ય કર્મ કરવાની પ્રેરણા

'પરસ્પરોપગ્રહોજીવાનાં |' અને 'ઉપયોગોલક્ષણમ્ |' એ સૂત્રોમાં ઉપદેશેલ તત્ત્વજ્ઞાનથી મળે છે, જેમાં એક સૂત્ર વ્યવહારનયને - બીજું નિશ્ચયનયને જણાવે છે.

નિશ્ચયથી આત્માના ઉપયોગને શુદ્ધ કરવા માટે વ્યવહારથી જીવો સાથે મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્યપૂર્ણ વર્તન કરવું આવશ્યક છે.

ઉપયોગ લક્ષણાદિ અનેકત્વ સિદ્ધ થયું હોવાથી
એકત્વની સિદ્ધિ માટે એકમાં અનેક અને
અનેકમાં એકને જોતાં શીખવું જોઈએ,
આ દૃષ્ટિ સ્યાદ્વાદદૃષ્ટિ છે અને એકત્વપોષક છે.
જે રીતે અનેકમાં એકને જોવાથી એકત્વ સિદ્ધ થાય છે,
તે રીતે એકમાં અનેક જોવાથી પણ એકત્વની સિદ્ધિ થાય છે.
નિશ્ચયનયનું સાપેક્ષ અવલંબન અનેકમાં એક જોવાની
દૃષ્ટિ આપે છે અને વ્યવહારનું સાપેક્ષ અવલંબન
એકમાં અનેકને જોવાની દૃષ્ટિ આપે છે.
ક્રિયા કાળે એકત્વની સિદ્ધિ માટે વ્યવહારનયની દૃષ્ટિ
ઉપકારી છે અને ધ્યાન કાળે નિશ્ચયનયની દૃષ્ટિ
એકત્વની સિદ્ધિ કરવામાં સહાયક થાય છે.
નિશ્ચયનય કહે છે કે:
'અનેક વ્યક્તિમાં એક જાત રહેલી છે.'
વ્યવહારનય કહે છે કે:
'એક જાતિમાં અનેક પ્રકારની વ્યક્તિઓ રહેલી છે.'
'અરિહંતો' એ આદર્શ છે, કારણ કે તેમણે રાગ-દ્વેષરૂપી
આંતરિક શત્રુઓ ઉપર વિજય મેળવ્યો છે. તેમનું
આદર્શ સ્વરૂપ 'ધર્મકાય' અવસ્થાને સૂચવે છે.

'અરિહંતો' એ ધર્મના આદ્ય ઉપદેશકો છે, કેમકે તેમણે ઘાતીકર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાન મેળવ્યું છે, તેમાં સૌથી પ્રધાન કાર્ય ધર્મતીર્થ સ્થાપવાનું કર્યું છે. 'ધર્મતીર્થ' એટલે સંસારસાગર તરવા માટેનો માર્ગ.

તે માર્ગ અરિહંત પરમાત્માએ દર્શાવ્યો છે. ધર્મદેશના દ્વારા માર્ગદેશક હોવાથી તેઓ ઉપકારક છે. ઉપદેશ તેમની 'કર્મકાય' અવસ્થાને સૂચવે છે.

'અરિહંતો' નામાદિ વડે આલંબન રૂપ છે. ચાર આલંબનો: જિનના નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ ભવસાગર તરવાનાં આલંબનો છે. જેમ ઉપદેશ વડે પ્રભુ તારનારા છે, તેમ નામાદિ વડે પણ પ્રભુ તારનારા છે. આ તેમની 'તત્ત્વકાય' અવસ્થાને સૂચવે છે. પ્રભુ તરેલા હોવાથી જિનના દ્રવ્યાદિ તારનારા બને છે. આમ આદર્શ, ઉપદેશ અને આલંબન અનુક્રમે પ્રભુની ધર્મકાય, કર્મકાય અને તત્ત્વકાય અવસ્થાને સૂચવે છે તથા તેને જ 'અરિહંત', 'અરહંત', 'અરૂહંત' શબ્દથી કે પિંડસ્થ, પદસ્થ, રૂપાતીત અવસ્થાથી સંબોધવામાં આવે છે.

પિંડસ્થ - ધર્મકાય - આદર્શ.

પદસ્થ - કર્મકાય - ઉપદેશ.

રૂપાતીત - તત્ત્વકાય - આલંબન.

## ક્ષમા માંગવી એટલે શું ?

ક્ષમા માંગવી એટલે બગડેલા સંબંધોને સુધારવા.
પરમાત્મા પ્રત્યે અને પરજીવો પ્રત્યે
જે કાંઈ અપરાધ કર્યા હોય, તેની ક્ષમા માંગવી અને તે અપરાધોને સ્વીકારી, ભૂલી જવા માટે પ્રાર્થના કરવી.

## દોષો અને ગુણોને જોવાની દૃષ્ટિ

બીજાના દોષો અને પોતાના ગુણો કર્મજન્ય પર્યાય દૃષ્ટિએ - નિશ્ચય દૃષ્ટિએ જોવા. બીજાના ગુણો અને પોતાના દોષો વ્યવહાર દૃષ્ટિએ જોવા. વ્યવહાર દૃષ્ટિએ એટલે બીજાના ગુણોને પ્રમોદભાવથી અને પોતાના દોષોને ભેદબુદ્ધિથી દૂર કરવાની દૃષ્ટિએ જોવા. બીજાના દોષોને વ્યવહાર દૃષ્ટિથી જોવામાં અણગમો ઉત્પન્ન થાય છે, પોતાના ગુણોને વ્યવહાર દૃષ્ટિએ જોવાથી અભિમાન પોષાય છે.

સમતા જગદ્ધિતવૃત્તી સમાપત્તી । અર્થાત્: જગતના સૌ જીવોનું હિત કરવાની વૃત્તિ, તે સમતા - સમાપત્તિ છે.
પરદુ:ખપ્રહાણેચ્છા દયા । પરપાપપ્રહાણેચ્છા ક્ષમા ।
અર્થાત્: બીજાના દુ:ખને દૂર કરવાની ઇચ્છા તે દયા, બીજાના પાપને દૂર કરવાની ઇચ્છા તે ક્ષમા.

## ક્ષમાપનાનું તાત્પર્ય

પોતાના અપરાધની ક્ષમા માંગો અને

પોતાના ઉપકારને ભૂલી જાઓ. પોતે બીજાના કરેલા અપકારની માફી માંગવી અને પોતે બીજા ઉપર કરેલા ઉપકારોને ભૂલી જવા, તે જ ક્ષમાપનાનું તાત્પર્ય છે. ક્ષમા આપનારો જ ક્ષમા મેળવવાનો અધિકારી છે.

o

## Forgive and Forget

Forgive = ક્ષમા માંગવી, Forget = ઉપકારને ભૂલવો.
The term 'forgive' means to give for, to give good in return for what seems evil, to restore right relationships between ourselves and others, between ourselves and God.
Forgive our debts as we also have forgiven our debtors.
give pardon for my evil towards you and forget it always. I also give for your evil towards me & I forget it for all.

ચિંતામણિ અને કલ્પવૃક્ષ Dt. 25/8/70

જાચે સુરતરૂ દેત સુખ, ચિંતે ચિંતામણિ રત્ન;
જિન જાચે જિન ચિન્તવે, ધર્મ સકલ સુખ યત્ન ...(૧)

ધર્મમાં યત્ન કરવાથી બધાં પ્રકારનાં સુખ
યાચ્યા અને ચિન્તવ્યા વિના મળે છે.

કલ્પવૃક્ષ તથા ચિંતામણિરત્ન ચિન્તવવાથી આપે, જ્યારે ધર્મ તો વગર યાચે - વગર ચિન્તવે આપે છે, તેથી કલ્પવૃક્ષ તથા ચિંતામણિથી પણ ધર્મ અધિક છે, માટે તેને વિષે પ્રમાદ છોડીને પ્રયત્ન કરવો જોઈએ.

સર્વનો ઉપકાર - શિવમસ્તુ સર્વ જગતઃ ।

આ ભાવના જગતના સર્વ જીવોનું કલ્યાણ ઈચ્છે છે. એ ભાવના ભાવનારનું કલ્યાણ અવશ્ય થાય છે. તેમાં જગતના સર્વ જીવો નિમિત્ત - કારણ બને છે. નિમિત્ત રૂપે સર્વ જીવો ભાવના કરનારના અંગે ઉપકારી બને છે. ભાવના કરનાર જગતના જીવોનો સંદિગ્ધ ઉપકાર કરે છે પણ જે જીવોવિષયક ભાવના કરવામાં આવે છે, તે જીવો તો ભાવના કરનારના અસંદિગ્ધપણે ઉપકારી બને છે. આમ તે પ્રત્યેક જીવને સર્વ જીવો ઉપકારી છે, એ નિરૂપણ સત્ય ઠરે છે.

## દૈવ અને પુરુષકાર

આંખની દવા = ઈશ્વરપ્રાપ્તિ, પેટની દવા = શરીરસુખ. ઈશ્વરપ્રાપ્તિ માટેનો પુરુષાર્થ છોડી દેવો, તે ખાવાની દવા આંખે લગાડવા જેવું છે. આત્મહિતમાં પુરુષાર્થ તથા દેહચિન્તામાં દૈવ મુખ્ય છે. દેહચિંતામાં પુરુષાર્થ કરવો અને આત્મહિતને દૈવના આધાર ઉપર રાખવું, તે વિપરીત ચેષ્ટા છે. દેહને દૈવ ઉપર છોડવો અને આત્મહિતને પુરુષાર્થનો વિષય બનાવવો, તે પેટની દવા પેટમાં અને આંખની દવા આંખમાં આંજવા બરાબર છે.

अप्पा चेव दमेयव्वो, अप्पा हु खलु दुद्दमो ।
अप्पा दंतो सुही होइ, अस्सिं लोए परत्थ य ॥

(ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

Perspective = એક જાતની દૂરની દૃષ્ટિ, જેમાં સંપૂર્ણતાનો, સમગ્રતાનો કે સમન્વયનો અનુભવ થાય છે. જેથી જે કોઈ દૃશ્ય નજરે પડે છે, તે સુંદર દેખાય છે.

Tolerance and compromiseમાં શું ફેર છે?

ઔદાર્ય અને સમાધાન વચ્ચે ઘણો ફેર છે.

૦ કંચન એટલે કષાય અને કામિની એટલે વિષય. કંચન કષાયની - કામિની વિષયની ઉત્પત્તિમાં હેતુ છે.

## નમ્રતા - સાધકનો સાચો શણગાર

વૈરાગ્યની સાધના એટલે જીવનની સંપૂર્ણતાની ઝાંખી કરાવનાર કેળવણી, તેમાં નમ્રતાનું સ્થાન પ્રથમ છે. દરેક પ્રકારની દુષ્ટતાનો નાશ પ્રેમથી થાય છે. આત્મજ્ઞાનરૂપી તીર્થસ્થાનમાં સ્નાન કરવાથી વિષય-કષાયનો મેલ ધોવાય છે.

### જીવનના ચાર ભાગ

બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યસ્ત.

### દિવસના ચાર ભાગ

છ કલાક નિદ્રા, છ કલાક વ્યાપાર,
છ કલાક આહાર - વિહાર અને છ કલાક ધર્મધ્યાન.

પરમાત્મ પદ પામવા માટે મુખ્ય ગુણ કોઈ હોય, તો તે બ્રહ્મચર્ય છે. રોગ શરીરને પીડે છે, આત્માને નહિ. અગ્નિ ઘરને બાળે છે, ઘરના આકાશને નહિ. પોતાનું ઉર્ધ્વીકરણ એ ધર્મ છે, જીવો પ્રત્યે કરૂણા અને પ્રેમથી વર્તવું એ ધર્મ છે. સ્યાદ્વાદ એ સમાધિનો માર્ગ છે. સમતા સામાયિકને સાધવા સ્યાદ્વાદપરિણતિ જરૂરી છે. એકાંતવાદ એ સાચી સમાધિમાં ભંગ કરનાર છે.

o

Charity is the best bank. Wish for others that you want for yourself.

શ્રુતસામાયિકનું સાધ્ય

૧૪ પૂર્વનું જ્ઞાન = To know.

સમકીત સામાયિકનું સાધ્ય

૧૪ રાજલોકનું દર્શન = To feel.

વિરતિ સામાયિકનું સાધ્ય

૧૪ ગુણસ્થાનકનું આરોહણ = To become.

જ્ઞાન - દર્શન - ચારિત્ર એટલે...

અનુક્રમે ૧૪ પૂર્વનું જ્ઞાન, ૧૪ રાજલોકનું દર્શન

અને ૧૪ ગુણસ્થાનકોનું આરોહણ.

એ ત્રણેયની આરાધનાથી ધ્યાનયોગ સમાધિ છે.

ઈશ્વર સર્જન કરતો છે.

જગતમાં જુદાં જુદાં રૂપો ઈશ્વરનાં જ બનેલાં છે.
જે પ્રમાણે એક જ રંગોથી - એક જ પીંછીથી - એક જ
ચિત્રકાર - એક જ ભીંત ઉપર જૂદા જૂદા ચિત્રો કાઢે છે,
જેવા કે ગાય, વાઘ, મનુષ્ય, વાંદરો, ફૂલઝાડ, માછલી વગેરે.
બધાના આકાર જૂદા પણ મૂળ વસ્તુ એક જ છે,
વિવિધતાવાળું આ આખું વિશ્વ એક જ તત્વનું બનેલું છે.

- Muktanand

o

Oblige even those who curse you.

આધ્યાત્મિક જ્ઞાનનો સાર એટલે Similarity of substance and Sameness of purpose.

સર્વ જીવોનું સ્વરૂપ આત્મતુલ્ય છે.

સર્વનું પ્રયોજન દુઃખક્ષય અને સુખપ્રેમ છે.

First thought, then feelings.

જ્ઞાન વિશેષને સ્પર્શે છે, દર્શન સામાન્યનો બોધ છે, શ્રુતનું સાર્થક્ય સમ્યક્ત્વ છે. સમ્યક્ત્વહીન શ્રુત એટલે sealed packets of words, words & words.

Feeling is the perception of relation between one another.

સમકીત સામાયિક એટલે જીવત્વનું બહુમાન.

આત્માને જાણવો = પ્રત્યેકમાં રહેલ આત્મત્વને પિછાનવું.

શ્રુત એ દ્રવ્યાનુયોગ છે, સમકીત એ ગણિતાનુયોગ છે.

સર્વ જીવો સમ સાથે

કેટલો, કેવો અને કયો સંબંધ ધરાવે છે?

એ ગણિત સમજાય પછી જ સર્વ માટેનો ભાવ સ્પર્શે છે. જે સર્વ જીવોને જ્ઞાનથી તુલ્ય જાણીએ, ભાવથી તુલ્ય જોઈએ, તે સર્વ જીવોની વિરાધનામાંથી બચવા અને તેમને આરાધનામાં સહાયક થવા સર્વવિરતિ સામાયિક છે.

# <u>વિરતિ - વિરાગ</u>

વિરતિ = વિશિષ્ટ કોટિની રતિ, વિશિષ્ટ પ્રકારનો પ્રેમનો સંબંધ. આ પ્રેમ અને વિરાગ એ બન્ને ભાવ વિરોધી નથી, વ્યક્તિગત સ્વાર્થભાવથી ભરેલા પ્રેમનું

*sublimation* વિરાગ ભાવમાં છે.

<u>વિરાગ એ વિશિષ્ટ પ્રકારનો પ્રેમભાવ છે અને વિરતિ એ પ્રેમભાવમાંથી પ્રકટ થતો શુભ આચાર છે.</u>

વિરાગ કે વિરતિમાં પ્રેમનો અભાવ નહિ પણ પૂર્ણ પ્રેમનો આવિર્ભાવ છે, પ્રેમનો પૂર્ણ ભાવ છે. વિરાગ અથવા વિરતિમાં જેમના ઉપર પ્રેમ છે, તેમને સ્વાર્થી ગણી તિરસ્કાર કરવાનો નથી, પરન્તુ તેમના પ્રત્યેથી પોતાના સ્વાર્થનો ત્યાગ કરવાનો છે. સ્વાર્થનો ત્યાગ કરવાથી તેમને દુઃખ આપતાં અટકીને સાચું સુખ આપવા સર્વ શક્તિ વડે પ્રયત્ન કરવાનો છે. વિશિષ્ટ પ્રેમમાં વિવેક છે, તેથી મોહનો અભાવ છે. સ્વાર્થભાવથી ભરેલા પ્રેમમાં મોહ છે, પરાર્થભાવભર્યા પ્રેમમાં મોહના સ્થાને વિવેક છે. નિઃસ્વાર્થ હોવાથી તે પ્રેમ વિશિષ્ટ ગણાય છે. ભાવપૂર્વકનો વિચાર તે સજીવન છે.

o

*Thought with the feelings is living.*

ગણિતાનુયોગ પૂર્વકનો દ્રવ્યાનુયોગ સાર્થક છે.
દર્શનનો વિષય સામાન્ય છે, જ્ઞાનનો વિષય વિશેષ છે.
objectively અને Subjectively જ્ઞાનને Thoughts અને દર્શનને Feelings ઇત્યાદિ છે.
જ્ઞાનનો ઉદ્દેશ ચિત્તની વિશુદ્ધિ છે. સ્વાર્થના વિચારથી ચિત્ત અશુદ્ધ બને છે અને પરાર્થના વિચાર વડે ચિત્તશુદ્ધિ પ્રકટે છે. અહંભાવથી ચિત્ત અશુદ્ધ બને છે, કેમકે તેમાં 'હું' પ્રધાન છે. નમોભાવથી ચિત્ત વિશુદ્ધ બને છે, કેમકે તેમાં 'તું' પ્રધાન છે. અહંભાવને સ્વાર્થ અને નમોભાવને પરાર્થ સાથે સંબંધ છે.

સમ્યગ્જ્ઞાન એ Knowing છે,
સમ્યગ્દર્શન એ understanding છે.
knowledge of similarity and sameness becomes understanding of sameness and similarity.
Understanding means acceptance.

જગતના સર્વ જીવો આત્મદ્રવ્યની અપેક્ષાએ તુલ્ય છે, આત્મગુણની અપેક્ષાએ એક છે. સર્વ જીવો સુખને ઇચ્છે છે. વિશ્વ વ્યવસ્થા પણ સર્વ જીવોને સુખ થાય, તે રીતે ચાલી રહી છે.

Cosmic order is helpful to the
happiness of all.

સમજણ વડે જ સ્વાર્થ લાભ પૂરકરે છે.

A state of consciousness at-one-ment
with the cosmic order is આત્મિક સામાયિક.

કુદરતી cosmic orderનું,
સમકાલીનથી cosmic evolutionનું અને
આત્મિકથી cosmic disciplinesનું ભાન થાય છે.
It is direct participatory in birth.
કોઈપણ જીવ absolutely isolated unit નથી.
સર્વ જીવો પરસ્પર સાથે સંકળાયેલા છે. સ્યાદ્વાદ
માત્ર higher logic નથી, કિન્તુ law of
relationshipનું દર્શન છે. સ્યાદ્વાદ ન્યાય સર્વ
સર્વને ન્યાય આપનાર, સર્વનું સત્ય કબૂલ રાખનાર છે.
અહિંસાનું Positive સ્વરૂપ = સર્વના સુખનો વિચાર.
અહિંસાનું Negative સ્વરૂપ = કોઈને દુઃખ ન આપવું.
અહિંસાનું positive + negative સ્વરૂપ એટલે
સર્વના સત્યને આવકારવું.

o

Compassion is another name of love.

malice towards none, love towards all.
Ideals coming into the world become idols within a short time, only the man attending the temple changes the idol again back into the ideal.
Law of cosmic obligation results in the law of human Sacrifice - ટાગોર.
Compassion is the basis of religion.
The path to realisation starts from compassion. Its feeling for each jive becomes naturally inevitable.

Above all other relations,
a compassionate man recognises the universal brotherhood of all living beings.

Faith is to believe on the word of God, what we do not see and its reward is to see and enjoy what we believe.

## લિંગ અને પ્રમાણ

'લિંગ' તેને કહેવાય કે જે લક્ષ્યને છોડી અન્યત્રમાં ન રહે. 'પ્રમાણ' તે કહેવાય કે જે અન્ય પ્રમાણથી અનધિગત અને અબાધિત એવા અર્થનું જ્ઞાન કરાવે. કોઈપણ વસ્તુની સિદ્ધિ માટે આ બંનેની આવશ્યકતા છે. પ્રમાણ પ્રમાતામાં રહીને વસ્તુની ઓળખાણ કરાવે છે, લિંગ લક્ષ્ય વસ્તુમાં રહીને અન્યથી ભેદને બતાવે છે. દા.ત. આંખરૂપી પ્રમાણ મનુષ્યની પાસે રહે છે તથા 'ગળામાં ગોદડીનું હોવું' એ લિંગ ગાયના શરીરમાં રહે છે. તત્ત્વમસિ | મહાવાક્યજન્ય વૃત્તિ મનુષ્યના અંતઃકરણમાં અને 'સત્યં જ્ઞાનમનન્તં બ્રહ્મ |' લિંગ બ્રહ્મમાં રહે છે.

### (૧) ચાર્વાકના મતે ધર્મનું લિંગ

ચાર્વાકના મતમાં દેહાતિરિક્ત આત્માનું અસ્તિત્વ નથી અને પ્રત્યક્ષથી અતિરિક્ત કોઈ પ્રમાણ નથી.

પુનર્જન્મવાદી અને પરલોકવાદી જે અર્થમાં 'ધર્મ' શબ્દને કહે છે, તે ચાર્વાક મતને માન્ય નથી. લૌકિક જીવનમાં અર્થસંગ્રહ, ભોગસુખ, સત્તા, વૈભવ, યશ-કીર્તિ આદિ પ્રાપ્ત કરવા તે જ કર્મમાત્રનું લક્ષ્ય છે. સ્વાર્થને છોડીને ઉચ્ચ કાર્ય કરવામાં આવે, તો પણ

તેનો ઉદ્દેશ ઇહલૌકિક હોય છે. લૌકિક કર્મનો ઉદ્દેશ આ જન્મ પૂરતો હોય છે. 'ધર્મ પણ આ જન્મના સુખનું સાધન છે' એવી માન્યતાથી અંધવિશ્વાસ, ભય, પરાવલંબન, જૂઠી આશા વગેરે છૂટી જાય છે.

ચાર્વાક કહે છે કે: જે કર્મથી વ્યક્તિનો લૌકિક ઉત્કર્ષ સિદ્ધ થાય, તે 'ધર્મ' છે.

(2) જૈન દર્શનના મતે ધર્મનું લક્ષણ

જૈન દર્શનના મતે પુણ્યોપાર્જન અને કર્મનિર્જરા- જે ક્રિયાથી થાય, તે 'ધર્મ' છે.

તેને શુભાસ્રવ - સંવર - નિર્જરા શબ્દથી સંબોધે છે.

(3) બૌદ્ધ દર્શનના મતે ધર્મનું લક્ષણ

સર્વં દુઃખં, ક્ષણિકં, સ્વલક્ષણં, શૂન્યં ।

આ ચાર સત્યને અનુકૂળ વિચારધારા પ્રવાહિત બને, ત્યારે તે બૌદ્ધ મતે 'ધર્મ' છે.

બૌદ્ધ મતમાં સર્વ વસ્તુ ક્ષણિક છે અને અંતે જ્યારે સર્વનો ઉચ્છેદ - શૂન્યતા થાય, તે નિર્વાણ છે. નિર્વાણ પ્રાપ્તિના હેતુ ઉપાય રૂપે વ્યવહારમાં અહિંસાદિનું પાલન તે ધર્મ છે. અહિંસાના સાધન રૂપે મૈત્રી - મુદિતા તથા કરુણાદિ પણ ધર્મ છે.

(૪) <u>ન્યાય દર્શનના મતે ધર્મનું લક્ષણ</u>

ધર્મ આત્માનો વિશેષ ગુણ છે.

વિહિત કર્મ અથવા શુભ પ્રવૃત્તિથી તે ઉત્પન્ન થાય છે.

તેને અદૃષ્ટ - અપૂર્વ આદિ શબ્દથી કહે છે.

રાગ-દ્વેષ અને મોહ એ બંધન છે.

તે જીવને અંધ બનાવે છે, એ ત્રણ બંધનથી બચીને

મન, વચન, કાયાથી જે કર્મ કરવામાં આવે તે ધર્મ છે.

વૃત્તિનું 'આત્મસાક્ષાત્', 'અંતર્મુખપણું' તે ઉત્કૃષ્ટ ધર્મ છે.

(૫) <u>વૈશેષિક દર્શનના મતે ધર્મનું લક્ષણ</u>

યતોऽભ્યુદયનિઃશ્રેયસપ્રાપ્તિઃ સ ધર્મઃ । અક્ષિરઃ

જેનાથી સ્વર્ગ અને મોક્ષ પ્રાપ્ત થાય, તે ધર્મ.

ધર્માત્મા પુરુષ સંયમ દ્વારા કામભોગની વૃત્તિને

નિયમમાં રાખી શરીર - મનને સ્વસ્થ રાખી શકે છે.

(૬) <u>સાંખ્ય દર્શનના મતે ધર્મનું લક્ષણ</u>

સત્કર્મજન્ય અંતઃકરણની એક વિશેષ વૃત્તિ, તે ધર્મ.

આત્મા અસંગ છે, કિન્તુ અવિવેકના કારણે

પ્રાકૃત પદાર્થોમાં 'અહં' - 'મમ' બુદ્ધિ કરીને બંધાય છે.

વિવેકખ્યાતિથી મુક્તિ મળે છે.

વિવેકનો ઉદય સત્ત્વગુણની સ્થિતિમાં થાય છે.

પ્રકૃતિના ધર્મોથી વિરક્ત બની પોતાના સ્વરૂપબોધને
અનુકૂળ અંતઃકરણની વૃત્તિ જેનાથી નિષ્પન્ન થાય,
તે પ્રવૃત્તિનું નામ 'ધર્મ' છે.

## (૭) યોગદર્શનના મતે ધર્મનું લક્ષણ

વૃત્તિને ક્લેશાનુવેધથી બચાવી સમાધિયુક્ત કરવી અને
પુરુષને નિરોધોન્મુખ કરીને સ્વરૂપ અવસ્થિત કરવો,
તે જે કર્મથી થાય, તે 'ધર્મ' છે. યોગદર્શનના મતમાં
મન જ બંધ અને મન જ મોક્ષનું કારણ છે.
કર્મોના બધા સંસ્કાર અંતઃકરણમાં એકત્રિત થાય છે.
વૃત્તિઓ બે પ્રકારની હોય છે: ક્લિષ્ટ અને અક્લિષ્ટ
તથા ક્લેશ પાંચ પ્રકારના છે.
યમ - નિયમાદિ સાધન અક્લિષ્ટ વૃત્તિના પોષક છે અને
પુરુષ જ્યોતિ - કૈવલ્યને અનુરૂપ છે.
એ રીતે નિરોધાનુકૂળ અનુષ્ઠેય કર્મ, તે 'ધર્મ' છે.

## (૮) પૂર્વમીમાંસા દર્શનના મતે ધર્મનું લક્ષણ

પૂર્વમીમાંસા દર્શનના પ્રરૂપક જૈમિનિના મતે વેદોક્ત
યાગાદિ ક્રિયાકલાપ તે 'ધર્મ' છે, તેથી અપૂર્વની ઉત્પત્તિ
થાય છે. કર્મનું અનુષ્ઠાન અને ફલપ્રાપ્તિની વચ્ચે
જે વ્યવધાન છે, તે અપૂર્વથી સંધાય છે.

## (૯) વેદાંત દર્શનના મતે ધર્મનું લક્ષણ

વેદાંત દર્શનના પ્રરૂપક વેદવ્યાસના મતે
અંતઃકરણની શુદ્ધિનું સાધક કર્મ, તે 'ધર્મ' છે.
ધર્મજિજ્ઞાસાથી ઉચ્છૃંખલ કર્મ ઉપર નિયંત્રણ મૂકાય છે
અને વાસનાઓ મર્યાદિત બને છે.
વેદવચનની શ્રદ્ધા, કર્તવ્યાકર્તવ્યની મીમાંસા,
દેહાતિરિક્ત આત્માનું ધ્યાન, ફલપ્રદાતા ઈશ્વર,
નિષ્કામ અનુષ્ઠાન વગેરે ધર્મના સાધન છે.
વિવેકથી જાગરૂકતા અને વૈરાગ્યથી નિષ્કામતા આવે છે,
તેથી શુદ્ધિ ઉત્પન્ન થાય છે.
લોકહિતકારી કર્મને પણ 'ધર્મ' કહે છે.
વિહિત કર્મનું અનુષ્ઠાન અને
નિષિદ્ધ કર્મનો ત્યાગ લોકહિતકર બને છે.

## (૧૦) મનુસ્મૃતિના મતે ધર્મનું લક્ષણ

ધૃતિ, ક્ષમા, દમ, અસ્તેય, શૌચ,
ઇંદ્રિયનિગ્રહ, ધી, વિદ્યા, સત્ય અને અક્રોધ-
એ દશ પ્રકારનો 'ધર્મ' છે.

धृतिः क्षमा दमोऽस्तेयं शौचमिन्द्रियनिग्रहः ।
धीर्विद्या सत्यमक्रोधो दशकं धर्मलक्षणम् ॥

-મનુસ્મૃતિ-૬-૯૨

## દસ પ્રકારના ધર્મની વ્યાખ્યા

(1) ધૃતિ = આપત્તિમાં ધૈર્ય - નિશ્ચલતા, અનુદ્વેગ, અસ્ખલના, કર્તવ્યપાલનમાં દૃઢતા ઈત્યાદિ.

(2) ક્ષમા = બીજાના અપરાધને સહી લેવા, દ્વન્દ્વ સહિષ્ણુતા, અપકારી પ્રત્યે અપકાર ન કરવો. કારણ ઉપસ્થિત થવા છતાં ય ક્રોધ ન કરવો, અપમાન સહન કરવું.

(3) દમ = વિકારના કારણ આવે ત્યારે પણ મનને નિર્વિકાર રાખવું, અકાર્યમાં જતાં પોતાના મનને રોકવું.

(4) અસ્તેય = બીજાની વસ્તુમાં જરાય સ્પૃહા ન કરવી. અન્યાયથી પરધનનું ગ્રહણ ન કરવું, પરદ્રવ્યને ન લેવું.

(5) શૌચ = બાહ્યાંતર પવિત્રતા પાળવી. બાહ્ય પવિત્રતા સ્નાનાદિથી પળાય, આંતર પવિત્રતા મૈત્ર્યાદિથી પળાય છે.

(6) ઈંદ્રિયનિગ્રહ = શ્રોત્રાદિ - નેત્રાદિ પાંચે ઈંદ્રિયોને પોતપોતાના વિષયોથી અલગ રાખવી, જિતેન્દ્રિય થવું.

(7) ધી - હ્રી = ધી = સારી રીતે સમજવું, સંશય દૂર કરવા શાસ્ત્રના તાત્પર્યને ગ્રહણ કરવું, આત્મોપાસના, બુદ્ધિની અપ્રતિહતતા. હ્રી = લજ્જા, અકાર્યથી નિવૃત્ત થવું, નિષિદ્ધ કર્મ કરતાં લજ્જા આવવી, અકર્તવ્યથી સ્વને બચાવી લેવો.

(8) વિદ્યા = આત્માનાત્માનો વિચાર, બહુશ્રુતપણું, આત્મોપાસના કરવી.

(9) <u>સત્ય</u> = મિથ્યા અને અહિતકર વચન ન બોલવું.
પોતાના જ્ઞાનાનુસાર સત્ય બોલવું.

(10) <u>અક્રોધ</u> = ક્ષમા કરવા છતાં કોઈ અપકાર કરે તો પણ ક્રોધ ન કરવો. ઉત્પન્ન થાય તો તેને રોકવો, પોતાથી વિરુદ્ધ વર્તાવ કરનાર પ્રત્યે ચિત્તમાં નિર્વિકાર રહેવું.

(૧૧) **મહાભારતના મતે ધર્મનું લક્ષણ**

મહાભારતના મતે યોગક્ષેમ - ધારણાપોષણાદિ કરે તે ધર્મ. પ્રાપ્ત મનુષ્યત્વની રક્ષા અને અપ્રાપ્ત પરમેશ્વરની પ્રાપ્તિ જે વડે થાય, તે ધર્મ. ધર્મ પ્રાણીમાત્રનું રક્ષણ કરે છે.

ધારણાદ્ ધર્મ ઇત્યાહુઃ ધર્મો ધારયતે પ્રજાઃ ।
યસ્માદ્ ધારણસંયુક્તં સ ધર્મ ઇતિ નિશ્ચયઃ ॥(પરિશિષ્ટ-૨)

(૧૨) **ભારદ્વાજના મતે ધર્મનું લક્ષણ**

જે કર્મથી તમોગુણનો હ્રાસ અને સત્ત્વગુણનો પ્રકાશ થાય, તે કર્મ ધર્મ છે. રજોગુણ વાસનાને રંગે છે અને તમોગુણ આલસ્ય - નિદ્રા - પ્રમાદાદિને વધારે છે, તેથી મનુષ્ય જડ-મૂઢ બને છે. રજોગુણી કર્મ ઉપર શાસ્ત્ર અને ગુર્વાદિનો અંકુશ મૂકવામાં આવે, તો મૂઢતાથી મુક્ત કરે છે. સત્ત્વગુણથી વૃદ્ધિના બે લક્ષણ છે:
પ્રકાશ અને અનાસક્તિ.

## (૨૩) યાજ્ઞવલ્ક્યના મતે ધર્મનું લક્ષણ

યોગ દ્વારા આત્મદર્શન એ પરમ ધર્મ છે. તેનાં સાધન યજ્ઞ, સદાચાર, દમ, અહિંસા, દાન, સ્વાધ્યાય આદિ જ્યારે દેશ-કાળ સાપેક્ષ હોય, ત્યારે ધર્મ બને છે. તેનાં સાધન પ્રણવજપ, શાસ્ત્રપાઠ, ચિત્તશાંતિ, આત્મલાભ માટે આવશ્યક એવા અનુષ્ઠાનોનો અંગીકાર અને અનાવશ્યક એવા અનુષ્ઠાનોનો અવસરે ત્યાગ.

## (૨૪) ઇતિહાસવિદ્ આચાર્યોના મતે ધર્મનું લક્ષણ

પરંપરાગત સદાચાર તે ધર્મ. દેશ, કાળ, જાતિ, સંપ્રદાય આદિ ભેદે પણ આચારભેદ ન થવો જોઈએ. સંસર્ગ દોષ, ભૌગોલિક દોષ, પરિસ્થિતિ ભેદથી આચારમાં ભેદ ન થવા દેવો. પરંપરાગત સદાચારને જાળવી રાખવો.

'આચારપ્રભવો ધર્મઃ ।' 'આચારઃ પ્રથમો ધર્મઃ ।'

'આચારઃ પરમો ધર્મઃ ।'

સદાચારમાં દૃઢ રહેવું, કદાચારનું અનુસરણ કદી પણ ન કરવું. શાસ્ત્રાર્થમાં વિવાદ હોઈ શકે પણ સદાચાર સર્વમાન્ય છે.

## (૨૫) દેવર્ષિ નારદના મતે ધર્મનું લક્ષણ

મહાપુરુષની આજ્ઞાનું પાલન તે ધર્મ છે. મહાપુરુષ વેદ, શાસ્ત્ર, પુરાણ અને તેના સારને જાણે છે. પોતાના

અનુભવથી શાસ્ત્રના અર્થનો સાક્ષાત્કાર કર્યો હોય છે, તેથી તેમના વચનને અનુસરવું તે ધર્મ છે.

(૨૬) ભક્તિમાર્ગના મતે ધર્મનું લક્ષણ

'ભગવાન પ્રત્યે અર્પિત કર્મ તે ધર્મ છે' એમ અંગિરા ઋષિ કહે છે. ભગવત્ પ્રસન્નતાને માટે જે કર્મ કરવામાં આવે, તે ધર્મ છે. ભગવાન દ્વારા આદિષ્ટ ભગવત્પ્રાપ્તિનો ઉપાય: નામોચ્ચારણ, નામસ્મરણ, સર્વ કર્મ અર્પણ અને સર્વત્ર ભગવદ્ભાવ. ધર્મના પ્રણેતા સ્વયં ભગવાન છે. મોટા ઋષિમુનિઓ અને દેવેન્દ્રોને ધર્મનું રહસ્ય અજ્ઞાત છે. નામોચ્ચારણ આદિ દ્વારા ભગવાન પ્રત્યેનો ભક્તિયોગ એ પરમ ધર્મ છે. નામોચ્ચારણ એ મૃત સંજીવની છે. અન્ય પ્રાયશ્ચિતો એ ત્રિકટુ, લીંબાદિના સ્થાને છે. ભગવત્પ્રોક્ત અને ભગવત્પ્રાપક ઉપાય નામોચ્ચારણાદિ અત્યંત સુગમ અને સાર્વજનીન-સર્વને હિતકારી છે. એના સમાન ઈશ્વરની સાથે સંબંધ જોડવાવાળો અન્ય બીજો કોઈ જ ધર્મ નથી. ભગવાનમાં અહૈતુક - અપ્રતિહત ભક્તિ તે પરમ ધર્મ. ભગવત્કથામાં રતિ જેનાથી થાય, તે પરમ ધર્મજ્ઞાન છે.

ધર્મનું પરમ તાત્પર્ય ભગવાનમાં છે.

o श्रवणं कीर्तनं चास्य स्मरणं महतां गतेः ।
सेवेज्यावनतिर्दास्यं सख्यमात्मसमर्पणम् ॥१॥
o ईश्वरस्याभिमानद्वेषित्वात् दैन्यप्रियत्वाच्च ।
- नारद भक्तिसूत्र, २७ (परिशिष्ट-३)

(૨૯) શ્રી અખંડાનંદ સરસ્વતીના મતે ધર્મનું લક્ષણ

આત્મા અથવા પરમાત્મામાં સ્થિત કરાવનારો પરમ ધર્મ છે, તે યોગ અથવા ભક્તિ. આત્મા પરમાત્માના ઐક્યનો બોધ કોઈ ધર્મનું પરિણામ નથી. ધર્મ સંસ્કારથી તો કેવળ ચિત્તની નિવૃત્તિ માત્ર થાય છે. ઐક્યનો બોધ તો ચરમ અને પરમ પ્રમાણનો વિષય છે. ઇંદ્રિય અને મનના સંવેદનો ધર્મના પ્રેરક ન બની શકે, કેમકે તે પ્રાકૃતિક વિષય અને સંકીર્ણ સંસ્કારોથી મુક્ત નથી. ધર્મનું કાર્ય છે અંતઃકરણની શુદ્ધિ અને તે દ્વારા આત્માને પ્રકાશિત થવાના માર્ગમાં જે પ્રતિબંધક તત્ત્વો છે, તેને દૂર કરવાં, અંતઃકરણની અંદર જે મલિન વાસનાઓ છે, તેનો નિકાલ કરવો અને તેને - અંતઃકરણને એક વિશિષ્ટ આકારમાં પહોંચાડવું. એ માટે ધર્મની પ્રેરણા માટેનું સાધન શાસ્ત્ર છે કે જે અજ્ઞાતજ્ઞાપક, વાસના પ્રતિરોધક, શાસનાત્મક છે અને વાક્ ક્રિયાત્મક સ્રોતનું મૂળ છે.

વ્રત, નિયમ, આદાન, પ્રદાન, સ્નાન, પૂજનાદિ ક્રિયાઓને ધર્મ તો જ કહી શકાય કે જે વાસનાનુસાર નહિ પણ શાસનાનુસાર હોય. એ શાસનનું જે શાશ્વત ધાર્મિક સાર્વભૌમ રૂપ છે, તેને જ 'શાસ્ત્ર' કહેવાય છે,

જે શાસન કરે છે અને તે દ્વારા ત્રાણ કરે છે.

વાસનાનુસારિણી બુદ્ધિ બહિર્મુખ બનાવે છે,

શાસનાનુસારિણી બુદ્ધિ અંતર્મુખ કરે છે.

ધર્માનુશાસનને હૃદયંગમ કરવાનો પ્રયત્ન જ

મનુષ્યને સાચો ધાર્મિક બનવાની પ્રેરણા કરે છે.

- જુલાઈ ૧૯૭૦, કલ્યાણ, શ્રી અખંડાનંદ સરસ્વતી

૦ વાયુનો ધર્મ ગતિ, અગ્નિનો ધર્મ દાહ અને મનુષ્યનો ધર્મ મનુષ્યત્વ છે. આપણા મનુષ્ય શરીરમાં મજ્જાગત એક વિશેષતા છે, રક્તગત એક વાર્યવત્તા છે, ચિત્તગત એક સંસ્કાર છે, બુદ્ધિગત એક વિચારધારા છે,

સ્વભાવગત એક રસપ્રવાહ છે તથા

આત્મગત એક અનુભૂતિ - વ્યાવૃત્તિનો બોધ છે.

મનુષ્યના હૃદયમાં કામના-વાસના-તૃષ્ણાના બાદલ સ્વરૂપ-રૂપી પરમાત્માને ઢાંકી દે છે. જ્યારે તે કામના-તૃષ્ણા-વાસનાના વિચારોની ઉપર ઉઠે છે, ત્યારે મન આકાશની

એમ નિષ્ફળ બની જાય છે, ત્યારે સ્વરૂપનો પ્રકાશ દેખાય છે. વાસનાથી વિચાર અને વિચારથી વિચારનો તંતુ લંબાયા કરે છે. મન એક સમયમાં એક કામ કરે છે. વિચારોથી તાદાત્મ્ય જોડે કાં પરમાત્માથી તાદાત્મ્ય કરે. વિચારોથી તાદાત્મ્ય કરે, ત્યારે મન અહંકાર બને છે. પરમાત્મા સાથે જોડાય, ત્યારે વિચાર વિલીન થઈ જાય છે. આ પૃથ્વીમાં કઠોરતા, જળમાં તરલતા, અગ્નિમાં ઉષ્ણતા, હવામાં શીતતા, આકાશમાં શૂન્યતા લાવનાર કોણ છે? બીજમાંથી વૃક્ષ અને વૃક્ષમાંથી અનંત બીજ કોણ કરે છે? દૂધમાં ઘી, મેંદીમાં લાલી, રેકોર્ડમાં ગાયનની એમ પરમાત્મા સર્વત્ર વ્યાપ્ત છે. સાધારણ મનુષ્ય દૂધમાં દૂધ જુએ છે, જ્ઞાની - જેને દૂધથી પ્રયોજન છે, તે દૂધની અંદર રહેલ માખણને જુએ છે. બહારથી જોનારને મેંદીના લીલા પાંદડીઓ દેખાય છે, અનુભવીઓને તેમાં લાલી દેખાય છે. સાધારણ વ્યક્તિને જગત ઇચ્છા - કામના - તૃષ્ણાથી ભરપૂર રાગદ્વેષમૂલક સુખદુઃખનું સ્થાન લાગે, જેમાં થોડા દિવસ માટે જ મનુષ્ય જન્મે છે અને લક્ષ્યપ્રાપ્તિ વિના જીવનને ચાલ્યો જાય છે.

જ્ઞાનીને માટે જગત પરમાત્માનું રૂપ છે.

વ્યક્તિ - વ્યક્તિમાં અને પ્રકૃતિના પ્રત્યેક કાર્યમાં તે પ્રભુને જુએ છે, ચૈતન્યના વિલાસને નિરખે છે.

## તત્ત્વજ્ઞાનના મુખ્ય વિષયો

તત્ત્વજ્ઞાન, તે પ્રભુનું જ્ઞાન, આત્મજ્ઞાન. કર્મવિજ્ઞાન: સદ્‌ગતિ માટે શુભ કર્મ, પંચમી ગતિ માટે કર્મક્ષય. જન્મ - મરણ, પૂર્વજન્મ - પુનર્જન્મ, આત્મા, કર્મ, પ્રારબ્ધ, પુરુષાર્થ વગેરે તત્ત્વજ્ઞાનના મુખ્ય વિષયો છે. વસ્તુનો સ્વભાવ, તેનું નામ ધર્મ. આત્માના મૂળ ગુણ જ્ઞાન - દર્શન - ચારિત્ર - વીર્ય એ તેનો સ્વભાવ છે. તેને પ્રગટ કરવા પ્રયત્ન તે ધર્મ પુરુષાર્થ છે. ધર્મનું લક્ષણ કે આત્માનું ઉર્ધ્વીકરણ - એક જ વસ્તુ છે. આત્માને કર્મના યોગે જન્મ અને મરણ છે, તેમ અશુભ કર્મના યોગે પતન અને ઉત્થાન થાય છે. તેના કારણ તરીકે આસક્તિ અને અનાસક્તિ, વિલાસ અને વૈરાગ્ય રહેલાં છે. વિષયાસક્તિમાં કષાયનું સર્જન થાય છે. અનાસક્તિ - નિર્મોહવૃત્તિથી નિર્દોષતા, નિર્મળતા પ્રગટ થાય છે. શ્રદ્ધાના બળ, જ્ઞાનના તેજ અને ચારિત્રના બળ એ રત્નત્રયી છે અને તે જ આત્માની શક્તિ છે. તેને પ્રગટ કરવાનો ઉપાય સ્વદોષદર્શન

અને પરિગ્રહગ્રસ્ત છે. એના પરિણામે તેનામાં આત્મ-
સમર્પણ વૃત્તિ જાગે છે. તેમાંથી અહિંસા અને કરુણા,
શીલ અને સંયમ, દાન અને સેવા, સત્ય અને નીતિ,
સમભાવ અને વિવેક વગેરે દિવ્ય ગુણવૈભવ પ્રકટે છે.
વિચાર, વાણી અને વર્તનની એકરૂપતા પ્રગટવાથી
ચિત્ત પ્રસન્ન અને સમૃદ્ધ બની જાય છે. સત્તા અને
સંપત્તિના સમ્રાટો કરતાં પણ અકિંચન અને અહિંસક
સંતોની પ્રતિષ્ઠા જનગણમાં આ જ કારણે વધે છે.

## જીવનશુદ્ધિના બે પ્રકાર

આંતરિક રીતે ચિત્તશુદ્ધિ, બાહ્યસ્વરૂપે વ્યવહારશુદ્ધિ.
ચિત્તશુદ્ધિ માટે ક્ષમાપના અને પ્રતિક્રમણ
અને વ્યવહારશુદ્ધિ માટે ન્યાય અને નીતિ.

o 'અપ્પા સો પરમપ્પા ।' આત્મા એ જ પરમાત્મા.
શુદ્ધ આત્મા એ જ પરમાત્મા છે. સાધનાનું ધ્યેય આત્માને
પૂર્ણ શુદ્ધિ તરફ લઈ જવાનું છે. એનું સર્વોત્તમ સાધન
જીવનમાં સમતાની પ્રતિષ્ઠા. 'સમયાએ સમણો હોઇ ।'
સમતાથી સાચા જૈન શ્રમણ બની શકાય. સમતાની પ્રાપ્તિ
અહિંસા દ્વારા અને અહિંસાનું સાધન સંયમ અને તપ,
અહિંસાની પૂર્ણતા એટલે આત્માની પરિપૂર્ણ નિર્મળતા

અને એ જ આત્માનો પૂર્ણ સાક્ષાત્કાર. જૈન સાધના એટલે સમતા. અહિંસા, સંયમ અને તપ. દાન, શીલ, તપ, ભાવ, ત્યાગ, વૈરાગ્ય, તિતિક્ષા અને સંયમ. તેમાં મનને શાંત, સ્વસ્થ, શુદ્ધ અને સમભાવી બનાવવાનું ધ્યેય છે. ભૂલને માટે ક્ષમાપના, દોષને માટે પશ્ચાત્તાપ અને પાપને માટે પ્રતિક્રમણ - એ અહંકાર અને વેરભાવને મિટાવવાનાં સાધન છે. અહંકાર બાહુબલિની તથા વેર ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં કાનમાં સીસું રેડાવનાર શય્યાપાલકનું, વેર કાનમાં ખીલા ઠોકનાર ગોવાળીઆનું.

અહિંસા અને દયા, ધર્મની સૂક્ષ્મ

અને વ્યાપક દૃષ્ટિ 'આપણા કારણે કોઈપણ જીવને જરા પણ દુઃખ પહોંચવું ન જોઈએ' તેમાં સમાયેલ છે. કષાયોનું ઉપશમન એ જ શ્રામણ્યપણાનો સાર છે. રત્નત્રય, દાનાદિ ૪, જ્ઞાનાચારાદિ ૫, ક્ષમાદિ ૧૦ - આમ ધર્મનો જેટલો પણ વિસ્તાર છે, એ બધો કરુણાનો જ વિસ્તાર છે. નવકારનો સાર પણ કરુણા છે.

કરુણા તે આત્મસ્વરૂપ છે.

'जो उवसमइ तस्स अत्थि आराहणा । जो नोवसमइ तस्स नत्थि आराहणा । उवसमसारं खु सामण्णं ।'

તથા 'સમનં ઉપશમનં ।' (પરિશિષ્ટ-૪)

'સમસ્તજગદનુગ્રહપ્રવણં હિ ભગવતો
નિષ્કલમપિ રૂપમિતિ પરિભાવનીયમ્ ।' અહીંઃ
આખા જગત ઉપર ઉપકાર કરવામાં તત્પર ભગવાનનું
નિષ્કલ - કલારહિત સ્વરૂપ પણ વિચારવું જોઈએ.
કરુણા વિનાનો જીવાદિ તત્ત્વોનો સ્વીકાર યથાર્થ નથી.

કરુણાનો અભાવ એટલે આખા આત્મામાં રહેલ
જીવતત્ત્વનો ઈન્કાર કે અપલાપ, જે મહામોહનું મૂળ છે.
ગુણસ્થાનની શરૂઆત જ કરુણાથી છે. ગુણ = કરુણા.
તેના ચૌદ સ્થાનો છે. યોગનિરોધ વખતની કરુણા
એ લોકોત્તર અને સિદ્ધ અવસ્થાની ભૂમિકા છે.

કરુણાભાવનો અભાવ તે ભાવહિંસા છે.

બીજાના દુઃખને જોઈને જો એ દુઃખના સંવેદનરૂપ કરુણા
ન જાગે, તો એ નિષ્ઠુરતા છે. આવી નિષ્ઠુરતાને
ધારણ કરનાર ભાવથી સર્વ જીવોનો હિંસક છે.
જો કરુણા - પરદુઃખસંવેદન ન જાગે તો રૌદ્રપરિણામ છે.
રૌદ્રપરિણામ = જિનાજ્ઞાનો ભાવથી ભંગ. દ્રવ્યહિંસામાં
વિરાધનાનો વિકલ્પ છે. નિષ્ઠુરતા રૂપી ભાવહિંસામાં
સર્વે મૂળતત્ત્વોની અક્ષમ્ય વિરાધના છે. નિષ્ઠુરતા તે જ
અહંકાર છે. અભયદાનમાં પણ પરના ભયનું સંવેદન છે.

જે પારકાના ભય-દુઃખાદિ અનભિજ્ઞ છે, તે અભયને કેવી રીતે આપશે? ભાવઅહિંસા એટલે કરૂણા. તેના વિના અન્ય કયા પદમાંથી ભાવઅહિંસાનો અર્થ નીકળી શકે?

જિનેશ્વરને જે જિન ન માને,

તે તેમને પરમ કલ્યાણગામિન કેમ કહી શકે?

મૈત્રીભાવ તે અદ્વૈત મત, પ્રમોદભાવ તે વિશિષ્ટાદ્વૈત મત.
કરૂણા તે સૌગત મત, માધ્યસ્થ્યભાવ તે દિગંબર મત.
ભાવચતુષ્ટય રૂપ જે અનેકાંત તે જ જિનમત.

ચિત્તપ્રસાદ એ પરમ માધ્યસ્થ્ય છે. ધર્મમાત્ર પ્રત્યે ચમન કરવું છે, ચીદ એનું પ્રત્યેક સ્થાને વર્ણન કરવાનું હોય નહિ તેમ મૈત્રીના વિષયમાં પણ સમજવું.

જિનાગમોમાં મૈત્ર્યાદિનું વર્ણન ઓછું કેમ?

આગમોની રચના પ્રાયઃ સર્વવિરતિધરો માટે છે,
તેમાં સમકીત માટેની વસ્તુ, જે મૈત્ર્યાદિ છે,
તેનું વર્ણન ઓછું જ હોવું સંભવે.
આગમો અહિંસામય હોવાથી મૈત્રીમય જ છે.
મૈત્રીના સ્થાને 'અહિંસા' શબ્દ જિનાગમોમાં વ્યાપક છે.
૯ તત્ત્વ અને અહિંસા એક જ છે.
૯ તત્ત્વનો સાર દેવગુરુની ભક્તિ, તેનો સાર અહિંસાધર્મ.

સત્યાદિ ધર્મો અહિંસા વિના ન ઘટે.

અહિંસાના રક્ષણાર્થે અન્ય ધર્મો વાડરૂપ છે.
આસ્તિક્ય એટલે કે જેમાં શુદ્ધ અહિંસા છે, તે જ આગમપ્રમાણ, બાકીનું અપ્રમાણ. શુદ્ધ અહિંસા = મૈત્રી. જેમાં શુદ્ધ મૈત્રી ન હોય, તે આગમ અપ્રમાણ છે. આસ્તિક્યનો પરિષ્કાર શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપાદિ થાય છે. દેવ અને ગુરુ મૈત્રીયુક્ત છે, ધર્મ મૈત્રીમય છે. સમ્યક્ત્વ એ મૈત્રી અને તદ્યુક્તમાં શ્રદ્ધારૂપ છે. તાત્ત્વિક દયા, દયાદિ આત્મસમદર્શિત્વ, તદ્ અહિંસા - પરપીડાવર્જન. આત્મસમદર્શિત્વ એટલે શ્રુતધર્મ, પછી ચારિત્રધર્મ. પ્રશસ્તકર્મ તે અનુગ્રહ તથા અપ્રશસ્તકર્મ તે નિગ્રહ. જે તથાવિધવિધિ પ્રશસ્ત કર્મના રચયિતા અરિહંત આદિ છે, તે જ તથાવિધવિધિ અપ્રશસ્ત કર્મના સ્વામી પણ તેઓ જ છે. એ જ તથાદિ કર્મોદય પણ ઘટે તથા કર્મના સ્થિતિવિધાનમાંથી છૂટકારો પણ મળે. પુરુષ પ્રયત્નનું જેમાં પ્રાધાન્ય છે, તે 'પુરુષાર્થ' કહેવાય. અહીં 'પુરુષ' એટલે પરમેશ્વર. પરમાત્મ શક્તિનું સદા અનુસંધાન કરી રહે, તે ક્રિયા 'પુરુષાર્થ' કહેવાય છે. સ્વપ્રયત્ન તો અચરમાવર્તમાં પણ હોય છે, છતાં તેને

પુરૂષાર્થ સંજ્ઞા નહિ: કેમકે તેમાં પરમાત્માનું અનુસંધાન નહિ. જે પુરૂષાર્થ દ્વારા પરમાત્માની સાથે અભેદ સધાય, તે સાચો પુરૂષાર્થ છે. મુખ્ય પ્રયત્ન, મુખ્ય ક્રિયા તો જ કહે કે જો તે પરમ પુરૂષની સાથે ભક્તિપૂર્વકની હોય. બંધનમાંથી છોડાવવાનું સામર્થ્ય બંધનમુક્ત પ્રભુમાં છે. 'પુરૂષ' શબ્દથી સંબોધન કરવાનો હેતુ પણ તેથી છે. તેમના અનુસંધાન વિનાની ક્રિયા શુભ હોય તો પણ તે પ્રકૃતિની છે. કર્મ પ્રકૃતિથી બને છે. પુરૂષની ક્રિયા સાચા અર્થમાં પુરૂષની નહિ, પરન્તુ કર્મની જ છે. 'પુરૂષકાર વિના કર્મમુક્તિ નહિ' એનું તાત્પર્ય કર્મથી પર થયેલ પરમપુરૂષના ધ્યાનથી કર્મમુક્તિ છે, એ છે. એ ધ્યાન વચનાનુષ્ઠાનથી યા આજ્ઞાપાલનના અભ્યાસથી, પ્રીતિ અથવા ભક્તિ અનુષ્ઠાનથી યા વચનાનુષ્ઠાનના પુન:પુન: સંસ્કાર વડે પ્રાપ્ત થયેલ અસંગાનુષ્ઠાનથી હો.

o તાત્વિકપરમાત્મપણું = સર્વમાં સ્વાત્મા - સ્વાત્મામાં સર્વનો અનુભવ, જે કરૂણાને પરાકાષ્ઠાએ લાવે, તેને જ મળે. પરમાત્માની દુ:ખવિમોચિની શક્તિને જાણવું, એ જ સાધનાની પ્રથમ ભૂમિ છે. દુ:ખમાં શરણ આપવાની શક્તિ પરમાત્મામાં શાથી આવી? જગમાત્રના

દુઃખની સાથે અત્યંત અભેદ સાધવાથી મારાં દુઃખ પ્રત્યે જેને અનાદિકાળથી આત્મીયતા છે, એવા શ્રી જિનેશ્વર શિવમય અન્ય કોણ છે? મારી સાથે જ નહિ, પ્રત્યેક જીવ સાથે, સર્વ જીવ સાથે એકમેક થઈને એના દુઃખને પોતાનું ગણનાર એક માત્ર શ્રી જિનેન્દ્ર દેવ છે. એ કરુણાભાવ અભેદે અનેક ભવોમાં એવી રીતે સિદ્ધ કર્યો છે કે હવે એમના આત્મામાં અને જગતના જીવોમાં કોઈપણ ભેદ રહ્યો નથી. જિનના વ્યક્તિગત રાગ તથા દ્વેષ નાશ પામ્યા છે, માટે તેઓ 'વીતરાગ' છે. એમને પોતાના સુખાદિ પ્રત્યે રાગ-દ્વેષ રહ્યાં નથી, સમતા પ્રાપ્ત થઈ છે. અન્યના સુખ-દુઃખ પ્રત્યે તેઓ ઉદાસીન નથી, કિન્તુ કરુણાળુ છે, સ્વ-સર્વકલ્યાણાત્મ તત્ત્વનો પરમ સમરસમય સ્વાનુભવ થવાથી 'વીતરાગ' છે.

<u>પ્રત્યેક જીવ સાથે પરમાત્માની આત્મીયતા</u>

<u>વચનાતીત, તર્કાતીત હોઈ લોકોત્તર છે.</u>

સમ્યગ્દર્શન = પ્રભુની કરુણામયતાનો આંશિક અનુભવ.

સમ્યક્ક્રિયા = તેનો અમલ. જે જીવોનાં દુઃખને ન જાણે, તે પરમાત્મ સ્વરૂપને કેવી રીતે ભજી શકે? 'અન્યનું બીજું જાણું દુઃખ નહિ' એમ કેવળી જ ભજી શકે.

કેવળીનું અસ્તિત્વ જ અજ્ઞાનને દૂર કરવા માટે છે.
સામાયિકમાં સમભાવ હોય. સમભાવનો એક અર્થ પોતાની અનુકૂળતામાં જે રાગ અને પ્રતિકૂળતામાં જે દ્વેષ, તેનો અભાવ. બીજો અર્થ સર્વે જીવોને સમાનપણે જોવા.

તીર્થંકરોની જનની - માતા કરુણા અને
કરુણાની જનની - માતા સર્વ જીવોનાં ઘોર દુઃખ.

'સિદ્ધો આપણને તારે છે' એનો અર્થ આપણામાં શુભ ભાવ ઉત્પન્ન કરે છે. આપણી અંદર ઉત્પન્ન થતો ક્ષમાદિ શુભ ભાવ તે ધર્મ છે અને આખા જગતને વિશુદ્ધ કરે છે. પીંજરામાં રહેલ પરમાત્મ સ્વરૂપના વિચારમાત્રથી આનંદ આનંદ થઈ જાય છે, તો અન્યમાં રહેલ એ જ તત્ત્વનો વિચાર પ્રમોદ કેમ ન જગાવે?

o 'સર્વ પ્રધાન સાધુધર્મનો ઉપદેશ આપવો' એનો અર્થ એ કે સકલ સત્ત્વહિતાશયનો મહિમા વધારવો. લોકોત્તર ધર્મનું એ મૂળ છે. શક્ય હોય તેટલાનું દુઃખ દૂર કરે, તે અંશમાં સાવદ્ય વ્યાપારોનો ત્યાગ કરે, સર્વ ત્યાગની ભાવના રાખે, એ દેશવિરતિધરનું સમ્યક્ત્વ છે.

શક્યમાં પ્રયત્ન અને અશક્યની ભાવના.
ભાવનામાં પુરુષતંત્ર અને પ્રયત્નમાં વસ્તુતંત્ર.

'ઇચ્છા' એટલે ઈશ્વર થવાનું ગુપ્ત અભિધાન.

'ઇચ્છા' એટલે 'ઇષ્ટે ।' To Command.

સમત્વની ઉચ્ચ ભૂમિકામાં ઇચ્છાની જરૂર નથી.
પૂર્વે સેવેલી શુભ ઇચ્છાઓ સમત્વમાં ફળે છે.
આત્મા વિશ્વવ્યાપી છે, કર્માદિ આત્માને આધીન છે.
સમગ્ર વિશ્વ આત્માપાલન - આત્માભંગનું પરિણામ છે.
વિશ્વના શુભાશુભ પર્યાયો કર્મોના ઉદયને આધીન છે.
પુણ્ય કરો, ત્યાં અનુગ્રહાત્મક આત્મા પાળો છો તથા
પાપ ન કરો, ત્યાં નિગ્રહાત્મક આત્માને પાળો છો.

'ધર્મ' એટલે ફરજ, કર્તવ્ય, નિયત કર્મ.

'મામેકં શરણં વ્રજ ।' 'તમેવ શરણં ગચ્છ ।'
ઇંદ્રિયનિગ્રહ, આત્મનિરીક્ષણ, વિવેક, સંકલ્પ શક્તિ,
વિશ્વલક્ષી મંગળ ધ્યેય વગેરે સૌની સાત્વિક સંપત્તિ છે.
પંચાંગ પ્રણિપાત-સાષ્ટાંગ નમસ્કાર અહંતાનો લય સૂચવે છે
અને તેનો અર્થ 'મૂળ તત્વમાં સમાઈ જવું' એ છે.
જ્યારે ખુદ મનનો અભાવ થાય, ત્યારે સંપૂર્ણ શાંતિ
પ્રસરી રહે છે. જ્યાં સુધી મનુષ્ય મનથી વેગળો થાય
નહીં, ત્યાં સુધી તે શાંતિ મેળવી શકતો નથી અને
તેથી સુખ પણ લઈ શકતો નથી.

## થોડાં પ્રશ્નોત્તર

પ્ર. સર્વોત્કૃષ્ટ લાભ કયો? ઉ. સુખ.

પ્ર. સુખનું મૂળ શું? ઉ. શાંતિ.

પ્ર. શાંતિ મળે શાથી? ઉ. અંતરાય જવાથી.

પ્ર. અંતરાય આવે શાથી? ઉ. વિચારો જવાથી.

પ્ર. વિચારો થાય છે શાથી? ઉ. મનના ફુરણથી.

પ્ર. મનથી અળગા થવાનો ઉપાય? ઉ. અંતર્મુખ બનવું તે.

પ્ર. અંતર્મુખ થવાનો ઉપાય શો?

ઉ. બહિરાત્મભાવનો ત્યાગ કરવો તે.

પ્ર. બહિરાત્મભાવ કેવી રીતે જાય?

ઉ. અંતરાત્મભાવ આવે ત્યારે.

પ્ર. અંતરાત્મભાવ કેવી રીતે આવે?

ઉ. શરીર, ઇંદ્રિય, મનથી આત્માને જુદો માને અને 'તે બધામાં ચૈતન્યનું સંપાદન કરનાર આત્મા તે બધાથી જુદો છે' એવો અનુભવ, તે અંતરાત્મભાવ કહેવાય છે.

પ્ર. અંતરાત્મભાવને સ્થિર કરવા માટેનો માર્ગ કયો?

ઉ. પરમાત્મભાવનું ભાવન કરવું. શરીરાદિમાં ચૈતન્ય પૂરું પાડનાર આત્મા શરીરાદિથી જુદો છે એટલું જ નહિ, પરંતુ 'તે પોતે તત્ત્વથી પરમાત્મસ્વરૂપ છે' એવું

વારંવાર ભાવન કરવું,

તે અંતરાત્મભાવને સ્થિર કરવાનો ઉપાય છે.

## પંચમંગલ - મહામંગલ

પંચમંગલ એ સર્વ મંગલોનું મૂલ છે, સર્વ પાપ - વૃત્તિઓનું વિધ્વંસક છે. પંચમંગલરૂપી મહાગંગામાં સ્નાન કરનારના મનોમલ નાશ પામે અને નિર્મલતા પ્રકટે છે. સર્વ પાપોનું વિધ્વંસક, સર્વ મંગલોનું સર્જક અને સર્વ શરણોના શરણનું ઉત્કૃષ્ટ હોવાથી પંચમંગલ આદરણીય છે. પંચમંગલના આશ્રયે રહેનારને પાપ સ્પર્શી શકતું નથી, કર્મ છેડી શકતાં નથી અને સર્વપ્રકારના ભયોથી મુક્તિ પ્રાપ્ત થાય છે, તેથી તેને પાપવિમોચન, કર્મવિરોચન અને ભયવિમોચનની ઉપમા ઘટે છે.

પાપ જવાથી કષાય ઉપશમે છે, ધર્મ આવવાથી વિષય -વાસના ટળે છે. શરણોનું શરણ થવાથી કર્મપંક શોષાય છે, ધોવાય છે, માટે પંચમંગલ એ 'તીર્થ' કહેવાય છે.

## યોગમાર્ગના અધિકારી કોણ?

અપુનર્બંધક, સમ્યગ્દૃષ્ટિ તથા દેશ - સર્વચારિત્રધર.

(1) અપુનર્બંધક તીવ્ર ભાવે પાપ ન કરે, ભવબહુમાન ન કરે, ઉચિત સ્થિતિ સેવે.

અપુનર્બંધકને ઉચિત એવો ઉપદેશ:
(I) પરપીડા વર્જન (II) દેવ - ગુરુ પ્રતિપત્તિ
(III) દીન - અનાથાદિનો ઉદ્ધાર.

(2) સમ્યગ્દૃષ્ટિ (અવિરતિ)
શુશ્રૂષા - ધર્મરાગ - દેવ તથા ગુરુની વૈયાવચ્ચ.

સમ્યગ્દૃષ્ટિ જીવને યોગ્ય ઉપદેશ:
ગ્રન્થિભેદ થવાથી તત્ત્વ પ્રત્યે અપૂર્વ પ્રેમ જાગે છે.
તત્ત્વ ત્રણ છે: દેવ, ગુરુ અને ધર્મ.
શ્રાવકના ૧૨ વ્રતો તથા સાધુના ૫ મહાવ્રતોનો ઉપદેશ.

(3) ચારિત્રધર (દેશ - સર્વ)
શ્રદ્ધાવાન્, ક્રિયાતત્પર, ગુણરાગી, શક્યારંભ.

ચારિત્રધરને (દેશવિરતિધરને) યોગ્ય દેશના:
ચૈત્યવંદન, સાધુની સેવા, ધર્મશ્રવણ, ઉચિત વૃત્તિ - કર્માદાન ત્યાગ, યથાશક્તિ દાન, જિનપૂજન, ભોજનવિધિ - સંધ્યાવિધિ - વિવિધ પ્રકારની ભાવના - શયનવિધિ.

ચારિત્રધરને (સર્વવિરતિધરને) યોગ્ય દેશના:
સર્વવિરતિ ધર્મને સાધુ સામાચારી સમજાવવી.
ગુરુકુલવાસ, યથોચિત વિનય, વસતીનું પ્રમાર્જન, ગુર્વાજ્ઞા પાલન, ભિક્ષાટન, વિશુદ્ધ ભિક્ષા, સ્વાધ્યાય, ધ્યાનાદિ.

તદ્ ઉપરાંત નિજ સ્વભાવનું આલોચન કરવું,
જનવાદ અને યોગશુદ્ધિ વડે યોગ્યતાનો વિચાર કરવો.

કાયાની આકૃતિ, વચનની મધુરતા અને
મનમાં શુભ સ્વપ્નો વડે પરીક્ષા કરવી.

<u>સંસારનું સ્વરૂપ નીચે પ્રમાણે વિચારવું:</u>

(૧) જીવન અસાર છે. (૨) શરીર રોગજરાદિનું ઘર છે.
(૩) સંસાર દુ:ખથી વ્યાપ્ત છે. (૪) વૈભવ અસ્થિર છે.
(૫) સ્નેહ અનવસ્થિત છે. (૬) વિષય વિષદારુણ છે.
(૭) પાપકર્મનો વિપાક રૌદ્ર છે. (૮) વિષયસુખ મૃગતૃષ્ણા છે.
(૯) મૃત્યુ સન્નિહિત છે. (૧૦) ધર્મ એ જ શરણ્ય છે.

## જીવ અને પુદ્ગલ

જીવનો સ્વભાવ પુદ્ગલગ્રહણનો અને
પુદ્ગલનો સ્વભાવ જીવને વળગવાનો છે.
બંનેનો તે સ્વભાવ નિવૃત્ત થાય, ત્યારે યોગમાર્ગનું
અધિકારીપણું પ્રાપ્ત થાય, ઉભયનો તેવો સ્વભાવ
માનવામાં ન આવે તો જીવને બંધ - મોક્ષાદિ ઘટે નહિ.

ચિત્તવૃત્તિનિરોધ અને કુશળમાં
શુદ્ધ પ્રવૃત્તિરૂપી યોગનાં લક્ષણો
સર્વત્ર ઉચિતાનુષ્ઠાનરૂપ યોગમાં ઘટી જાય છે.

## શરણમહિમા

મોહાન્ધકારમય ભવકૂપમાં શરણ એ જ પ્રવર્તક છે,
કેમકે તે જ્ઞાનનો પ્રકાશ આપે છે.
શરણ શ્રેષ્ઠ ચિન્તામણિ છે, સંપૂર્ણ કલ્પવૃક્ષ છે,
સદ્ગાભા ચક્ષુ અને ધર્મનું પ્રધાન સાધન છે.

## રક્ષા એટલે શું?

અરિહંતાદિ ગુણાધિક લોકોત્તમ શરણ્ય છે,
તેઓ વડે રક્ષા થાય છે. તેવા પ્રકારના સ્વભાવને લઈ
ચિત્તના ધ્યાનથી ક્લિષ્ટ કર્મનો વિનાશ થાય છે,
તે દ્વારા શાંતિનો અનુભવ થાય છે, તે જ રક્ષા છે.

## પાપની ગર્હા અને અનુમોદના કઈ?

આત્મા અનાદિકાલીન છે. તેના યોગે મન-વચન-
કાયા વડે દુષ્કૃત થાય છે, તેની અરિહંતાદિની સાક્ષીએ
સંવેગપૂર્વક નિંદા-જુગુપ્સા તે પાપની દુષ્કૃતગર્હા છે.
પાપમાં ઉદાસ્યની ભાવના થવાથી દુષ્કૃતની પરંપરાનો
વિચ્છેદ થાય છે, ભાવિ અનર્થોની પરંપરા મટી જાય છે.
જીવોના મોક્ષાનુકૂળ અનુષ્ઠાનની આદરથી પ્રશંસા કરવી,
તે સુકૃતાનુમોદન છે. તે વડે સદનુષ્ઠાનમાં ઉપાદેયતાની
બુદ્ધિ થાય છે તથા કલ્યાણ પરંપરાનું કારણ બને છે.

અપુનર્બંધક અને ભિન્નગ્રંથિવાળાને માટે દુષ્કૃતગર્હા
અને સુકૃતની અનુમોદના - આ સાધન ઉપકારી છે,

ભાવનાયુક્ત પાઠ, અર્થશ્રવણ અને આત્મસંપ્રેક્ષણ -
એ અહીં કર્તવ્ય કર્મ છે. સૂત્રપાઠ કર્યા પછી સૂત્રાર્થના
જ્ઞાતા ગુરુ પાસે અર્થશ્રવણ કરી રાગદ્વેષાદિ દોષોની
અપેક્ષાએ આત્મનિરીક્ષણ કરવું.

રાગ = અભિષ્વંગ, દ્વેષ = અપ્રીતિ, મોહ = અજ્ઞાન.
એ અહીં આત્માને દૂષિત કરનાર હોવાથી દોષ છે
અને કર્મ પરિણામજન્ય છે.

કર્મ એટલે...

વિચિત્ર પ્રકારના સ્વભાવવાળા પુદ્ગલના અણુઓ.
ભૂતકાળની જેમ કર્મ સાથે પણ અનાદિ સંબંધ છે.
કર્મ મિથ્યાત્વાદિ હેતુઓથી જન્ય છે.

અમૂર્તજીવને મૂર્ત કર્મ વડે અનુગ્રહ - ઉપઘાત થાય છે,
તેના દૃષ્ટાંત રૂપે બ્રાહ્મી અને મદિરાપાનાદિ પ્રત્યક્ષ છે.
કાય અને પ્રતિબિંબની જેમ આત્મા અને કર્મનો
અનાદિ સંબંધ છે પણ ઉપાયથી જુદા પડી શકે છે.
આ રીતે માનવાથી જીવોને નિરૂપચરિત બંધ - મોક્ષ
અને સુખ-દુઃખ ઘટી શકે છે.

રાગાદિના આલંબન[1] (વિષય), સ્વરૂપ[2], પરિણતિ[3] અને
વિપાક[4]નો વિચાર કરો. રાગનું આલંબન સ્ત્રી શરીર, તેનું
સ્વરૂપ મળમૂત્રાદિ અપવિત્ર, તેની પરિણતિ રોગ - જરાવસ્થા
- મરણાદિ અને તેનો વિપાક નરકાદિની ઘોર વેદના.

સ્ત્રી પરિણતિ ચંચળ અને આ જન્મમાં જ
બ્રહ્મનાશાદિ રૂપ આપત્તિનો હેતુ છે.

અર્થસંબંધી રાગનો વિષય[1] = ધન - સંપત્તિ.
સ્વરૂપ[2] = અર્જન - રક્ષણ - ભોગ - નાશ.
અને અવસ્થાઓમાં દુઃખ.
પરિણતિ[3] = ચંચળ અને વિપાક[4] = દુર્ગતિના દુઃખ.

અર્થસંબંધી દ્વેષનો વિષય[1] = જડ કે પુદ્ગલ.
સ્વરૂપ[2] = આત્મભિન્નતા, પરિણતિ[3] = અસ્થિર - અધ્રુવ.
વિપાક[4] = ઉભયલોકમાં કડવાં.

મોહ - અજ્ઞાનનો વિષય[1] = વસ્તુમાત્ર જડ - ચેતન.
સ્વરૂપ[2] = ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્યયુક્ત.
સત્નો અવિનાશ, અસત્નો અનુત્પાદ તથા
અનુવૃત્તિ - વ્યાવૃત્તિનો અનુભવ.
એ રીતે 'વસ્તુમાત્ર પરિણામી - નિત્ય છે'
એવા વિચારથી અજ્ઞાનદોષ ટળી જાય છે.

## આત્મસંપ્રેક્ષણની વિધિ

(૧) દેવ-ગુરુને પ્રણામ (૨) પર્યાસનાદિ આસન (૩) તદ્ગત ચિત્ત (૪) ભાવજ્ઞાન (૫) અસત્‌નિવૃત્તિ - સત્‌પ્રવૃત્તિ.

દેવ-ગુરુને પ્રણામથી શુભભાવરૂપ અનુગ્રહ,
તેથી કાર્યની સિદ્ધિ. મંત્ર અને રત્નનાં દૃષ્ટાંત.
તેમને ઉપકાર ન છતાં સેવકને ઉપકાર.

આસનથી કાયનિરોધ, તે આસન સિદ્ધ કરનાર
ગૌતમાદિ મહામુનિઓ પ્રત્યે બહુમાન,
ડંસાદિ ઉપદ્રવોને સહવાની શક્તિ.

તદ્ગત ચિત્તથી તે પદાર્થનું વાસ્તવિક જ્ઞાન અને તે જ્ઞાનથી સદસત્ પ્રવૃત્તિ - નિવૃત્તિ દ્વારા ઇષ્ટની સિદ્ધિ.

ભાવજ્ઞાન એ જ ઇષ્ટસિદ્ધિનું પ્રધાન કારણ છે.
ભાવજ્ઞાન, ભાવનાજ્ઞાન, તત્ત્વસંવેદનજ્ઞાન અનિવાર્ય છે.

ભાવજ્ઞાનનું ફળ ચિત્તસ્થૈર્ય છે.
તે જન્માન્તરગામી અને શિવસુખનું પરમ સંસાધક છે.

ક્રિયાજન્ય કર્મક્ષય એ મંડૂકચૂર્ણતુલ્ય છે,
ભાવનાજન્ય કર્મક્ષય એ મંડૂકભસ્મતુલ્ય છે.

માત્ર શુભ ક્રિયાથી ઉત્પન્ન થયેલું પુણ્ય
માટીના ઘડાતુલ્ય અને તેટલું જ ફળ આપે.

વિશિષ્ટ ભાવનાદિ યુક્ત ક્રિયા વડે પ્રાપ્ત થતું પુણ્ય
સુવર્ણ ઘટતુલ્ય - ઉત્તરોત્તર અધિક ફળને પ્રાપ્ત
કરાવનારું સાનુબંધ પુણ્ય.

બોધિસત્ત્વ કાયપાતી હોય છે પણ ચિત્તપાતી હોતા નથી.
બોધિસત્ત્વ બોધિની પ્રધાનતાવાળા, આંતરિક શુદ્ધિવાળા.
બાળ જીવો જે ભાવનાજ્ઞાનવાળા નથી,
તે કાયપાતી ન હોય તો પણ ચિત્તપાતી હોય છે.

સામાયિક = મોક્ષસાધક પરિણામ. તેને 'આશયરત્ન' પણ
કહે છે. તે વાસીચંદનતુલ્ય છે. પરમ માધ્યસ્થ્ય રૂપ છે.
પરિશુદ્ધ ચિત્તરત્નવાળો મુનિ મરણકાળને નજીક જાણી
વિશુદ્ધ વિધિપૂર્વકના અનશન વડે કાયાનો ત્યાગ કરે.

o 'જલ્લેસે મરઇ તલ્લેસેસુ ઉવવાઓ |' સૂક્તિ:
જે લેશ્યામાં મરે, તે લેશ્યામાં જીવ ઉત્પન્ન થાય છે.
શુક્લ લેશ્યામાં પણ શાસ્ત્રયોગ મુખ્ય છે.

'શાસ્ત્રયોગ' એટલે શાસ્ત્રાભ્યાસ. ગુરુ - લઘુ વિચાર
અને મૈત્ર્યાદિ ભાવોનું પ્રતિસંધાન - સંભાળ - સંવેદન
તે 'શાસ્ત્રયોગ' છે. શાસ્ત્રવિહિત અનુષ્ઠાનમાં પ્રવર્તવું
જોઈએ. શાસ્ત્રયોગ જ સિદ્ધિનો પરમ હેતુ છે. તેના
વડે ભવનો વિરહ અને સિદ્ધિનો અવિરહ થાય છે.

## કાળજ્ઞાન થવાના (મૃત્યુ સમય જાણવાના) ઉપાયો

(૧) નાડીશુદ્ધિ અર્થાત્ નાડી સંચાર દ્વારા.

(૨) નિમિત્તના સ્વપ્નથી. (૩) પ્રાતિભજ્ઞાનથી.

(૪) પશુ - પંખીથી પોતાનું ભવિષ્ય ઘણું સ્પષ્ટ જોવાથી.

(૫) અરુંધતીનો તારો ન જોવાથી.

(૬) નાસાગ્ર ભાગ, આંખની કીકી ન દેખાવાથી.

(૭) કાનની અંદરનો ધ્વનિ ન સંભળાવાથી.

(૮) સુગંધી પદાર્થ દુર્ગંધી જણાય ત્યારે અથવા નાસિકામાં કશો જ ગંધ ન પરખાય ત્યારે.

## ભક્તિ - વૈરાગ્ય અને જ્ઞાન

ભક્તિ પ્રથમ, પછી વૈરાગ્ય અને છેલ્લે જ્ઞાન.
ભક્તિમાં મૈત્રી સમાઈ જાય છે,
તેથી અહિંસા પ્રકટે છે.
વૈરાગ્ય વડે સંયમ વિકસે છે અને જ્ઞાન વડે ઇચ્છાનિરોધ રૂપ તપધર્મનો વિકાસ થાય છે.
ભક્તિ તથા અહિંસા, વૈરાગ્ય તથા સંયમ અને જ્ઞાન તથા તપ - એ સર્વ પરસ્પર સંબંધિત છે.
આધ્યાત્મિક માર્ગમાં 'મોહ' અર્થાત્
અજ્ઞાન, સંશય અને વિપર્યય આત્માસંબંધી રહેલ છે.

## આત્મા સંબંધી અનેક ભ્રાંતિઓ તથા સમાધાન

આત્મા એકાંતે નિત્ય છે.

આત્મા એકાંતે અનિત્ય છે.

આત્મા ધર્મથી સર્વથા ભિન્ન છે.

આત્મા દેહાદિથી સર્વથા અભિન્ન છે.

આત્મા જ્ઞાન ગુણોથી સર્વથા ભિન્ન છે.

આત્મા જ્ઞાન ગુણોથી સર્વથા અભિન્ન છે.

એ રીતે નિત્યાનિત્ય અને ભેદાભેદ સંબંધી અનેક ભ્રાંતિઓ પ્રવર્તે છે. તે સર્વેનું સમાધાન 'વસ્તુમાત્ર ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યસ્વરૂપ છે' એ નિરૂપણમાંથી મળી રહે છે. ધ્રૌવ્ય એ નિત્ય પક્ષને અને ઉત્પાદ - વ્યય અનિત્ય પક્ષને સમર્થન કરે છે. અહીં એક જ કાળે એક જ વસ્તુમાં રહેલ છે. વસ્તુનું વસ્તુત્વ એ ત્રણેના સમકાલ અસ્તિત્વના કારણે છે. એ અનુભવસિદ્ધ તર્ક - યુક્તિ વડે સિદ્ધ થતું હોવાથી વસ્તુમાત્ર ત્રિધર્મયુક્ત માનવાથી મોહાંધકાર નાશ પામે છે. વળી ધ્રૌવ્ય એ સર્વમાં સમાન હોવાથી ગુણોમાં સજાતીય એકતા સાબિત થાય છે.

વ્યક્તિથી ભિન્ન અને જાતિથી એક - આમ એકાનેકતા અને ભેદાભેદતા પણ સ્યાદ્વાદ ન્યાયથી સિદ્ધ થાય છે.

## કાયોત્સર્ગના બે ભેદ: ચેષ્ટા અને અભિભવ.

(૧) ચેષ્ટા કાયોત્સર્ગ: ગમનાગમન પછી, વિહાર પછી, ભિક્ષાચર્યા પછી, દિવસ - રાત્રિ - પક્ષ - ચાતુર્માસ અથવા સંવત્સરના અંતે નિયત પ્રમાણમાં કરાય તે.

(૨) અભિભવ કાયોત્સર્ગ: જે કાયોત્સર્ગ પરિષહો - ઉપસર્ગોને સહવા માટે, તિતિક્ષા ભાવ કેળવવા માટે અનિયત સમય સુધી હોય, તે અભિભવ કાયોત્સર્ગ છે. તે જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી બાર માસ પર્યંત પ્રમાણવાળો હોઈ શકે. એક રાત્રિકી આદિ પ્રતિમામાં પણ અભિભવ કાયોત્સર્ગ છે.

## ૧ શ્વાસોચ્છ્વાસ એટલે કેટલો કાળ?

'પાય સમા ઊસાસા |' અર્થાત્ 'શ્વાસોચ્છ્વાસ' એટલે... ૧ પાદ એટલે કે શ્લોકના ચતુર્થ ભાગ જેટલો કાળ. મૃત્યુનો સમય આવ્યા પહેલાં મનુષ્ય મરતો નથી અને મૃત્યુનો સમય આવ્યા બાદ તે બચતો નથી.

## સહજ આનંદની અનુભૂતિ

ચેતનદ્રવ્યની સાધર્મિકતાએ નિજ આત્માની ઓળખાણ થાય છે. નિજ આત્મદ્રવ્યના ગુણ-પર્યાયની ચિંતવનામાં ભાવના ભાવવાથી સહજ આનંદની અનુભૂતિ થાય છે.

## ત્રણ યોગ અને ત્રણ આત્મા

(1) વિશ્વાત્મ = સ્વજનાભિમુખ - કર્મયોગ.

(2) દેવાત્મ = વિશ્વાભિમુખ - ભક્તિયોગ.

(3) દેહાત્મ = ભગવાભિમુખ - જ્ઞાનયોગ.

કર્મયોગમાં બધું માતાપિતાદિ વિશ્વનું છે, ભક્તિયોગમાં બધું દેવગુર્વાદિ વિશ્વનું છે અને જ્ઞાનયોગમાં બધું કર્મપ્રકૃતિનું સર્જન છે, આત્મા તેનાથી ભિન્ન છે.

આત્માના માત્ર જ્ઞાનાદિ ગુણ છે.

યોગસમાધિમાં બધું પ્રકૃતિનું છે, જ્ઞાનસમાધિમાં બધું આત્મભિન્ન છે, ભક્તિસમાધિમાં બધું ભગવાનનું છે.

(૧) આત્મા પ્રકૃતિથી ભિન્ન છે - તે જ્ઞાનયોગ.

મળેલું બધું કર્મપ્રકૃતિનું છે - તે જ્ઞાનયોગ.

(૨) આત્મા પરમાત્માનો અંશ છે - તે ભક્તિયોગ.

મળેલું બધું ભગવાનનું છે - તે ભક્તિયોગ.

(3) આત્મા બધા આત્માઓનો ઋણી છે - તે કર્મયોગ.

મળેલું બધું સંસારનું છે - તે કર્મયોગ.

o

*Thoughts are things.*
*Regard for all other jivas is the only way to happiness.*

## શેમાં શેની પ્રધાનતા ?

(૧) વિષય પ્રતિભાસમાં નિમિત્તની (૨) આત્મપરિણતિમત્ જ્ઞાનમાં ઉપાદાનની અને (૩) તત્ત્વસંવેદન જ્ઞાનમાં અભિન્ન નિમિત્તોપાદાનતાની પ્રધાનતા છે.

મન = મણ = ૪૦ શેર.

જો 'શેર'નો અર્થ હિન્દી પ્રમાણે 'સિંહ' લઈએ તો... ૪૦ સિંહ જેટલું બળ એક મનુષ્યના મનમાં છે, એમ 'મન' શબ્દ કહે છે. બાહ્યમુખ મન કરતાં અંતર્મુખ મનની શક્તિ અધિક છે. એક મન બાહ્યજગતને જાણે છે અને બીજું મન આંતરજગતને જાણે છે.

બાહ્ય કરતાં આંતરજગત વિશાળ છે.

મન એ બાહ્યમનની અને નમ એ આંતરમનની સંજ્ઞા છે.

સમ એ ઉલટ - ચક્ર છે, નમ એ ઉંટક - ચક્ર છે.

અવિરતિ - અવિરમણ = વિષયોમાં રતિ - રમણ.

## ચિત્તની નિર્મળતા - સ્થિરતા - સમાપત્તિ

શ્રદ્ધા-મેધા વડે ચિત્તની નિર્મળતા, ધૃતિ-ધારણા વડે ચિત્તની સ્થિરતા, અનુપ્રેક્ષા અને તે પાંચેના અતિશય તથા પરિપાક વડે તન્મયતા. તે વડે સમાપત્તિ, તેનું ફળ સમાધિ - દ્વિતીય અપૂર્વકરણરૂપી મહાસમાધિનું બળ.

(૧) નમન વડે નિર્મળતા - જેનાથી દુર્ગુણત્યાગ થાય છે.
(૨) નમન વડે સ્થિરતા જેનાથી સદ્ગુણાનુમોદન થાય છે.
(૩) નમન વડે તન્મયતા જેનાથી સ્વરૂપાગમન થાય છે.
જ્ઞાન વડે પૃથક્કરણ શક્તિ Analysis થાય છે.
ભક્તિ વડે એકીકરણ શક્તિ Synthesis થાય છે.
ચારિત્ર વડે એકતા શક્તિ Oneness થાય છે.

મૂર્છારહિત તે નિર્ગ્રંથ સમજવા અને)
ઇચ્છારહિત તે વીતરાગ સમજવા.

વ્યવહાર રત્નત્રય : સમજવું, કબૂલવું અને આચરવું.

ભક્તિથી કષાયોનું ઉન્મૂલન થાય છે,
જ્ઞાનથી વિષયાસક્તિનું વિસર્જન થાય છે.
ભક્તિ જાતિવિષયક છે, જ્ઞાન વ્યક્તિવિષયક છે.
એક તિર્યક્સામાન્ય અને બીજું ઉર્ધ્વતાસામાન્ય છે.
શ્રુતજ્ઞાન - વાચક છે, તેથી સવિકલ્પ છે.
ભાવનાજ્ઞાન - વાચ્ય છે, તેથી નિર્વિકલ્પ છે.

શાસ્ત્ર એ ભગવાનનું જ વાઙ્મયસ્વરૂપ છે, તેથી તે ભગવદ્રૂપ જ છે. તેથી ભગવાનની પૂજાની જેમ જ શાસ્ત્રની પણ પૂજા એ સૌ ભવિજનોનું કર્તવ્ય છે. શાસ્ત્ર પ્રત્યેના આદરથી જ શાસ્ત્રકારનો આદર કેળવાય છે.

ओं = अ उ म् પરમ બીજમાળા.
अर्हं = अ र् ह પરમ બીજમાળા.
સિદ્ધં = અનાદિસિદ્ધ સદા બીજસ્વરૂપ.
આનંદ = શાશ્વ ચા ચિદ્દના આનંદનો આલય.
આત્મજ્ઞ = આત્મધર્મ નિર્ગુણ.
આચાર્ય = દ્રવ્યથી પંચાચારપાળક.
ઉવ્ઝ = ગુપ્તિથી પંચવિધ સ્વાધ્યાયકારક.
સાધુ = પરમવિધ પંચ મહાવ્રતધારક.

°

Thought is the most powerful
factor in this world.
Thoughts are of two kinds:
(1) For one's own self and
(2) For the benefit of others.
Selfish thoughts are negative & obliging
thoughts are positive & nourishing.
Let us educate our children from
their very conception of 'regards for
others' & create a new generation of
universal brotherhood.

સાદડી, સં. ૨૦૨૬, ભાદરવા સુદ ૩, શુક્રવાર

નવમે પદમાં સંસાર પ્રત્યે જુગુપ્સા છે,

અનાત્મભાવ પ્રત્યે ઉપેક્ષા છે.

નવમે પદમાં આત્મતત્ત્વ પ્રત્યે અભિરુચિ છે,

પરમાત્મતત્ત્વ પ્રત્યે ભક્તિ છે.

નવમે પદમાં અરિહંતાદિનું શરણાગમન છે,

સમર્થના શરણ વડે પ્રાપ્ત થતો અનુગ્રહ છે.

નવમે પદમાં ઉત્તમ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો સંયોગ છે.

ઉત્તમ દ્રવ્ય એટલે...

સત્પુરુષો-પંચ પરમેષ્ઠિ ભગવંતો અને તેમની વાણી.

ઉત્તમ ક્ષેત્ર એટલે...

તીર્થ-કલ્યાણક ભૂમિ-જિનમંદિર, ધર્મસ્થાનાદિનું સેવન.

શ્રેષ્ઠકાળ = કલ્યાણક દિવસો, પર્વતિથિઓ, બ્રાહ્મમુહૂર્તાદિ.

ઉત્તમ ભાવ એટલે... ધર્મશ્રવણ, મનન, ચિન્તનાદિ

તથા શાસ્ત્રઅધ્યયન - પાઠન - પરિશીલનાદિ.

નવમે પદમાં મૂલોત્તર ગુણોનું સેવન છે.

નવમે પદમાં સંવેગ - નિર્વેદાદિ ભાવો છે.

ધૃતિ - મતિ - સ્મૃતિ આદિ સાધનાગુણોનો વિસ્તાર છે.

શાસ્ત્રનું ચર્વણ કરવા જેટલી સામગ્રી આવશ્યક છે,

તે બધા અંગ નમો પદના ગર્ભમાં સમાયેલા છે, ફક્ત જ્ઞાનદૃષ્ટિથી તેને જોવા માટે પ્રયાસ કરવો જોઈએ.
મન, મંત્ર અને પ્રભુ સાથે નવપદનું સ્મરણ કરવું.
કેવલ કુંભકમાં સુષુમ્ણા ચાલુ થાય તો ૨૦ નવકાર સુધી અન્યથા ૧૦ કે ૧૨ નવકાર સુધી જો કુંભક રહે, તો આપણી નિદ્રા તથા આળસ ઓછા થાય ઉપરાંત ચિત્તની પ્રસન્નતા અને સ્થિરતા વધે.

નવાર્ણ મંત્ર : ૐ ઐં હ્રીં ક્લીં ચામુણ્ડાયૈ વિચ્ચે ।

મારણ = કામ - ક્રોધનો નાશ.

મોહન = ઇષ્ટદેવ પ્રત્યે મોહન.

વશીકરણ = મનનું વશીકરણ.

સ્તંભન = વિષયોથી ઇંદ્રિયોની ઉપરતિ.

ઉચ્ચાટણ = મોક્ષપ્રાપ્તિ માટે તરવરાટ.

દર્શન - જ્ઞાન - ચારિત્ર

ભેદના જ્ઞાનની અને ઉપાદેયના ઉપાદાનની ઝંખના તે દર્શન, ભેદ - ઉપાદેયનું પૃથક્કરણ તે જ્ઞાન અને ભેદજ્ઞાન ઉપાદેય - ઉપાદાન તે ચારિત્ર.

હિન્દુધર્મની ભાવના = આખું વિશ્વ મારું કુટુંબ છે.

જૈનધર્મની ભાવના = દુનિયાભરના જીવો મારા મિત્ર છે.

## અભયદાનનું માહાત્મ્ય

મહતામપિ દાનાનાં કાલેન ક્ષીયતે ફલમ્ ।
ભીતાભયપ્રદાનસ્ય ક્ષય એવ ન વિદ્યતે ॥૧॥

અર્થ: મોટા મોટા દાનનું ફળ પણ સમય જતાં નાશ થઈ જાય છે પણ ભયભીત જીવને અભયદાન આપ્યાનું ફળ તો કદી નાશ પામતું નથી.

એકત: ક્રતવ: સર્વે સમગ્રવરદક્ષિણા: ।
એકતો ભયભીતસ્ય પ્રાણિન: પ્રાણરક્ષણમ્ ॥૧॥

અર્થ: એક બાજુ સમગ્ર યજ્ઞોનું ફળ મૂકીએ કે સઘળી શ્રેષ્ઠ દક્ષિણાઓ મૂકીએ અને બીજીબાજુ ભયભીત જીવને અભયદાન (તો અભયદાન શ્રેષ્ઠ છે).

## નયજ્ઞાન

પદાર્થમાં નિત્યસ્વભાવતાનો ગુણ હોવાથી નિત્ય વ્યાવૃત્તિ અને અનુવૃત્તિ થતી હોવાથી વસ્તુમાત્ર ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય સ્વભાવવાળી છે. આત્મા પણ વસ્તુ છે, તેથી તે એકાંતે અવિકારી કે એકાંતે વિકારી નથી. એકાંત વિકારી કે એકાંત અવિકારી માનવો, તે પ્રત્યક્ષ વિરુદ્ધ છે. એકાંત એક સ્વભાવવાળો માનવાથી જુદા જુદા અનુભવનો ભેદ ન થાય, તેથી આત્મા પરિણામીનિત્ય છે.

આત્માને એકાંત નિત્ય કે અનિત્ય માનવાથી સુખ-દુઃખ, તેના ફળનો સંબંધ વગેરે ઘટતાં નથી. એ રીતે તત્ત્વનો વિચાર કરવાથી રાગાદિ દોષો અત્યંત બાધારૂપ થતાં નથી.

## ઉપયોગ એટલે શું

ઉપ = સમીપ, યોગ = વ્યાપાર.

શાસ્ત્રવિહિત વિધિનું પાલન એજ ઉપયોગ છે. તે દ્વારા શીઘ્ર યોગસિદ્ધિ થતી હોવાથી તે સમીપયોગ કહેવાય છે.

અહવા ઓહેણં ચિય ભણિય વિહાણાઓ ચેવ ભાવેજ્જા ।
સત્તાઇએસુ મેત્તાઇએ ગુણે પરમસંવિગ્ગો ॥૧॥
સત્તેસુ તાવ મેત્તિં તહા પમોયં ગુણાહિએસું તિ ।
કરુણા મજ્ઝત્થત્તે કિલિસ્સમાણાઽવિણેએસુ ॥૨॥ અર્થાત્ઃ

અથવા પરમ વૈરાગ્યવાન આત્માએ ઓઘ (સામાન્યતયા) બધા જીવો પ્રત્યે મૈત્ર્યાદિ ભાવના ભાવવી જોઈએ. સર્વ જીવો પ્રત્યે મૈત્રી, ગુણાધિક જીવો પ્રત્યે પ્રમોદ, દુઃખી જીવો પ્રત્યે કરુણા, અવિનીત પ્રત્યે માધ્યસ્થ - એમ અલગ - અલગ વિધાન પણ છે.

## બે વ્યાખ્યાઓ

ભાવનિર્જરા = ચિત્તની મલિન વૃત્તિઓ દૂર કરવી.
ભાવસંવર = ચિત્તની રાગદ્વેષાદિ મલીન વૃત્તિઓને રોકવી.

સાદડી, સં. ૨૦૨૬, ભાદરવા સુદ ૫, રવિવાર, તા. ૬-૯-૭૦

નવકારમાં યોગ

(૧) સ્થાન = જે રીતે બોલવા માથું નમાવવું તે.
વર્ણ = ૬૮ અક્ષરો
અર્થ = અક્ષરવાચ્ય અર્થ
આલંબન = અરિહંત - આચાર્ય - ઉ - સા (રૂપી)
અનાલંબન = સિદ્ધ (અરૂપી)
(૨) સ્થાનયોગ = સાધુ પદ
વર્ણયોગ = ઉપાધ્યાય પદ
અર્થયોગ = આચાર્ય પદ
આલંબનયોગ = અરિહંત પદ
અનાલંબન યોગ = સિદ્ધ પદ
(૩) પ્રથમ પાંચ પદ = ઇચ્છાયોગ
છઠ્ઠું - સાતમું પદ = પ્રવૃત્તિયોગ
આઠમું પદ = સ્થૈર્યયોગ, નવમું પદ = સિદ્ધિયોગ.
(૪) મોક્ષેણ યોજનાદ્યોગઃ સર્વોઽપ્યાચાર ઇષ્યતે ।
વિશિષ્ય સ્થાનવર્ણાર્થાલંબનાલંબનો પરઃ ॥ યોગવિં:
જે મોક્ષ સાથે જોડી આપે, તે સર્વ આચારને 'યોગ' કહે છે,
સ્થાન, વર્ણ, અર્થ, આલંબન, અનાલંબન - તેના ભેદો છે.

## નવકાર એ નવલું પુણ્ય

પુણ્યતત્ત્વ જીવને ભવ્ય જીવોની નજીક લાવે છે,
પાપતત્ત્વ જીવની નિકટતાથી છોડાવી દૂર-દૂર લઈ જાય છે
અને પરપુદ્ગલતત્ત્વની નજીક લઈ જાય છે.
પરપુદ્ગલના સંગથી છૂટવા માટે અને
જીવદ્રવ્યના સંગમાં આવવા માટે
આપણે નવ પ્રકારના પુણ્યને જીવનમાં
ઉતારવાની જરૂર પડે છે. નવકાર એ નવલું પુણ્ય છે.

## નવકારમાં છ દ્રવ્ય

ધર્માસ્તિકાય = અરિહંત - વિશિષ્ટ ગતિ.
અધર્માસ્તિકાય = સિદ્ધ - વિશિષ્ટ સ્થિતિ.
આકાશાસ્તિકાય = આચાર્ય - લોકાલોકવ્યાપી અવગાહન.
પુદ્ગલાસ્તિકાય = ઉપાધ્યાય - સૂત્રસિદ્ધાંત.
કાળદ્રવ્ય = સાધુ - વિશિષ્ટ પર્યાયગમન.
જીવાસ્તિકાય = ચૂલિકા - આત્મતત્ત્વની સાથે સંબંધ.

## નવકારમાં ત્રણ ગઢ

| | | | |
|---|---|---|---|
| તાણં | = | કાયા - રૂપાનો ગઢ | સોનાના કાંગરા |
| અરિહં | = | વચન - સોનાનો ગઢ | રત્નના કાંગરા |
| નમો | = | મન - રત્નનો ગઢ | મણિના કાંગરા. |

## નવકારમાં પાંચ સ્વાધ્યાય

ધર્મકથા - અરિહંત, અનુપ્રેક્ષા - સિદ્ધ,

પરાવર્તના - આચાર્ય, પૃચ્છના - ઉપાધ્યાય, વાંચના - સાધુ.

## નવકારમાં ત્રણ કરણ

યથાપ્રવૃત્તિકરણ = પ્રથમ પાંચ પદ

અપૂર્વકરણ = છઠ્ઠું - સાતમું પદ

અનિવૃત્તિકરણ = આઠમું - નવમું પદ.

## નવકારમાં ત્રણ ગુણ

વિઘ્નોપશામિની ગુણ = પ્રથમ પાંચ પદ

અભ્યુદયસાધની ગુણ = છઠ્ઠું - સાતમું પદ

નિવૃત્તિસાધની ગુણ = આઠમું - નવમું પદ.

મન્યતે જ્ઞાયતે આત્માદેશોઽનેન સ મન્ત્રઃ ।

જેના દ્વારા નિજાત્માનો અનુભવ થાય, તે મંત્ર છે.

શ્રી નમસ્કાર મહામંત્ર એ

સ્વદ્રવ્ય - ગુણ - પર્યાય પ્રત્યે

આત્માને જાગૃત કરે છે.

ધીમે - ધીમે નવકાર મંત્રના જાપની સંખ્યા વધતાં

એ જાગૃતતાનું પ્રમાણ અધિકું વધારી દે છે કે તે

સ્વજાગૃતિ જ પછી સ્વરમણતા બની જાય છે.

## 'અર્હં'નું ખરું સ્વરૂપ

'અર્હં' એ શુદ્ધ સ્વરૂપ છે, સર્વજનવત્સલ છે.
ભાવાદ્વૈતને વિરલા સ્પર્શનારા છે, વાસીચંદનકલ્પ છે.
સમ તૃણ - મણિ, લેષ્ટુ* - કાંચન, દુઃખ - સુખ છે.
મૈત્રીના પવિત્ર પાત્ર છે. મુદિતાદિ તે સદા મુદિત છે.
પ્રાણીમાત્ર પ્રત્યે કૃપાવંત છે. પરમ માધ્યસ્થ્ય આદિ
ઔદાસિન્યભાવને ભજનારા છે. સર્વજ્ઞ - સર્વદર્શી છે.
ક્ષાયિક સમ્યક્ત્વ અને યથાખ્યાત ચારિત્રને ધરનારા છે.
અનંત દાન - લાભ - ભોગ - ઉપભોગ - વીર્યવાન છે.
સર્વ દોષોથી રહિત અને સર્વ ગુણોથી પૂર્ણ છે.

### દરેક ધ્યાનના મૂળમાં

આત્મતત્ત્વનું શોધન - આત્મતત્ત્વનું અનુસંધાન છે. સર્વ
શુભ ધ્યાનો તેની આત્મમયતાને લીધે ધ્યાનપણું પામે છે.
આત્મમયતાનું સર્વોત્કૃષ્ટ બિંદુ નવકારમાં જ વિધિયુક્ત છે.
શુદ્ધ આત્મતત્ત્વમાં લય થવાનો સરળ, સહજ અને સત્વર
પંથ એક શ્રી નમસ્કાર મંત્રમાં રહેલો છે. કહ્યું છે કે:
'જે ઉપાય બહુવિધની રચના, યોગમાયા તે જાણો રે,
શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાય ધ્યાને શિવ દિયે પ્રભુ સપરાણો રે.'

... મનમોહન સ્વામી

*લેષ્ટુ = માટી

બધાં પાપોમાં મોટું પાપ મિથ્યાત્વ છે.

બધાં મંગળોમાં મોટું મંગળ મોક્ષ છે.

સંસાર એ પાપની ખાણ છે.

મોક્ષ એ સુખનો ભંડાર છે.

મુક્તિના સર્વ માર્ગો યોગની ભજના છે. માર્ગ છે એક માત્ર 'આત્મા' પદાર્થના શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં લય થવાનો. આ નમસ્કાર મંત્ર દ્વારા સાધનાની ગતિ તે ભક્તિમાંથી શુદ્ધ દ્રવ્ય - ગુણ - પર્યાયમાં લય એ સાત્મ્ય ઉલ્લાસથી જ શક્ય બની રહે છે. - પ x કાં

## કલ્યાણકારિણી ગુરુભક્તિ

ગુણના બહુમાનપૂર્વકની ભક્તિ સકલ કલ્યાણકારિણી છે. એકલી ભક્તિની બાહ્ય ક્રિયા કે એકલા ભગવાનનું નામ નહિ પણ ગુણોના સ્મરણથી ઉભરાતાં બહુમાનપૂર્વક કરાતી ભક્તિ, તે આત્મકલ્યાણકારિણી ભક્તિ છે. દેશ જીતવા માટે કે દેશની રક્ષા માટે જે શિક્ષણની જરૂર પડે, તે કરતાં કાળ જીતવા માટે નવા જાતના શિક્ષણની અને તે શિક્ષણ આપનાર ગુરુની જરૂર પડે છે. ધર્મ દ્વારા માત્ર ઈશ્વરને કે એક આત્માને સ્વતંત્રતા મળે છે, નવ કેળવણીમાં દરેક મનુષ્ય સ્વતંત્ર બને છે, એટલે

એક ઈશ્વરને બદલે ઘણા ઈશ્વર કે એક આત્માને
બદલે ઘણા આત્માઓ અને તેના જુદા જુદા વિચારો
કે વિકલ્પો માલિક બને છે. એક ગામમાં બે રાજા હોય,
તો પણ એ બરાબર વ્યવસ્થા ચાલે નહિ, તો અનેક
રાજાઓથી તો કેમ જ ચાલે? કદિ ન જ ચાલે.
સ્વચ્છંદ = પોતાનું ડહાપણ અને પોતાની ઈચ્છાએ
ચાલવાપણું. તે સ્વચ્છંદતા ગુરુ અને શાસ્ત્રથી જ રોકાય છે.
પોતાના ડહાપણ કે પોતાની ઈચ્છાએ ચાલવામાં આવે,
તો અનેક ઉપાયો કરવા છતાં તે રોકાતો નથી,
કિન્તુ બમણો - અનેકગણો થઈને ઊભો રહે છે.
ઈચ્છા વડે ઈચ્છા શમતી નથી, આજ્ઞા વડે શમે છે.
ડહાપણ કેળવાથી ડહાપણ વધતું નથી,
શાણા પુરુષોને પરતંત્ર રહેવાથી ડહાપણ વધે છે.
કેટલાક કન્યાઓને ઘરની તાબેદારી ગમતી નથી,
તેથી પરણવાની ઈચ્છા કરતી નથી પણ
તે ખરું ભૂલી જાય છે કે
પોતે જ્યારે જાતે કમાણી કરવાની ઈચ્છા કરે,
ત્યારે ઘણા પુરુષોની તાબેદારી ભોગવવી પડે છે.
એ રીતે સાચી સ્વતંત્રતા મળતી નથી.

## સંતોષ - પરમ ધન

મનુષ્ય પાસે કેટલી ચીજો છે, તે ઉપરથી તે ધનવાન નથી બનતો પણ કેટલી ચીજો વગર તેને ચાલે છે, તે ઉપરથી તેનું ધનવાનપણું - life richness માપી શકાય છે.
એનું ધનવાનપણું ધનથી - સાચું ધનવાનપણું સંતોષથી છે.
સંતોષરૂપી ધન કદી ખૂટતું નથી, તે સદા ય અખૂટ રહે છે.
શરૂઆતમાં મનુષ્યના જીવનમાં લાગણીઓ ઉછેરાય છે, ત્યારે અનુકૂળતા - પ્રતિકૂળતાવાળું ભાન રહે છે, પછી જ્યારે બુદ્ધિ ઉત્પન્ન થાય છે, ત્યારે વિવેકભાન આવે છે.
કહેવત છે કે બાર બુધ અને સાઠ સુધ.
બાર વર્ષે બુદ્ધિ આવે અને સાઠ વર્ષે શુદ્ધિ આવે છે.
લાગણીનો વિલય બુદ્ધિથી - બુદ્ધિનો વિલય શુદ્ધિથી થાય છે.

## પાપ અને ધર્મની વિરૂદ્ધતા

પાપ એટલે પુદ્ગલનો રાગ, ધર્મ એટલે ચૈતન્યનો પ્રેમ.
પાપ એટલે વિ-ભાવ, ધર્મ એટલે સ્વ-ભાવ.
પુદ્ગલ વિજાતીય છે, તેથી રાગને અયોગ્ય છે.
ચૈતન્ય સજાતીય છે, તેથી પ્રેમને યોગ્ય છે.
વિપરીતભાવ, વિકૃતિભાવ, વિરૂદ્ધભાવ તે વિભાવ છે,
અવિકૃતિ, અવિરૂદ્ધભાવ તે સ્વભાવ છે.

'સ્વભાવ' એટલે સ્વરૂપમાં રમણતા,
'વિભાવ' એટલે પરરૂપમાં રમણતા.
આત્મસ્વરૂપમાં રહેવું તે સ્વભાવ છે,
અનાત્મસ્વરૂપમાં રમણ કરવું તે વિભાવ છે.
અધર્મ = વિજાતીય પ્રત્યે પ્રેમ, ધર્મ = સજાતીય પ્રત્યે પ્રેમ.
ધર્મની આદિમાં શુદ્ધ ચૈતન્યને જાણવાનું છે અને
ધર્મના અંતમાં શુદ્ધ ચૈતન્યને પામવાનું છે.

નવકારપૂર્વક સર્વ કરણીનું વિધાન છે, જેનું કારણ શુદ્ધ ચૈતન્યને પ્રાપ્ત કરવા માટે ધર્મકરણી છે, તે શુદ્ધ ચૈતન્યપ્રાપ્ત પુરુષોને જાણવાની આવશ્યકતા હોય છે. ધર્મનું ધ્યેય ચૈતન્યના શુદ્ધસ્વરૂપને પ્રગટ કરવાનું છે. એ ધ્યેય સદાકાળ સ્મૃતિપથમાં ટકી રહે એ માટે પ્રથમ તેમને નમસ્કાર છે કે જેઓએ શુદ્ધ સ્વરૂપના નમસ્કાર અને ધ્યાન વડે શુદ્ધ ચૈતન્યને પ્રાપ્ત કર્યું છે અને આદર્શ, ઉપદેશ અને આલંબનથી શુદ્ધ ચૈતન્યને પ્રાપ્ત કરવાના માર્ગને બતાવતા પણ ગયા છે. ધ્યેયની સ્મૃતિ માટે ધ્યેયને પ્રાપ્ત થયેલાને પ્રથમ નમસ્કાર કરવો વિહિત છે. એ વિધાનનું પાલન કરનાર ધ્યેયની પ્રાપ્તિના માર્ગમાં અવિરતપણે વિકાસ માટે સહાય કરે છે.

'કાર્યને પરતંત્ર કારણ છે' એમ વ્યવહાર કહે છે.
'કારણને પરતંત્ર કાર્ય છે' એમ નિશ્ચય કહે છે તથા
'ઉભય પરસ્પર સાપેક્ષ છે' એમ સ્યાદ્વાદ કહે છે.

'શુદ્ધ ચૈતન્યને પામવાની અભિલાષા છે,
માટે જ શુદ્ધ ચૈતન્યને પામેલા પરમેષ્ઠિઓને
નમસ્કાર કરવાનો ભાવ થાય છે' એમ નિશ્ચય કહે છે.
વ્યવહાર કહે છે કે 'શુદ્ધ ચૈતન્યને
નમસ્કાર કરવાથી તે સ્થિતિ મેળવવાનો ભાવ જાગે છે'.
એક 'નમસ્કારથી ભાવ જાગે છે' એમ કહે છે,
બીજો 'ભાવ જાગ્યો છે, માટે નમે છે' એમ કહે છે.
સ્યાદ્વાદ ઉભય વસ્તુને માન્ય રાખે છે પણ તેનો
ક્રમ પ્રથમ વ્યવહાર - પછી નિશ્ચય, એમ બતાવે છે.
પ્રવૃત્તિમાં પ્રધાનતા વ્યવહારની છે, ફળમાં નિશ્ચયની છે.
પ્રથમ નમસ્કાર અને પછી ભાવ - પ્રથમ ભાવ તથા
પછી નમસ્કાર - એમાં ભેદવાદ છે. સ્યાદ્વાદ 'નમસ્કાર
પહેલાં ભાવ' અને 'ભાવ પહેલાં નમસ્કાર' એમ
ઉભય વાતને પોતપોતાના સ્થાને માન્ય રાખે છે.
આત્મા ઇષ્ટ છે, માટે આત્મવાનને નમસ્કાર છે.
આત્મવાનને નમસ્કાર કરવાથી આત્મા ઇષ્ટ લાગે છે.

જીવને સમત્વ ઇષ્ટ છે અને ગમે છે,
તેથી નિશ્ચયનયને અનુસરે છે.
જેઓને ગમે છે અને તેથી સમત્વની રુચિવાળા બને છે,
તેથી વ્યવહારનયને અનુસરે છે.

પાપનાશ કરતં...

મોહ, અજ્ઞાન, અવિદ્યા, તૃષ્ણા, રાગ-દ્વેષાદિ દોષોનો નાશ.
પાપનો નાશ કરતં પુદ્ગલ પ્રત્યેના મોહનો નાશ. મંગળનું આગમન કરતં જીવોના જીવત્વ પ્રત્યે સ્નેહનું આવિર્ભાવ.
નમસ્કારનું ફળ વિરતિ-વિરમણ છે. પાપથી વિરામ પામવું અને ધર્મને વિષે રમણ કરવું. પાપથી વિરમવું, ધર્મમાં રમવું.
જીવો પ્રત્યે દ્વેષના પરિણામ જવા તથા સ્નેહના પરિણામ જાગવા - એ પંચ પરમેષ્ઠિ નમસ્કારનું પ્રધાન ફળ છે.
'નમો' એ પાંચ ઇંદ્રિય અને મનને દમવાનું સાધન છે.
એ સાધન એવું છે કે તે વડે ક્ષમા અને સ્નેહ જાગે છે.
નમો વડે થતું આત્મદમન રાગ-દ્વેષનું શમન કરે છે અને મૈત્રી-કરુણાને વિકસાવે છે. પંચ નમસ્કારનું અનંતર ફળ મિથ્યાત્વ, અજ્ઞાનાદિ પાપનો નાશ છે અને સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યગ્ચારિત્રાદિનો લાભ છે.
નમસ્કારથી અનુક્રમે કામ-ક્રોધ-લોભનો નાશ થાય છે.

'નમવું' એટલે ખમવું, દમવું અને શમવું.
ખમવું એ મૈત્રીરૂપ છે, દમવું પ્રમોદ અને કારુણ્યરૂપ છે
અને શમવું એ માધ્યસ્થ્યરૂપ છે.
દેવમાં દયા છે, ગુરુમાં વાત્સલ્ય છે, ધર્મમાં કરુણા છે.
ધર્મના મૂળમાં સમકીત છે અને તે દેવ-ગુરુ-ધર્મને
નમસ્કારરૂપ છે. નમસ્કાર કરવા માટે હૃદયની વિશાળતા,
મનની પવિત્રતા, વિચારોની નિર્મળતા,
આત્માની લઘુતા, વિનીતતા, સરળતાદિ આવશ્યક છે.

નવકાર મહામંત્ર એ...

દ્રવ્ય તથા ભાવ - બંને પ્રકારની આપત્તિથી બચાવે છે.
અન્ય મંત્ર દ્રવ્યઆપત્તિ ટાળે, તો પણ ભાવઆપત્તિ
વધારે છે. 'ભાવઆપત્તિ' એટલે મોહવિષનું વધવું તે.
મોહના નાશથી જ મહાન થવાય છે, લોભના નાશથી જ
સાચો લાભ થાય છે, માનના નાશથી માન મળે છે, માયાના
નાશથી માયા-પ્રેમ-સ્નેહ-સદ્ભાવ મળે છે. નમસ્કાર મંત્ર
ક્રોધ, લોભ, મોહ, માન, માયાદિ પાપોનો ધ્વંસ કરે છે.
'સુખ' એ કોઈ વસ્તુનું નામ નથી પણ મનની એક
નિશ્ચિત અવસ્થાનું નામ છે, જે સમભાવવાળી અવસ્થા છે.
નમસ્કાર મંત્ર વડે તે અવસ્થા આવિર્ભાવ પામે છે, કેમકે

નમસ્કાર મંત્રમાં સમભાવ પ્રાપ્ત પુરુષોને નમન છે.
ગુણીના ગુણ કરતાં ય ભાવનાનું ગુણ વધારે છે. ગુણીને
ઓળખવા એમ અનુસરણ અને તેનાં સાધનોની જરૂર છે,
તેમ ભાવનાગુણને વિકસાવવા માટે નમસ્કાર અને તેનાં
સાધનોની આવશ્યકતા છે. નમસ્કારભાવને વિકસાવવાનાં
સાધનો દેવમંદિર, ધર્મસ્થાન, તીર્થસ્થાન, સંઘ-સાધર્મિક
મિલન-ભક્તિ-વાત્સલ્ય, મૈત્રી-કરુણાદિ છે અને
તે માટે જ સત્રશાળા, દાનશાળા, ગોશાળાદિ સ્થાનો છે.
પોતાના દોષ વિષે જાગૃત રહેવું, તે ગુણીનું ફળ છે,
બીજાના ગુણ વિષે જાગૃત રહેવું, તે ભાવનાનું પરિણામ છે.
દ્રવ્યથી ક્રિયા વડે-ભાવથી ભાવના વડે આનંદ અપાય છે.

'જીવમાત્રને આનંદપદની પ્રાપ્તિ થાઓ'

એ ભાવના ભાવથી આનંદદાન છે. જીવોને દ્રવ્ય-ભાવ
ઉભયથી આનંદનું દાન એ સૌથી શ્રેષ્ઠ ધર્મ છે.

સાવદ્યનો ત્યાગ - એ કષાયયુક્તતાનો ત્યાગ છે.

'અપ્પાણં વોસિરામિ ।'

એ પદથી કષાયાત્માનો ત્યાગ કરવાનો છે.

'આત્માનમતીતકાલ - સાવદ્યકારિણં વ્યુત્સૃજામીતિ ।'
ભૂતકાળમાં પાપ કરનારા એવા મારા આત્માને વોસિરાવું છું.

પ્રભુની કૃપા તો અહૈતુકી છે, માટે તે ઝીલવવા ભક્તિ
પણ નિષ્કામ જોઈએ. ભક્તિને નિષ્કામ બનાવવા માટે
જીવરાશિ પ્રત્યેનો સ્નેહ પરિણામ વિકસાવવો જોઈએ.
'પરાર્થ એવ હિ સ્વાર્થઃ ।' એ પરિણામ પ્રગટાવવો જોઈએ.
સાચા સ્નેહમાં લેવાની વૃત્તિ રહેતી નથી, આપવાની જ
વૃત્તિ રહે છે અને તેનું જ નામ 'નિષ્કામતા' છે.
નિયાણબંધનનો નિષેધ કર્યો છે, તેનું પાલન સ્નેહ-
પરિણામથી જ શક્ય છે. સ્નેહપરિણામ નિષ્કામ ભક્તિથી
અને નિષ્કામ ભક્તિ પ્રભુની અહૈતુકી કૃપા આદિ
નિષ્કામ કરુણાના વિચારથી જાગે છે. નિષ્કામ કરુણા
આત્મતત્ત્વના સંવેદનથી જાગે, જે મૈત્ર્યાદિ સ્વરૂપ હોય છે.

સૌ પ્રથમ જીવતત્ત્વનું આલોકન,
પછી ઉપલંભ અને છેલ્લે સમાપત્તિ થાય છે.
આલોકન સામાન્ય સ્વરૂપનું, ઉપલંભ વિશેષ સ્વરૂપનું
અને સમાપત્તિ એ બંનેની તીવ્રતાનું ફળ હોય છે.
આલોકન, ઉપલંભ અને સમાપત્તિ - રત્નત્રયસ્વરૂપ છે.
નમસ્કાર વડે તે ત્રણેની પ્રાપ્તિ સુલભ બને છે.

आलोकेनोपलम्भेन मुनित्वेन च साधितः ।
रत्नत्रयमयो हेतुः प्रणवः सर्वसिद्धये ॥ (પરિશિષ્ટ-૫)

નિમિત્તની પ્રબળતા પણ કેટલાક બાબત ઉપાદાનમાં જાગૃતિ લાવવામાં કારણભૂત બને છે. અકામ નિર્જરા વખતે જીવની ક્રિયાનો સત્કાર નથી, સકામ નિર્જરા વખતે જીવની ક્રિયા ભળે છે, કિન્તુ બન્ને વખતે નિમિત્તનો ઉપગ્રહ તો ચાલુ જ છે. શાપ અને આશીર્વાદ જ્યાં ફળતાં દેખાય છે, ત્યાં નિમિત્તની પ્રધાનતા છે. સત્પુરુષો અનુગ્રહશીલ હોય છે. તે અનુગ્રહને શીઘ્રપણે કાર્યકર બનાવવાર્થે જીવે તેમાં ભળવું જોઈએ. જીવના સાથે અભિમુખતા ભળે, ત્યારે વિશેષ શીઘ્ર થાય, જેને 'સકામ નિર્જરા' પણ કહે છે. નવકારના સ્મરણથી એકબાજુ કર્મનો ક્ષય થાય અને બીજીબાજુ ધર્મનો લાભ - બન્ને એક સાથે થાય છે. કર્મનું કારણ પાપ છે અને ધર્મનું કારણ પુણ્ય છે. નવકાર સ્મરણમાં અઢારે પાપોનો ક્ષય કરવાનું અને નવે પ્રકારના પુણ્યની વૃદ્ધિ કરવાનું સ્વાભાવિક સામર્થ્ય છે. તેને પરમર્ષિ ભગવંતોની અહૈતુકી કરુણા કહેવાય છે. બધા જ મંત્રો પરમાત્માની ઉપાસના રૂપ છે. નવકારમાં પરમાત્માના પાંચે પાંચ સ્વરૂપને નમસ્કાર છે, તેથી બધા મંત્રોનું અને વિદ્યાઓનું બીજ તે બને છે.

બધા મહામંત્રો અને પ્રવર વિદ્યાઓમાં
બીજરૂપે આ નમસ્કાર મહામંત્ર અનુસ્યૂત છે.
કહ્યું છે કે: 'પવર મંત વિજ્જાબીઅભૂઅં |' સર્વ સૂત્રોમાં
અક્ષરો પરિમિત છે પણ ગમ અને પર્યવો અનંત છે.
નવકાર પણ સૂત્ર છે અને સર્વ સૂત્રોના પ્રારંભમાં
તેનો પાઠ કરવામાં આવે છે, માટે તેને અનંતગમ અને
પર્યવરૂપી અર્થનો પ્રકૃષ્ટ સાધક કહ્યો છે. નવકાર પ્રવર
પ્રવચન દેવતા ત્રિભુવન સ્વામિની વડે અધિષ્ઠિત છે.

o જેમ ઉખર ભૂમિમાં અનાજ પાકતું નથી,
Imp. તેમ વ્યવહારનયની શ્રદ્ધા વિનાના જીવમાં
નિશ્ચયનયના વિષયોની સાધના થઈ શકતી નથી.
વ્યવહારવાળાનો થોડો પણ બોધ શુક્લપક્ષના ચંદ્રમાની
જેમ વૃદ્ધિ પામે છે, જ્યારે વ્યવહાર વિલોપકનો ઘણો
પણ બોધ કૃષ્ણપક્ષના ચંદ્રમાની જેમ ક્ષય પામે છે.

## તમારા નામને ભૂલી જાઓ.

નામ તો લોકોએ તમને ઓળખવા માટે પોતે આપેલું છે.
તે ખરું તમારું નામ જ નથી એમ માનો.
લાખોમાંથી કોઈ ધનના મોહમાંથી બચી શકે છે,
કરોડોમાંથી કોઈ નારીના મોહમાંથી બચી શકે છે,

લોકૈષણામાંથી તો અસંખ્યાતામાંથી કોઈક જ બચી શકે છે.
વિત્તૈષણા અને દારૈષણા કરતાં પણ
લોકૈષણાનો મોહ છોડવો કઠિનતમ છે. એ ત્યારે જ કાઢી શકાશે કે જ્યારે જાતને પર્યાયાર્થિક દૃષ્ટિએ તથા જગતને દ્રવ્યાર્થિક દૃષ્ટિએ જોતાં શીખવાનું શિક્ષણ લેવામાં આવશે.

'જિનવરની પૂજા તે નિજ પૂજના રે...'

'પ્રભુની પૂજા એ જ આત્માની પૂજા છે પણ આત્માની પૂજા એ પ્રભુપૂજા નથી' એ ન્યાયે પરમાત્મા એ સ્વાત્મા છે. પ્રભુપૂજા વિના આત્મપૂજા ન થઈ શકે, તેમ પરમાત્મા વિના સ્વાત્મા/સ્વહિત સાધી શકાતું નથી.

પરમાત્મા એ જ સ્વાત્મા,
પરપ્રમોદ એ જ સ્વપ્રમોદ, પરકરુણા એ જ સ્વકરુણા
અને પરદોષોપેક્ષા એ જ સાચું માધ્યસ્થ્ય છે.

ચૌદ પૂર્વનો સાર નવકાર

શ્રુતસાગરનો સાર ભક્તિ છે અર્થાત્ ચૌદ પૂર્વનો સાર નવકાર છે. ચૌદ પૂર્વનો સાર કે શ્રુતસાગરનો પાર કરી - બન્ને એક જ વસ્તુ છે. જેણે નવકારને પ્રાપ્ત કર્યો છે, તે જ શ્રુતસાગરને પાર કરી શકે છે. શ્રુતસાગરનું સમગ્ર અવગાહન કરવા છતાં જેનું રહસ્ય

પામવું અતિદુષ્કર છે, તે કારણે શાસ્ત્રકાર મહર્ષિઓએ માત્ર ૬૮ અક્ષરોમાં તેનો સાર-રહસ્ય કહી જણાવ્યું છે, જેનું ધ્યાન પરોક્ષ રીતે જે શ્રુતસાગરમાં પ્રવેશ કરે છે, તે તેના રહસ્યને મેળવી શકે છે.

'સંસાર એ પાપમય હોવાથી હેય છે, મોક્ષ મંગળમય હોવાથી ઉપાદેય છે' એ રહસ્યને તે ટૂંકમાં સમજાવે છે, તે કારણે 'જેઓ સંસારના પારને પામ્યા છે અને પામવાની અણી ઉપર છે, તેઓ નમનીય છે અને તે શિવપદનું જ્ઞાન દમનીય છે' એમ આ પંચ નમસ્કાર પ્રતિપાદન કરે છે. ધર્મમાત્રનું ધ્યેય સ્વરૂપપદમાં રહે, તે માટે ધર્મના પ્રારંભમાં પંચ પરમેષ્ઠિનું બહુમાનપૂર્વક સ્મરણ કરવું આવશ્યક છે. વળી ધ્યેય તેમ ધર્મમાત્રનું મૂળ આદર્શરૂપે, ઉપદેશરૂપે, આલંબનરૂપે પંચ પરમેષ્ઠિ છે, તે કારણે પણ ધર્મની આદિમાં નમસ્કાર આવશ્યક છે. એ રીતે નમસ્કારમાં ઉભયનયોની સંધિ રહેલી છે. ધર્મના આદ્યપ્રકાશક અને આદ્યપ્રવર્તક હોવાથી તેમને નમસ્કાર વ્યવહારનયના કૃતજ્ઞતા ગુણને દૃઢ કરે છે અને ધર્મનું ઉત્કૃષ્ટ ફળ મેળવનાર હોવાથી તેમને નમસ્કાર નિશ્ચયનયના સ્વાતંત્ર્ય ગુણને વિકસાવે છે.

'શ્રુતસાગરનો સાર નમસ્કાર છે' એટલે કે કૃતજ્ઞતાગુણનું પાલન અને સ્વતંત્રતાગુણની સિદ્ધિ છે. જેને જે ગુણ પામવો હોય, તેણે તે ગુણ પામેલાને નમવું જોઈએ, આદર-બહુમાન-ભક્તિ બતાવવા જોઈએ, તેમ કરવાથી તે ગુણ પામવાની પાત્રતા વધે છે, તે ગુણ પામેલાનો અનુગ્રહ પ્રાપ્ત થાય છે. જેના અંતઃકરણમાં ગુણ પામેલા પ્રત્યે આદર-બહુમાન નથી, તેને તે ગુણ પામવા માટે સાચી ઉત્કંઠા નથી અથવા ઉત્કંઠા છે તો પણ તેના ઉપાયનું જ્ઞાન નથી. ગુણ પામેલાને નમવાથી ગુણ પામવાની ઇચ્છા ન હોય તો જન્મે છે, જન્મી હોય તો ટકે છે, વધે છે અને તેના પ્રકર્ષ પર્યન્ત પહોંચાડે છે. ઉપાદાનમાં વિશુદ્ધિનું આધાન નિમિત્તના સેવનથી જ થાય છે અને સ્વરૂપપ્રકટતાને ફલોપધાયક બનાવવા માટેનો ઉપાય સહકારિ સમવધાન છે. માટીમાં ઘડો બનવાની યોગ્યતા દંડચક્ર, ચીવરાદિનું સમવધાન માંગે છે તેમાં ય મુખ્યતા કુલાલની છે. કુલાલના અભાવમાં દંડ, ચક્રાદિ પણ કાર્યકારી થતાં નથી. મોક્ષમાર્ગમાં કુલાલના સ્થાને ધર્મના નાયક, સારથિ, ચક્રવર્તી, તીર્થંકર પ્રભુ અને દંડ, ચક્રાદિને સ્થાને તેમનો ઉપદેશ, આગમ, તીર્થ આદિ છે. તે કારણે મુમુક્ષુ આત્માને માટે પરમેષ્ઠિ નમસ્કાર એ સર્વ સાધનાની આદિમાં આવશ્યક છે.

મોક્ષમાર્ગદર્શક, મોક્ષસાધક, મોક્ષસિદ્ધ પુરુષો ઉદ્દેશ્ય છે.
'મોક્ષ' એટલે બંધનમુક્તિ - પૂર્ણસ્વાતંત્ર્ય.
'મોક્ષમાર્ગ' એટલે નમસ્કાર, કૃતજ્ઞતા તથા
આજ્ઞાપાલનાદિના સર્વ પ્રકાર.
આમ પરમેષ્ઠિ નમસ્કારની ઉપયોગિતા સ્વયંસિદ્ધ છે.
નમ્રતા વિના કૃતજ્ઞતા નહિ અને
કૃતજ્ઞતા વિના સ્વતંત્રતા નહિ.
'લઘુતામાં પ્રભુતા વસે છે' એ વાક્ય
દીર્ઘ અનુભવથી નક્કી થયેલું છે. લઘુતાને ટકાવી રાખવા માટે ક્ષમાપનાની આવશ્યકતા છે અને ક્ષમાપનાને દૃઢ કરવાને માટે લઘુતાની આવશ્યકતા છે. એ માટે નવકાર મંત્ર પ્રેરણાસ્થાન અને નિત્ય પઠનીય છે. નવકાર મંત્રનો નિયમિત નિત્ય ૧૦૮ વાર પાઠ નમ્રતા લાવે છે, વિનય અને વિવેક વિકસાવે છે. સાધના અને ઉપાસના માટે આવશ્યક બળને અર્પે છે. એ દ્વારા અદ્ભુત મનોબળ કેળવાય છે. ઈંદ્રિયો ઉપર વિજય પ્રાપ્ત કરવા માટે જરૂરી મનોબળ અને ભાવનાબળ વિકસે છે. જાણપૂર્વક કે અજાણપૂર્વક થતાં અને થયેલાં પાપોની ક્ષમાપના પણ આડકતરી રીતે આ નમસ્કારમાં આવી જાય છે.

નમસ્કાર વિનાનું ધર્મવિધાન જૈનશાસનમાં માન્ય કરવામાં આવેલ નથી. ધર્મનું કારણ નમસ્કારભાવ છે, તેમ ધર્મનું કાર્ય પણ નમસ્કારભાવ જ છે. ધર્મના મૂળમાં અને ફળમાં નમસ્કાર રહેલો છે. નમસ્કારભાવ પ્રમોદભાવને સૂચવે છે અને પ્રમોદભાવ એ કરુણાદિ ગુણોનું અનુમાન કરે છે, તેથી કરુણા, મૈત્રી, પ્રમોદ અને માધ્યસ્થ્ય - એ ચાર ભાવ ધર્માત્મામાં વ્યાપક છે.

સ્નેહ વગરનું સમર્પણ વ્યર્થ જાય છે.

પૂજા કરો તો અંતરના પ્રેમથી કરો.

કર્મો દુઃખ ભોગવવાનાં છે, એમાં દોષ કોને દેવાનો?

દાંત તળે જીભ કચડાય તો દંડ કોને આપશો?

મજામાં સૌ સાથે આવે, સજા જીવ એકલાને ભોગવવી પડે.

સત્વગુણ વધશે એટલે પ્રભુના મિલન માટે આતુરતા વધશે.

કાળની પક્કડમાંથી કાળના પણ કાળ એવા ભગવાન જ છોડાવે.

સંસારમાં જેને ભગવદ્ભાવ જાગશે, એ કાળના મુખમાંથી છૂટી જાય છે. સાનુબંધનની બેડી જીવનનું પણ બંધન તોડીને ભક્તિ અને ગાનરૂપી અમૃત મેળવવાનાં છે.

○ મનનો માલિક ચંદ્રમા છે, બુદ્ધિનો માલિક સૂર્ય છે. મન-બુદ્ધિને સ્થિર કરી ધ્યાન કરવા લાગો, એટલે

વિષયરૂપી શત્રુ આડે આવીને ઊભો રહે છે. જ્ઞાનરૂપી શુદ્ધનિશ્ચયથી વિષયરૂપી શત્રુનો શિરચ્છેદ કરવો જોઈએ. જ્યાં સુધી કોઈ સંતની કૃપા ન મળે, ત્યાં સુધી એકલા જ્ઞાનથી વિષયરૂપી શત્રુ મરતો નથી.

o ભગવાન પાસે પરમાત્મા ત્રણ વસ્તુઓ માંગે છે: તન, મન, ધન. જે તન, મન, ધન ભગવાનને સમર્પે છે, તેના શરીરનું તથા ઇંદ્રિયોનું રક્ષણ ભગવાન કરે છે અને ભગવાન તે બધામાં વાસ કરે છે.

o પ્રેમ એ આત્મહિતચિંતારૂપ છે.
આત્મહિતચિંતામાં સ્વ - પરનો ભેદ નથી.
પરહિતચિંતાથી ક્રોધ - વેર ઉત્પાદ છે.
સ્વાત્મહિતચિંતાથી કામ - લોભાદિ ઉત્પાદ છે.
સ્વઆત્મામાં સામાન્યથી સર્વ આત્માનો સમાવેશ થાય છે.
વિશેષથી સ્વ અને સામાન્યથી સર્વ.
વસ્તુમાત્ર સામાન્ય - વિશેષ ઉભયાત્મક છે.
સર્વનો સમાવેશ જ્યાં સુધી સ્વમાં ન થાય, ત્યાં સુધી એટલે અંશમાં અનાત્મભાવ રહી જાય છે. આત્મામાં અનાત્મભાવ મિથ્યાત્વ છે, પરાર્થપરાયણતા આંશિક મોક્ષ છે. સર્વાર્થપરાયણતા એ સંપૂર્ણ મોક્ષ છે.

નમસ્કારમાં અવસ્થિત ચાર વર્ણોના ગુણ

બ્રાહ્મણો બ્રહ્મતેજથી, ક્ષત્રિયો ક્ષાત્રવટથી,
વૈશ્યો ધનના દાનથી અને શુદ્રો સેવાવ્રતથી શોભે છે.
નમસ્કારમાં બ્રાહ્મણોનું બ્રહ્મતેજ, ક્ષત્રિયોની પરાર્થવૃત્તિ,
વૈશ્યોની ઉદારનીતિ, શુદ્રોનું સેવાવ્રત સાર્થક થાય છે.

આપત્તિમાં ભગવાનનું સ્મરણ કરવું,
સંપત્તિમાં સર્વસ્વનું દાન કરવું. સંગ્રહથી વિગ્રહ વધે છે.

ધન બહું શુદ્ધ હોતું નહિ, તેથી
તેનો પાંચમો ભાગ તો દાનમાં જવો જ જોઈએ.
નીતિનું ધન મહાલક્ષ્મી અને અનીતિનું ધન અલક્ષ્મી છે.

o જન્મ, મરણ, રોગ, ભોજન અને ભજન -
એ પાંચ વાના પોતે જ કરવા પડે છે,
એમાં અવેજીની બદલી થઈ શકતી નહિ.
આહારની સાથે નિહાર અને વિહાર પણ જોડાયેલાં છે,
તેથી તે પણ પોતે જ કરવા પડે છે.
ભોજન સરસ, તેનું ભજન નીરસ અને
ભોજન નીરસ, તેનું ભજન સરસ.

o આત્મામાં જે શક્તિ છે, તે પરમાત્માની છે, તેથી
આત્મા અને પરમાત્મા એક છે.

ગુરુ સદ્જ્ઞાનનો સાક્ષી છે અને સાધક
તે જ્ઞાનને જીવનમાં ઉતારવાથી ઈશ્વરતાને પામે છે.
ગુરુમાં શિષ્યના સંદેહો ટાળવાની, મંત્રમાં મનના વિકલ્પો
(અશુભ)નિવારવાની અને પ્રતિમામાં આત્મદર્શન કરાવવાની
અદ્ભુત શક્તિ રહેલી છે, માટે
ગુરુમાં મનુષ્યબુદ્ધિ, મંત્રમાં માત્ર વર્ણમાળાની અથવા
પ્રતિમામાં પથ્થરની બુદ્ધિ ધારણ કરવી, તે ઘોર પાપ મનાય છે.
મનનું રક્ષણ કરવાની શક્તિ મંત્રમાં છે,
બુદ્ધિનું રક્ષણ કરવાની શક્તિ ગુરુમાં છે અને
આત્માનું રક્ષણ કરવાની શક્તિ પ્રભુમૂર્તિમાં રહેલી છે.
મંત્ર અને મૂર્તિનું માહાત્મ્ય બતાવનાર ગુરુ હોવાથી
મંત્ર, મૂર્તિ તથા ગુરુ - ત્રણેયમાં ગુરુતત્ત્વ મુખ્ય છે.

અવિદ્યાના પાંચ દોષ

| | |
|---|---|
| દેહાધ્યાસ | - પ્રતિમાદર્શન |
| ઇંદ્રિયાધ્યાસ<br>પ્રાણાધ્યાસ<br>અંતઃકરણાધ્યાસ | } મંત્રસ્મરણ |
| સ્વરૂપ વિસ્મૃતિ | - ગુરુશરણ |

મંત્રથી ક્રોધ, મૂર્તિથી કામ તથા ગુરુથી કુબુદ્ધિ હણાય છે.

## કેટલાંક શબ્દોના રહસ્યાર્થ

દિતિ = ભેદવૃત્તિ. અદિતિ = અભેદાકારવૃત્તિ. કશ્યપ = બ્રહ્માકારવૃત્તિ. નારાયણ = જેનું દિલ કોમળ છે તે. માખણચોર = મૃદુ મનનો ચોર. કૃષ્ણ = પૂર્ણ પરમાત્મા, કૃષ્ણ કહે તે કરવાનું અને રામ કરે તે કરવાનું.

એકાદશી = ૧૧ ઇંદ્રિયોને પ્રભુમાં પરોવવા તે.

ઉપવાસ = પ્રભુની સમીપમાં રહેવું તે.

જ્ઞાની = બધામાં સમતાભાવ રાખે તે.

જ્ઞાન = 'બધામાં ઈશ્વર છે' એવું જ્ઞાન થવું તે. રાવણ = સૌને રડાવે તે, કામ. રામ = મર્યાદાપુરુષોત્તમ. દશરથ = દશે ઇંદ્રિયોરૂપી ઘોડાને કાબુમાં રાખી રામ તરફ લઈ જાય તે. કૌશલ્યા = નિષ્કામ બુદ્ધિ. સુમિત્રા = શ્રદ્ધા. કૈકેયી = કુબુદ્ધિ. સીતા = પરાભક્તિ અથવા બ્રહ્મદૃષ્ટિ. અશોકવન = જ્યાં શોક ન હોય તે. ગોકુળ = હૃદય. ભક્ત = પ્રભુથી વિભક્ત ન થાય તે. યશોદા = બુદ્ધિ, બીજાને યશ આપે, પોતે યશ ન લે તે. લંકા = કાળ.

રામ કોને મળે? જે માતા-પિતાની સેવા કરે, જે એક પત્નીવ્રત પાળે તેને રામ અર્થાત આરામ મળે. બાળક માતા-પિતાનો સેવક અને નિર્વિકાર હોય છે

તેના બેમાંથી જે થાય, તેને રામ મળે. જેનું ચિન્તન
કરવાથી કામનો નાશ થાય, તે ભગવાન. રામનું માયાવી
રૂપ છેતરીને કરવાથી પણ રાવણને સીતામાં માતા દેખાણા.
વ્રજ = માનવશરીર. રાધિકા = આત્માકારવૃત્તિ - વિરતિ.
ગોપી = જીવ - આત્મ અભિમુખવૃત્તિ - સમ્યગ્દર્શન.
પુષ્ટિમાર્ગ = દરેક કાર્યમાં ઈશ્વરાનુસંધાન,
ઈશ્વર પુષ્ટાવલંબન છે, માટે પુષ્ટિમાર્ગ.
કંસ = અભિમાન, કૃષ્ણ = નિરભિમાન.
ચીરહરણલીલા = વૃત્તિઓનાં આવરણનું નષ્ટ થઈ જવું.
રાસલીલા = વૃત્તિઓનું આત્મામાં રમણ કે વિલીન થવું.
વસ્ત્રોની ચોરી = બુદ્ધિગત કામવાસનાની ચોરી.
તેમ સમજાય છે કે શરીરનું મિલન તુચ્છ છે,
મનનું મિલન મહાન છે.
સુભદ્રા = કલ્યાણકારિણી બ્રહ્મવિદ્યા.
કુરુક્ષેત્ર = કાર્યક્ષેત્ર (માનવશરીર).
માનવશરીરમાં પ્રવૃત્તિ - નિવૃત્તિનું યુદ્ધ ચાલુ છે.
શરીર રૂપી રથમાં જે સારથિ તરીકે શ્રીકૃષ્ણને બેસાડે,
તે કુરુક્ષેત્રનું યુદ્ધ જીતે,
શુભવૃત્તિઓ વડે અશુભ વૃત્તિઓ ઉપર વિજય મેળવે.

કામને જીતવો મુશ્કેલ છે માટે બ્રહ્મચર્યનાં ખૂબ વખાણ કર્યાં છે. કામ ક્યાં વસે છે? સ્ત્રીઓના કેશ અને મુખમાં, કિન્તુ પગમાં નહિ. પુરુષોના પગ અને સાથળમાં, કિન્તુ મુખ અને ઉદરના ભાગમાં નહિ.

ચામડીનો વિચાર કરે, તેને ચમાર બનવું પડે.

કામ દેખાતો નથી છતાં સૌને મારે છે,

ઈશ્વર દેખાતો નથી, છતાં

ઈશ્વરનું ચિંતન કરતાં કરતાં ઈશ્વરમય બની જવાય છે.

કામ પહેલાં આંખમાં - પછી મનમાં આવે છે.

કામને આધીન થાય તે જીવ, કામને આધીન કરે તે શિવ.

કામને મારનાર કાળને મારે છે.

કામવાસના હૃદયનો રોગ છે. પ્રેમ = ત્યાગ, મોહ = રાગ, ભોગ = રોગ, યોગ = જીવ તથા ઈશ્વરનો સંયોગ.

ત્યાગ = શરીરથી ત્યાગ, સંત્યાગ = મનથી ત્યાગ.

આધ્યાત્મિક શરીર, સૂક્ષ્મ શરીર, મન - અતિસૂક્ષ્મ છે.

મન મરે ત્યારે મુક્તિ મળે.

ભક્તિ પ્રભુને બાંધે, વંદન ભગવાનને બંધનમાં નાંખે છે.

ઈશ્વર દરેકના હૃદયમાં સુતેલા છે, તેને જગાડવાના છે.

નિરોધ એ અભ્યાસ અને વૈરાગ્યથી સિદ્ધ થાય છે.

અભ્યાસ - આત્મામાં સ્થિર થવાનો,

વૈરાગ્ય - અનાત્માથી પર થવાનો અર્થાત્

પ્રભુના હૃદયમાં જઈને વસવાનો અથવા પરમાત્માને હૃદયમાં વસાવવાનો અભ્યાસ વૈરાગ્યથી મિશ્રિત છે. માનવકાયામાં વિષયાનંદ હોય, ત્યાં સુધી બ્રહ્માનંદ ન આવે.

ભક્તિનું ફૂલ જ્ઞાન અને વૈરાગ્ય છે. જ્ઞાની અને વિરક્તની ભક્તિ જ્ઞાન અને વૈરાગ્ય લાવે છે. હૈયામાં જીવો પ્રત્યે વિરોધ રહે, ત્યાં સુધી પરમાત્મામાં નિરોધ ન થઈ શકે. નિરોધને માટે નિર્વૈરતા અને નિર્વાસનતા જોઈએ. નિર્વૈર અને નિર્વાસન થવાથી ઈશ્વર સાથે સંબંધ થાય. જીવો સાથે નિર્વૈરતા અને પુદ્ગલો પ્રત્યે નિર્વાસનતા.

દેહાધ્યાસ છૂટી જાય તો બ્રહ્માકારવૃત્તિ થાય.

મન, વાસના અને અધ્યાસ મરવાથી મુક્તિ મળે છે.

તન્મે મનઃ શિવસંકલ્પમસ્તુ | શુભ વિચારો સદા ફળે છે.

વિયોગ વગર તન્મયતા નહિ.

સંયોગમાં ચાક્ષુષ દર્શન છે, વિયોગમાં માનસદર્શન છે.

ગૃહસ્થને ક્રમમુક્તિ છે, સાધુને સદ્યમુક્તિ છે.

માનસિક એકાગ્રતા કેળવ્યા સિવાય શક્તિનો સંચય થતો નહિ, શક્તિ આવ્યા વિના શુદ્ધિમાં ટકી શકાતું નહિ.

જીવ અને ઈશ્વરનો પહેલો સંબંધ શબ્દથી થાય છે.
બીજો કે 'હું તમારો છું' એ વેવિશાળ - વાગ્દાન છે.

'નમો અરિહંતાણં' એનું પ્રત્યક્ષ છે.

ભક્તિહીન જીવો નરકમાં પડે છે,

ધર્મહીન જીવો તિર્યંચમાં જાય છે.

મનને સુધારવાનું કાર્ય પોતે કરવાનું છે.

મોટામાં મોટું દાન - અભયદાન.

મોટામાં મોટું તપ - કામનાનો ત્યાગ.

મોટામાં મોટો પંડિત - જે બંધ - મોક્ષનું તત્ત્વ જાણે તે.
મોટામાં મોટો જ્ઞાની - પુસ્તકમાં લખેલું જીવનમાં ઉતારે તે.
જ્ઞાનની વાતો નહિ પણ અનુભવ કરવાનો ટેવ છે.
અસંતોષી તે ગરીબ. નિંદાની અસર ન થાય તે ભક્ત.
પાપ-પુણ્ય ઉપર નિર્ભર રહે, માત્ર બુદ્ધિ ઉપર નહિ

તે ધર્મ અને પુરુષ.

પાપ-પુણ્યનો વિચાર કરવાને બદલે વ્યવહારની અને બુદ્ધિની ભાષાને જ આગળ કરે, તે અધર્મ તથા અપુરુષ.
o 'બીજાને પીડા કરવાથી પીડા - સુખ આપવાથી સુખ' એ કર્મનો અટલ નિયમ જ 'આપણા આત્માને બીજા જીવો સાથે નિત્ય સંબંધ રહેલો છે' એમ સૂચિત કરે છે.

પીગળવા અને ભળી જવાના સંબંધનો ચમત્કાર એ અગાધ અને મહિમા ધરતી વસ્તુ છે. ભળી જવા પ્રત્યે ઉદાસીનતા એ લાભ નહિ પણ ખોટ છે.

## ચૂલિકાના પદોનો રહસ્યાર્થ

અરિહંતાદિ પંચ પરમેષ્ઠિઓમાં ભક્તિ શ્રદ્ધા અને ભક્તિયોગ વડે આત્માનો દ્રવ્ય અને ભાવસંબંધ થવાથી પાપનો આશ્રવ અટકી જાય છે. એ ચૂલિકાના પ્રથમ બે પદોમાં દર્શાવેલું ફળ છે અને આત્મામાં પરમેષ્ઠિઓનો દ્રવ્ય અને ભાવસંબંધ થવાથી ચૂલિકાના છેલ્લા બે ચરણોમાં કહેલું સર્વ પ્રધાનમંગળના લાભરૂપી ફળ છે. આત્મામાં પરમેષ્ઠિઓનો દ્રવ્યસંબંધ એટલે દ્રવ્યથી સમાનતા અને ભાવસંબંધ એટલે ભાવથી સમાનતા. First is similarity of substance, the second is sameness of essence.

૦ પ્રેમ એની પ્રકૃષ્ટ અવસ્થાએ પહોંચે છે, ત્યારે દીનતાને મહાનતામાં, તૃષ્ણાને તૃપ્તિમાં, આવેગને આનંદમાં અને સ્વાત્માભિમાનને સ્વાર્પણમાં પલટાવી જ દે છે.

आत्मा तु राधिका तस्य तथैव रमणादसौ ।
आत्माराम इति प्रोक्तो, मुनिभिर्गूढवेदिभिः ॥१॥

(પરિશિષ્ટ-૬)

રાધાની ભીતર કૃષ્ણ અને કૃષ્ણની ભીતર રાધા,
નરમાં નારી અને નારીમાં નર સમાઈ જાય છે.
દ્વૈત વગર પ્રેમ જન્મતો નથી અને દ્વૈતમાંથી અદ્વૈતમાં
જવું - અદ્વૈત ભણી પ્રયાણ કરવું, એ પ્રેમની સાધના છે.

એ પ્રેમમાં આત્માનું પરમ આત્મા સાથે,
પ્રિયનું પ્રિયતમ સાથે મિલન થાય છે.

o દુઃખોને માંગતા નહિ પણ આપતાં શીખો.
'આપને આપનાં દુઃખ મળો' એ ક્રાંતિ છે પણ ઉત્ક્રાંતિ નથી.
'આપને આપનું સ્વસ્વરૂપ મળો' એ ઉત્ક્રાંતિ છે પણ ક્રાંતિ નહિ. ક્રાંતિનો વિચાર એ મિથ્યા છે, જ્યારે ઉત્ક્રાંતિનો વિચાર એ સમ્યક્ છે. દુઃખ ભોગવવા માટે આપણે બીજાઓ પ્રત્યે અશુભ વર્તન કરવું પડે છે, જ્યારે સ્વસ્વરૂપની પ્રાપ્તિ કરવા માટે પોતાથી ભિન્ન બીજા સર્વ જીવો પ્રત્યે શુભ વર્તન કરવાનું હોય છે.

સ્વત્વ એ જીવનું ખોવાયેલું સ્વરૂપ છે,
વ્યક્તિત્વ એ જીવનું માયાવી સ્વરૂપ છે.

એક વાસ્તવિક સત્ય

શાશ્વત સત્યો મનોરંજનથી નહિ,
કિન્તુ મનોમંથનથી પ્રાપ્ત થાય છે.

પુષ્ટિ = ભગવદનુગ્રહ. તે કોઈપણ સાધન વિના આને પોતાના સ્વરૂપના બળથી જ ફળનું પ્રાગટ્ય કરે છે.

તેનું મુખ્ય સાધન પ્રેમલક્ષણાભક્તિ છે.

ઉત્સવ એ ભેદભાવ ટાળવા માટેનું પર્વ છે.

ધર્મ ઉત્સવો એ અભેદભાવ તરફ લઈ જવા માટે છે.

દ્વૈતપ્રપંચ એ સત્ય છે, દ્વૈતભાવ એ મિથ્યાભાવ છે.

પ્રદેશથી ભેદ છે પણ ભાવથી અભેદ છે.

દ્વૈતબુદ્ધિ એ અવિદ્યાનું કાર્ય છે.

o વિનાશી પદાર્થોમાં આત્મબુદ્ધિનો ત્યાગ એ ખરો ત્યાગ છે. પરપદાર્થમાં અહંભાવનો ત્યાગ એ જ મહાત્યાગ છે. ફક્ત વગર મન પર કાબુ મેળવવાનો પ્રયત્ન કઠિન લાગવાથી નિરપરાધી સ્થૂળદેહને કષ્ટ આપવાનું મન થાય છે. આત્મા એ જ સર્વ સંપત્તિઓનું નિવાસસ્થાન છે. અહંતાનો ત્યાગ કરે, તેને સર્વ સંપત્તિઓ આવી મળે છે. આત્મજ્ઞાનથી વિશ્વજ્ઞાન અને વિશ્વ ઉપર આધિપત્ય પ્રાપ્ત થાય છે. 'હું ચિદાત્મા છું. દેહ, મન, વચન, જન્મ, મરણ, સુખદુઃખથી પર છું, સર્વવ્યાપક, નિર્લેપ સર્વવિદ છું' આવી અનુભવયુક્ત નિષ્ઠા જે જ્ઞાનીને થાય છે, તે જ મહાત્યાગ છે. -શ્વેતાશ્વતર ઉપનિષદ

# જીવાત્મા અને પરમાત્મા

જીવાત્મા - પરમાત્મારૂપ બે પક્ષીઓ સાથે સાથે રહેનારા
મિત્રો એક જ શરીરરૂપી વૃક્ષમાં પરસ્પર ભેટીને રહેલાં છે.
તેમાંનું એક પક્ષી (જીવાત્મા) મીઠું લાગતું (કર્મનું) ફળ ખાય છે
અને બીજું (પરમાત્મા) તેને ન ખાતાં માત્ર જોયા કરે છે.

એક જ વૃક્ષમાં આસક્ત બનેલો (જીવાત્મા)
અસમર્થ હોવાથી મોહ પામીને શોક કરે છે.
જ્યારે તે બીજા (પરમાત્મા)ને નિયંતા તરીકે જુએ છે,
ત્યારે તે 'આનો જ મહિમા હું જોઈ રહ્યો છું'
એમ સમજી શોકરહિત થાય છે.

જ્યાં સુધી જીવાત્મા પોતાને ઈશ્વરથી ભિન્નરૂપે જુએ છે,
ત્યાં સુધી તે ભવચક્રમાં ભ્રમણ કરે છે.

અભેદોપાસના વડે અભેદનું જ્ઞાન થયા પછી અદ્વૈત
બંનેની એકતા જાણ્યા પછી તેને મુક્તિ મળે છે. જો
જીવાત્મા પોતાના પરમાત્મસ્વરૂપને જાણી લે, તો પછી
શા ફળની ઈચ્છાથી શરીર ધારણ કરી સંતાપને પામે?
મંદ વૈરાગ્યવાળા માટે ભેદોપાસના-તીવ્ર વૈરાગ્યવાળા માટે
અભેદોપાસના દ્વારા અભેદજ્ઞાન પ્રાપ્ત કરવું શક્ય છે.

મનુસ્મૃતિમાં કહ્યું છે કે:

શ્રુતિદ્વૈધં તુ યત્ર સ્યાત્ તત્ર ધર્માવુભૌ સ્મૃતૌ ।
ઉભાવપિ હિતૌ ધર્મૌ સમ્યગુક્તૌ મનીષિભિઃ ॥ (પરિશિષ્ટ-૭)

From conecept to consciousness

એટલે ભાવમાંથી ભાનમાં જવું તે.

'હું સમષ્ટિ છું' એવો ભાવ અને

'હું સમષ્ટિ છું' એવું ભાન - એ બે વચ્ચે તફાવત છે.

નમસ્કાર એ સ્વીકારના અર્થમાં છે.

'સ્વીકારવું' એટલે પોતાનું કરવું. એલર્જી જેને પણ સ્વીકારે છે, તેને તે સ્વતંત્ર વસ્તુ તરીકે રહેવા દેતી નથી. વસ્તુ એકમેક થવા = જે ઘરમાં ગઈ, તે ઘરરૂપ જ બને તે. એલર્જી જેનો વિરોધ કરે છે, તેવા વિજાતીય વસ્તુને બહાર ફેંકી દે છે અને તેને કદી યાદ પણ કરતી નથી. ગમે તે ચાવલ ભલે મોઢામાં નાંખો પણ જો તે શરીરને નુકસાનકારક હશે તો સૌ પ્રથમ જીભ જ ના પાડશે.

જીભનું નહિ સાંભળો તો ગળું ના પાડશે.

તેને પણ જો નહિ સાંભળો તો આંતરડા બળવો કરી વિજાતીય તત્ત્વને બહાર ધકેલવા ધમાલ કરશે. એ રીતે વિજાતીય તત્ત્વને ધકેલી બહાર કાઢો અને સજાતીય તત્ત્વને તમારું પોતાનું સ્વરૂપ બનાવી લ્યો, એ જ નમસ્કારનું તત્ત્વ છે.

નમસ્કારમાં વિજાતીય તત્ત્વોની સાથે યુદ્ધ છે, સજાતીય તત્ત્વોને આલિંગન છે. સજાતીય તત્ત્વ ઉપર પ્રેમ અને વિજાતીય તત્ત્વ સાથે યુદ્ધ - એ બે પાંખો ઉપર જ મનુષ્યજીવનનું આકાશ ઉડવાનું છે.

પ્રેમનો સિદ્ધાંત એ ખ્રિસ્તી ધર્મનું સર્વસ્વ છે. તેને આપણી ભાષામાં સાત્ત્વિક નિઃસ્વાર્થ મૈત્ર્યાદિ ભાવો કહી શકાય. Agape and Eros નામના પુસ્તકમાં એનું વિસ્તૃત વર્ણન છે. ગ્રીક તત્ત્વવેત્તાઓ તથા સંત પૌલના વિચારો તેમાં વર્ણવ્યા છે. જેમ ભક્તિ અને મોક્ષ પરસ્પર સંબદ્ધ છે, તેમ Agape (love for God) & Eros (love for neighbour) પરસ્પર સંબદ્ધ છે. જેવો પ્રેમ પરમાત્મા પ્રત્યે, તેવો જ સાત્ત્વિક પ્રેમ પાડોશી પ્રત્યે પણ હોવો જોઈએ. love of God એટલે ઈશ્વરનો નિષ્કામ અનુગ્રહ. વીતરાગતા શબ્દ અનુગ્રહના અભાવનો સૂચક નહિ પણ નિષ્કામતાસૂચક છે. અનુગ્રહની પાછળ કોઈ કામના ન હોય, ત્યારે તે 'વીતરાગનો અનુગ્રહ' કહેવાય. સંપૂર્ણ નિષ્કામતા વીતરાગતા સાથે સંબંધિત છે. અંશે પણ કામના રહી હોય, ત્યાં શુદ્ધ અનુગ્રહમાં પ્રવૃત્તિ આવતી નથી. શુદ્ધ આત્માઓ

જીવોની યોગ્યતા પ્રમાણે અનુગ્રહ કરતા જ હોય છે. ભગવાન પ્રત્યે અનંત કરુણા એ શુદ્ધ આત્માઓનું સ્વરૂપ જ છે. પ્રત્યેક મંત્રના દ્રષ્ટાઓનો સંકલ્પ તેમના શબ્દોમાં ઉતરે છે અને એ શબ્દોની સાથે અભેદભાવ પામેલો સંકલ્પ ફળપ્રદાન કરનાર થાય છે.

## સિદ્ધ ભગવંતોની નિષ્ક્રિયતા

કુશળ તરવૈયો પાણીની સપાટી ઉપર નિષ્ક્રિયની જેમ પડ્યો રહે છે, હાથ-પગ પછાડતો નથી, એનો અર્થ એ નથી કે તે કાંઈ જ કરતો નથી. તે પુરુષાર્થ એટલો સૂક્ષ્મ પ્રકારનો હોય છે કે જાણે સ્થૂળ આકાર જ ગુમાવી દે છે.

'પુરુષાર્થ' એટલે આ જાતની નમ્રતા,
નિરાભિમાનતા, સ્વાત્મ વિસર્જનશીલતા.

અસહાયતા બે પ્રકારની હોય છે: એક તો મૂઢતાભરી દશાવાળી અને બીજી સભાન તથા જાગ્રત દશાવાળી. જ્યારે જીવનને ગુમાવવાની પળ આવી પહોંચેલી અનુભવાતી હોય છે, ત્યારે જ જીવનની પ્રાપ્તિની સાચી પળ પણ આવી પહોંચેલી દેખાતી હોય છે.

હારમાં જ જીત, મૃત્યુમાં જ જીવન, ત્યાગમાં જ પ્રાપ્તિ - એ જીવનની વાસ્તવિક અનુભૂતિઓ છે.

વ્યક્તિગત બળ જે ક્ષણે પોતાનું વ્યક્તિત્વ વિસર્જિત થઈ જતું જુએ - અનુભવે છે, તે જ ક્ષણે તે અંત છતાં તેનામાં આત્માની અમર્યાદ શક્તિનું પ્રાકટ્ય થાય છે, જે રીતે નદીના પ્રચંડ પૂરની સામે પથ્થરની દીવાલ તૂટી પડે પણ નાનું એવું સુકું પાંદડું મોજથી તરતું રહી શકે.

## પ્રારબ્ધ અને પુરુષાર્થ

પુરુષાર્થ પોતાના ઉત્તમમાં ઉત્તમ સ્વરૂપમાં સૂક્ષ્મતમ સ્વરૂપ ધારણ કરે છે. જાણે કે તે ન જ હતો હોય, તેવું સ્વરૂપ ધારણ કરે છે. પ્રારબ્ધના પ્રચંડ પૂર સામે

મિથ્યાભિમાની સ્થૂલ પુરુષાર્થ ભુક્કો થઈ જાય,

ત્યાં પુરુષાર્થનો પ્રકટ ચમત્કાર જોઈએ.

પ્રારબ્ધનું બળ ઘણું પ્રચંડ હોઈ શકે છે, કારણકે તે ગૂઢ છે અને તેના ઉપર બળનો દેખીતો કોઈ જ કાબુ નથી.

## પ્રારબ્ધ એટલે શું?

અગાઉના અનેક જન્મોમાં કરેલાં કર્મોના

આઘાત - પ્રત્યાઘાતોનું સંચિત થયેલું બળ અને

વ્યક્તિને વ્યક્તિરૂપે એટલે કે સમષ્ટિના અંશરૂપે,

સમષ્ટિગત હેતુ સિદ્ધ કરવાનો છે,

તે અર્થે કાર્ય કરતું ગૂઢ બળ, તે 'પ્રારબ્ધ' છે.

પ્રારબ્ધના પ્રચંડ બળ સામે સમતોલ રહેવા માટે પ્રચંડ સંકલ્પશક્તિ હોવી જરૂરની છે. આ સંકલ્પશક્તિ રૂપી પુરુષાર્થ અભિમાન વિનાનો, વિશુદ્ધ, પવિત્ર, સૂક્ષ્મ, અક્રમ અને કેન્દ્રિત (કેન્દ્રાભિમુખ અને કેન્દ્રસ્થ) હોવો જોઈએ. જેમ પ્રારબ્ધનું ગૂઢ બળ સમજાતું જાય, તેમ પુરુષાર્થ પણ ઉત્કૃષ્ટ પ્રકારનો થવાની આવશ્યકતા સમજાતી આવે છે.

## પુરુષાર્થનો વાચ્યાર્થ

(પ્રકૃતિથી પર) પુરુષ માટેની પ્રવૃત્તિ એવો પણ અર્થ છે. પ્રારબ્ધનું બળ ભલે ગૂઢ અને પ્રચંડ હોય પણ વ્યક્તિ જો જાગૃત અને સભાન રહી જીવનનું સંચાલન કરે, તો તે જીવનને દિશા, ગતિ અને લક્ષ્ય આપી શકે છે. જીવ આખરે તો ચૈતન્યનો એક અંશ છે. તેનામાં સંકલ્પ કરવાની શક્તિ રહેલી છે. આ સંકલ્પશક્તિની સહાયથી તે પ્રારબ્ધના ગૂઢ બળે કેવળ દોરવાવા કે ધકેલાવા કરવાના બદલે જીવનને નિર્ધારિત દિશામાં ગતિમાન કરી શકે છે. વ્યક્તિની આવી પ્રવૃત્તિ તે જ સાચા અર્થમાં પુરુષાર્થ ગણાય. વ્યક્તિગત જીવ પોતે જે કાંઈ પોતાના ઉત્કર્ષ અર્થે પ્રવૃત્તિ કરે તે પુરુષાર્થ તથા વ્યક્તિને અદીઠ પણ અનિવાર્ય રીતે અસર પહોંચાડતું કોઈ ગૂઢ બળ તે પ્રારબ્ધ.

જીવનું જીવન ચૈતન્યમાં અથવા ઊંડાણ ચૈતન્યજીવન વ્યષ્ટિ અને સમષ્ટિમાં સળંગ રીતે રહેલું છે. વાતાવરણની હવાથી ઝાડપાન ડોલે છે અને ઝાડપાન ડોલવાથી જીવોને આહ્લાદક અસર થાય છે. પાણીના મધ્યમાં કે ઊંડાણમાં ઉઠતું આંદોલન પાણીના સમગ્ર જથ્થામાં ફરી વળીને અસર ઉપજાવે છે.

પ્રારબ્ધના આગળ જીવ ગમે તેટલો
જાગ્રત રહે તો પણ અસહાય જણાય છે, એ ઉપરથી
'પુરુષાર્થ વ્યર્થ કે નિરર્થક છે' એમ નહિ પણ
આવી સ્થિતિમાં જે કંઈ પુરુષાર્થ થાય છે તે ફક્ત કે પ્રારબ્ધને કારણે કોઈ ત્રીજી જ ગૂઢ શક્તિથી મળી રહેલી પ્રેરણા દ્વારા થાય છે તે ફક્ત અથવા તો જિજીવિષામાં જ સહજ રીતે રહેલા સ્વાગ્રહને કારણે થાય છે, તે ફક્ત.

સંતોના જીવન અવલોકતાં સ્પષ્ટ સમજાય છે કે
દિલની પ્રબળ ઝંખના - તમન્ના,
મનનો મરણિયો નિર્ધાર, અંતરનો દૃઢ સંકલ્પ અને જીવનના મૂળમાં રહેલી ઊંડી શ્રદ્ધા, એ બધાના કારણે સંજોગોના ભારે દબાણમાંથી બહાર નીકળી શકાય છે.

વ્યક્તિત્વ વિસર્જિત થાય, ત્યારે
આત્માની અમર્યાદ શક્તિ પ્રકટ થાય છે.

વ્યક્તિ = individual.
વ્યક્તિત્વ = individuality, Indivisibility.
કર્મકૃત બહારનું વ્યક્તિત્વ તે personality.
personality is only appearance and
individually is real & permanent.

આત્મા એક અને અખંડ છે.
તે તિર્યક્સામાન્યેન સર્વદેશવ્યાપી છે તથા
ઊર્ધ્વતાસામાન્યેન સર્વકાળવ્યાપી છે.

હિંસાદિ પાપસ્થાનો વડે તેની જે વિરાધના થઈ રહેલ છે,
તેના શુદ્ધિકરણ માટે કર્મનો વિપાકોદય રહેલ છે.
તે વખતે સમાકરણનું કાર્ય થાય છે, અને મનનો
સમત્વભાવ ટકાવી રાખવો, એ જ સાધનાનું ફળ છે.
એ કારણે આપત્તિ વખતે નમસ્કારમાં ચિત્તને પરોવવું,
તે પરમ પુરુષાર્થ ગણાય છે. નમસ્કાર મંત્ર વડે પ્રાપ્ત
સ્થિતિનો સ્વીકાર થાય છે અને એ સ્વીકાર વડે
પ્રકૃતિ કર્મનો ભોગવટો સમત્વભાવથી થઈ જતો
હોવાથી જીવનું જીવત્વ વધારે નિર્મળ બને છે.
જીવત્વ એક અને અખંડ હોવાથી અક્ષય અને
અવિનાશી છે તથા સર્વની સાથે સંબંધવાળું હોવાથી
શુદ્ધ સ્થિતિમાં મૈત્ર્યાદિ ભાવનાઓથી ભરેલું છે.

નમસ્કાર વખતે આત્મસ્થિતિ અંતરાત્મભાવવાળી હોય છે.
અંતરાત્મભાવ મનથી પર છે અને
મનમાં રહેલું ચૈતન્ય પૂરું પાડનાર છે.
એ સ્થિતિમાં પરમાત્મભાવ સાથે તન્મયતા સાધી શકાય.
બહિરાત્મભાવનો ત્યાગ તે નિશ્ચલતા છે.
અંતરાત્મભાવનો અંગીકાર તે સ્થિરતા છે.
પરમાત્મભાવનું ભાવન તે તન્મયતા છે.
એ રીતે નિશ્ચલતા, સ્થિરતા અને તન્મયતા વડે
આત્માની સાથે એકતા અનુભવી શકાય છે.

## શબ્દબ્રહ્મ એ પરબ્રહ્મનું કારણ

શબ્દબ્રહ્મમાં નિષ્ણાત એટલે અરિહંતભાવમાં નિષ્ણાત.
તે તિર્યગ્સામાન્યથી આત્મતત્ત્વનો સ્વીકાર કરે છે.
સર્વજીવરાશિમાં રહેલ અનાહતનાદ તે શબ્દબ્રહ્મરૂપ છે,
તેથી તેનો સ્વીકાર જીવરાશિ ઉપર
સમાનભાવ - અભેદભાવ - અરિહંતભાવ વિકસાવે છે.
અરિહંતભાવ જેને સિદ્ધ થયો છે,
તે જ પરબ્રહ્મની પ્રાપ્તિ કરી શકે છે.
શબ્દબ્રહ્મ એ શબ્દ વડે વાચ્ય છે, જ્યારે
પરબ્રહ્મ એ અવાચ્ય છે, કેવળ સ્વસંવેદ્ય છે.

સ્વસંવેદનસિદ્ધ આત્મતત્ત્વ પરબ્રહ્મ સ્વરૂપ છે અને
તે ઉર્ધ્વતાસામાન્ય રૂપ છે. પ્રાણીમાત્ર પ્રત્યે અહિંસકભાવને
પામેલો આત્મા જ સ્વ આત્મતત્ત્વને અનુભવી શકે છે.

આત્મતત્ત્વનો સાક્ષાત્કાર પરમ અહિંસક ભાવને
વરેલા મહાત્માઓને જ થઈ શકે છે.

અહિંસક આચારને પણ 'બ્રહ્મ'ની ઉપમા અપાય છે.
આચારાંગ સૂત્રના પ્રથમ ૯ અધ્યયનને 'બ્રહ્માધ્યયન' કહેવાય છે.
અઢાર હજાર શીલાંગને પણ 'બ્રહ્મવિહાર' કહેલ છે.
બૌદ્ધ શાસ્ત્રોમાં મૈત્ર્યાદિ ભાવોને 'બ્રહ્મવિહાર' કહેલ છે.
જૈનશાસ્ત્રોમાં અહિંસક આચારને 'બ્રહ્મવિહાર' નામ આપેલ છે,
તે જ તંત્રશાસ્ત્રનું શબ્દબ્રહ્મ છે. તેમાં નિષ્ણાત થયેલ
પરબ્રહ્મને પામે. પરબ્રહ્મ = ઉર્ધ્વતાસામાન્યરૂપ આત્મદ્રવ્ય.
ઉપયોગ એનું અંતરંગ અને ઉપગ્રહ બહિરંગ લક્ષણ છે.
ઉપયોગ લક્ષણ ઉર્ધ્વતા અને ઉપગ્રહ લક્ષણ તિર્યક્-
સામાન્ય યાને તેની સાથે સંબંધ રાખનારું સમજવું.

ત્રિકરણ યોગે અહિંસા એટલે...

મન - વચન - કાયા, કરણ - કરાવણ - અનુમોદનપૂર્વક.

વ્યવહારનયમાં નિષ્ણાત - શબ્દબ્રહ્મમાં નિષ્ણાત,
બ્રહ્મવિહારમાં નિષ્ણાત - બ્રહ્માધ્યયનમાં નિષ્ણાત.

શબ્દબ્રહ્મ = આત્મા તિર્યક્ સામાન્યથી પ્રગટ તત્ત્વ છે.
પરબ્રહ્મ = આત્મા ઊર્ધ્વતા સામાન્યથી પ્રાપ્તવ્યવાન છે.
શબ્દબ્રહ્મ = શબ્દવાચ્ય બ્રહ્મ, પરબ્રહ્મ = સ્વસંવેદ્ય બ્રહ્મ.

## વ્યવહારનયની નિપુણતાસૂચક ગુણો

અહિંસા, સંયમ, તપ, ક્ષાન્તિ, માર્દવ, આર્જવ, સંતોષ,
સત્ય, શૌચ, બ્રહ્મચર્ય, આકિંચન્યાદિ ગુણો એ ધર્મ છે.

## શબ્દબ્રહ્મની નિપુણતા એટલે...

## જગતના જીવો સાથે ઉચિત વ્યવહાર.

શબ્દબ્રહ્મ = નાદબ્રહ્મ, અનાહતનાદ.

તે સર્વ શરીરમાં ચાલી રહ્યો છે. તેને મુખ્ય કરીને સર્વ સાથે સમાન સ્નેહે ધારણ કરવો, તે શબ્દબ્રહ્મની નિપુણતા છે. ત્રિકરણ યોગે પ્રાણાતિપાત વિરમણાદિની પ્રતિજ્ઞાને ધારણ કરી, તેને પાર ઉતારવી, તે પણ શબ્દબ્રહ્મ નિપુણતા છે.

શબ્દબ્રહ્મ નિપુણતામાં પ્રવૃત્તિ - નિવૃત્તિરૂપ સમગ્ર વ્યવહાર ચારિત્રનો સમાવેશ થઈ જાય છે. આત્મરમણતા રૂપ નિશ્ચય ચારિત્ર પરબ્રહ્મસ્વરૂપ છે.

તે સમ્યગ્દર્શન ગુણનો વિસ્તાર છે.

ક્ષાયિક સમ્યક્ત્વ તે શબ્દબ્રહ્મરૂપ અને યથાખ્યાત ચારિત્ર તે પરબ્રહ્મરૂપ પણ કહી શકાય.

શબ્દબ્રહ્મ સજાતીય એકતાને જણાવે છે તથા
પરબ્રહ્મ તે સ્વગુણ પર્યાયોની સાથે એકતાને સૂચવે છે.

'ગુણપર્યાયવત્ દ્રવ્યમ્ ।'

આત્મત્વ જાતિ એ ચૈતન્ય આદિ ગુણના સમુદાયરૂપ છે.
ગુણસમુદાય એ જાતિ નહિ પણ અવયવ છે.
અવયવ - અવયવીભાવ પરસ્પરોપગ્રાહક છે.
નૈયાયિકમાન્ય જાતિતત્ત્વમાં પરસ્પરોપગ્રાહકતા માની નથી.
વ્યક્તિના સમૂહરૂપ જાતિમાં જૈન દૃષ્ટિએ
સજાતીયતા હોવાના કારણે પરસ્પરોપગ્રાહકતા છે.

તિર્યક્ સામાન્ય = infinite = અખંડ.
ઊર્ધ્વતાસામાન્ય = eternal = અક્ષય.

યોગમાર્ગપથિક અન્ય ધર્મી સંતોના થોડા નામ

(૧) ગરૂદયાળ મલીક (૨) ફડકે શાસ્ત્રી (અકિંચન, વેદાંતના પૂર્ણ જ્ઞાની, યોગમાર્ગના જાણકાર, કુંડલી ઉત્થાન સુધી પહોંચેલા
(૩) રાજસમણ - રામાનુજપંથ, બ્રહ્મચારી (૪) મુક્તાનંદજી (વજ્રેશ્વરી) (૫) શ્રી દત્તવામન પોતદાર (ઉંમર ૮૧ વર્ષ)

'या तुम अपनी अनुभूति में स्थिर हो जाओ अथवा
किसी अनुभवी पुरुष के ऊपर श्रद्धा कर के
उनकी बात मान लो ।'

ભગવત્ આદેશ વિના અન્યને ઉદ્‌બુદ્ધ કરવું
ગુરુતર કાર્ય અધ્યાત્મના પંથમાં અવરોધક છે.
વિશ્વવિજેતાઓનાં ચિત્રો કાળના ગર્ભમાં ઝાંખાં પડી જાય છે,
સંતોના ચરિત્રો નિત્યનૂતન અને સદૈવ પ્રેરક રહે છે.
Saints have compassion for their
devotees and followers.
ગુરુને સમર્પણ એ પ્રકાશની ઉપલબ્ધિનું દ્વાર છે.
ગુરુસમર્પણ અનંતનું મિલન સાધે છે,
મુક્તિનાં દ્વાર ખોલે છે અને પ્રેમને પ્રવાહિત કરે છે.
કામનાઓ અંધકારને ગાઢ કરે છે,
પ્રભુમિલન વચ્ચે દિવાલ ખડી કરે છે,
બંધનની બેડી સર્જીને તે પ્રેમના પ્રવાહને સૂકવે છે.
મૃત્યુનું ચિંતન વિવેકને જાગૃત કરે છે, નશ્વરમાંથી
આસક્તિ છોડાવે છે, શાશ્વતનાં દ્વાર ખટખટાવવા પ્રેરે છે.
પરમ ધ્યેયની વિસ્મૃતિ એ આત્મઘાત છે.
નિ:સીમને દૂરથી સમજવાનો પ્રયાસ નિષ્ફળ જાય છે.
એના આલિંગનમાં જ રહસ્યોદ્‌ઘાટન થાય છે.

o

નિ:સીમ - infinite Omnipresent.
શાશ્વત - eternal Omnipresent.

## પર્યુષણ પર્વ એટલે આત્મશુદ્ધિનું - ક્ષમાનું પર્વ

'પરિવસતિ - સર્વથાવસતિ | = પજ્જોસવઇ |'

ગુણ નિવાસે, વસ્ નિવાસે |

વાસાવાસં પજ્જોસવિયાણં -

वर्षाकाले पर्युषितानां - स्थितानां |

वासावासं = वर्षावस्थानं |

પર્યુષણ = પ્રકૃષ્ટપણે નિવાસ કરવો.

'વર્ષાકાળમાં એકત્ર વસવું' તેનો સૂક્ષ્મ અર્થ છે: આત્મામાં રમણ કરવું, આત્મસાધનામાં તન્મય થવું તથા કષાયો પર વિજય મેળવી આત્મશુદ્ધિ માટે પ્રયાસ કરવો.

વિશ્વની તમામ સમસ્યાઓનું કારણ છે વૈરભાવ. બધી સમસ્યાઓનું નિરાકરણ કરવાનો એક જ માર્ગ છે અને તે છે સ્નેહભાવ.

સ્નેહથી વૈરભાવનો નાશ = આધ્યાત્મિક સાધનાનું સર્વસ્વ. સર્વ જીવોને આત્મસમાન માની વૈર અને દ્વેષભાવનો સદા માટે નાશ કરી તેના સ્થાને મૈત્રી, કરુણા અને સહાનુભૂતિની સદ્ભાવના પ્રસ્થાપિત કરવી, તે પર્યુષણનો પરમ સંદેશ છે, જેમાં પ્રાણીમાત્રનું કલ્યાણ નિહિત છે.

અનુકંપા = પીડાથી કંપતા જીવને દેખીને પ્રકંપિત થવું તે.

जो उ परं कंपंतं दट्ठुण न कंपए कढिणभावो।
एसो उ निरणुकंपो अणु-पच्छाभाव जोएणं ॥१॥
- बृहत्कल्प, ३३२० (परिशिष्ट-८)

क्षमा तेजस्विनां तेजः क्षमा ब्रह्म तपस्विनां । અર્થાત્:
ક્ષમા તેજસ્વીઓનું તેજ છે, તપસ્વીઓનું તપ ક્ષમા છે.
- મહાભારત, વનપર્વ ૨૯/૪૦

નિવૃત્તિ - વૃત્તિ - પ્રવૃત્તિ

પ્રવૃત્તિ = નિવૃત્તિના ઉત્તરરૂપ વૃત્તિ, વૃત્તિ = ચિત્તનાભાવ.
ભયની ભાવના સ્વયં એક હિંસા છે.
ભયની સાથે પ્રલોભન પણ રહેલ છે.
ભય અને પ્રલોભનથી હિંસાનો નિરોધ અશક્ય છે.
અહિંસક ભાવ વૃત્તિમાં આવવો જોઈએ.
વૃત્તિની અહિંસામાં હિંસાની શક્યતાનો જ નાશ થઈ જાય છે.
વૃત્તિની અહિંસા સર્વ પ્રત્યે પ્રેમ કરવાનું શીખવે છે,
એટલું જ નહિ પણ તેના દુનિયામાં પ્રેમથી અતિરિક્ત
કોઈ વસ્તુની ખ્યાતિ જ રહેતી નથી.
'બીજાને કષ્ટ દેવાથી કષ્ટ મળે છે' એ
કષ્ટના ભયથી કષ્ટ છોડવાની વાત છે, તે ભયથી અહિંસા છે.
શત્રુનો સંહાર કરવાથી સ્વર્ગ મળે છે,

યજ્ઞમાં પશુહિંસા તથા યુદ્ધમાં શત્રુહિંસા સ્વર્ગનું કારણ છે,
એ પ્રલોભનથી હિંસા છે એટલે કે ભયથી હિંસા છોડાવવા
અને પ્રલોભનથી હિંસા કરાવી પણ અહિંસક ભાવથી
અહિંસા ન કરાવી, પરંતુ આમ અહિંસા સ્થિર થતી નથી.

અહિંસાનું મૂળ આત્મૌપમ્યભાવ છે અને
એનું ય મૂળ કથંચિત્ એકતા છે. એકતાનું જ્ઞાન તથા
અભેદનો બોધ એ હિંસકભાવને મૂળથી ઉખેડી નાંખે છે.

અહિંસકભાવનો ઉપદેશ છે કે:
'જેને તું હણે છે, તે તું જ છે.'

<u>દર્શન - જ્ઞાન - ચારિત્ર = દેવ - ગુરુ - ધર્મ</u>

દેખે તે દર્શન, દેખાડે તે જ્ઞાન, ચલાવે તે ચારિત્ર.
દર્શન તે દેવનું, જ્ઞાન ગુરુનું, ચારિત્ર તે ધર્મનું પ્રતીક છે.
દર્શન એ શાંતિનું મૂળ છે, જ્ઞાન તુષ્ટિનું મૂળ છે,
ચારિત્ર એ પુષ્ટિનું મૂળ છે.
શાંતિ = નિર્ભયતા, તુષ્ટિ = સ્થિરતા, પુષ્ટિ = તન્મયતા.
અહિંસાથી શાંતિ = નિર્ભયતા, સંયમથી તુષ્ટિ = સ્થિરતા,
તપથી પુષ્ટિ = તન્મયતા.
સર્વના વિચારથી શાંતિ - અહિંસા, આત્મવિચારથી તુષ્ટિ-
સંયમ તથા પરમાત્માના ધ્યાનથી પુષ્ટિ - તન્મયતા મળે.

૪ ભાવનાનો પદવિસ્તાર : ભક્તિમાં આપણે ભળવાનું છે.
પ્રમોદ - ભક્તિમાં નીચેથી ઉપર જવાનું છે = Ascent.
કરુણામાં ઉપરથી નીચે જવાનું છે = Descent.
Ascent and Descent of Consciousness.
માધ્યસ્થ્યભાવનામાં સ્થિર રહેવાનું છે.
પ્રેમ, આદર, વિશ્વાસ - સ્નેહ અને ઈશ્વરનો અનુરાગ.
પ્રેમ એટલે ભક્તિ, આદર એટલે પ્રમોદ, કરુણા એટલે
વિશ્વાસ અને સ્નેહ, પ્રભુશ્રદ્ધા એટલે માધ્યસ્થભાવ.
ઈશ્વર બુદ્ધિગ્રાહ્ય નથી, કિન્તુ હૃદયગ્રાહ્ય છે.
ઈશ્વર જ્ઞાનથી નહિ પણ પ્રેમથી પ્રાપ્ય છે.
ઈશ્વર જ્ઞાનગ્રાહ્ય નહિ પણ ભક્તિગ્રાહ્ય છે.
ઈશ્વર સમક્ષ બુદ્ધિમાન પણ અબુદ્ધિમાન છે.
ખ્રિસ્તી ધર્મમાં ઈશ્વરની વિભાવના
Where two or three gather in my
name, there I am the midst of them.
This is the basis of church.
બે = દ્વિવચન, ત્રણ = બહુવચન અને ચોથા ઈશ્વર.
o મોટા પુરુષોનાં વચન હાથીનાં દાંત જેવા હોય છે,
નીચ પુરુષોનાં વચન કાચબાની ડોક જેવા હોય છે.

## ૯ તત્ત્વમાં બંધ - મોક્ષનું વર્ણન શા માટે?

જીવમાં સુખદુઃખાદિ વિકાર હોય તો તે અવિનાશી ન હોય.
સુખ-દુઃખ હોય, તેને ક્ષુધાપિપાસા - જન્મમરણાદિ પણ હોય.
જીવને જરા - મરણ નથી. વિકાર હોય ત્યાં રૂપાંતર હોય.
રૂપાંતર થાય, તેનો નાશ પણ થાય.
માટે જીવનું રૂપાંતર પણ નથી.
બંધ - મોક્ષ ચૈતન્યમાં નહિ પણ અંતઃકરણમાં છે અને
અંતઃકરણની ઉત્પત્તિ શુભાશુભ કર્મથી છે.
'અંતઃકરણ પ્રતિશરીર ભિન્ન છે, ચૈતન્ય મુક્ત છે'
એ સમજવા પૂરતો જ બંધ - મોક્ષ વર્ણવ્યો છે.
'બંધ - મોક્ષ ઉપાધિને છે, જીવને નહિ'
એ સત્ય સ્થિર કરવા માટે બંધ - મોક્ષનું વર્ણન છે.
ચરાચર વિશ્વનું ચૈતન્ય અભિન્ન, એકરસ,
નિત્ય અને દુઃખાદિથી રહિત છે.

## 'અધિકાર' શબ્દનો સાચો અર્થ

ભારતીય સંસ્કૃતિમાં અધિકારનો અર્થ હક્ક નહિ પણ
પાત્રતા, લાયકાત, જવાબદારીનું ભાન છે. દરેક વ્યક્તિએ
પોતાની ફરજને આગળ કરવાની છે, કિન્તુ હક્કને નહિ.
હક્કથી કલહ વધે છે.

## મુક્તિના ૨ ઉપાયો

દુનિયાની સર્વ મુંઝવણો - મુશ્કેલીનો ઉપાય તૃષ્ણામુક્તિ છે.
તત્ત્વજ્ઞાન સર્વ તૃષ્ણાઓમાંથી મુક્ત થવાની કળા આપે છે.
તૃષ્ણામુક્ત મનોદશામાં જ શાંતિ તથા શક્તિ ખિલે છે.
ઇચ્છારહિત મનોસ્થિતિ એ જ સર્વ તત્ત્વોનું ધ્યેય છે.
પ્રત્યેક ઇચ્છા બાહ્યપદાર્થો તરફ ખેંચી જાય છે અને
આપણે આપણા જાત પરનું વર્ચસ્વ ખોઈ બેસીએ છીએ,
તેથી તૃષ્ણારહિત થવું એ મુક્તિનો પ્રથમ ઉપાય છે.

મુક્તિનો બીજો ઉપાય ભક્તિ - સ્નેહભાવ છે.

વેરભાવથી બધા સમસ્યાઓ ઉત્પન્ન થાય છે, કિન્તુ
તેનું નિરાકરણ સ્નેહભાવથી થાય છે.
સ્નેહભાવથી વેરભાવનો - ઈર્ષા - અસૂયાવૃત્તિનો સમૂળ
નાશ કરવો, એ આધ્યાત્મિક સાધનાનું રહસ્ય છે.
યોગ એ ચિત્તવૃત્તિનિરોધને શીખવે છે,
અધ્યાત્મ એ મૈત્ર્યાદિ ભાવોને મહત્ત્વ આપે છે.
યોગ અને અધ્યાત્મના મિલનથી મોક્ષ મળે છે.
o દ્રષ્ટિ ધ્રુવ ઉપર અને પગ પૃથ્વી ઉપર જ રખાય.
સાચી દિશા તરફ ધીમી ગતિ પણ પ્રશસ્ય છે, કિન્તુ
અવળી દિશા તરફ શીઘ્ર ગતિ પણ ખેદ છે.

## બુદ્ધિ અને પ્રેમમાં શું ફેર?

બુદ્ધિ = જાણવું, બહિરિન્દ્રિયો વડે તથા બહિરાત્મભાવે.
પ્રેમ = ઓળખવું, અંતરિન્દ્રિયો વડે - અંતરાત્મભાવે.
બુદ્ધિના મૂળમાં 'અહં' છે, પ્રેમના મૂળમાં પ્રેમ છે.
અહંનો ધર્મ છે વિરોધ અને વિચ્છેદ.
વિજ્ઞાનનું મૂળ બુદ્ધિ છે, પ્રેમનું મૂળ કરુણા છે.
God is love and he that dwelleth in love, dwelleth in God & God in him.
બહિર્દર્શન આજનું વિજ્ઞાન છે, અંતર્દર્શન તે ધર્મ છે.
બહિર્દર્શન વસ્તુઓની આકૃતિ સુધી, જ્યારે અંતર્દર્શન પ્રકૃતિ સુધી પહોંચે. આકૃતિને કૃતિ બનાવવા તે સાધના.
વિજ્ઞાન વસ્તુના સ્થૂળ ગુણધર્મોનું ગણિત કરે છે, કિન્તુ પદાર્થોમાં વ્યાપ્ત મોહક સંગીત અને અદ્ભુત ગણિતનું તેને ભાન થતું નથી.
અંતર્દર્શનનો એક જ માર્ગ પ્રેમનો છે - કરુણા અને વાત્સલ્યનો છે. જનરાશિ સાથે પ્રેમ અને કરુણામાંથી જે પ્રકાશ જાગે છે, તે જ શાંતિ - સમૃદ્ધિ લાવી શકે.
બુદ્ધિવાદ અને મૂડીવાદ - તે બંને
સ્વાર્થ અને ક્રૂરતાપ્રેરિત અહંના પાયા ઉપર ઊભા છે.

## મૃત્યુનો તથા મોક્ષનો વિચાર શું કરે?

મૃત્યુનો વિચાર વૈરાગ્યની સાથે સાથે
ભૌતિક વસ્તુઓ કે જેનો વિયોગ થવાનો નિશ્ચિત છે,
તેનો સદુપયોગ કરી લેવાની પ્રેરણા આપે છે.
મોક્ષનો વિચાર મૈત્રી અને ભક્તિની સાથે
આધ્યાત્મિક સામગ્રી કે જે મળવા અતિદુર્લભ છે,
તેનો સદુપયોગ કરી લેવાની પ્રેરણા આપે છે.
ભૌતિક વસ્તુઓનો સદુપયોગ દયા, દાન, પરોપકારાદિ
સદ્વૃત્તિઓ વડે દ્રવ્યદુઃખોને દૂર કરવા માટે વપરાય છે.
આધ્યાત્મિક વસ્તુઓનો સદુપયોગ
સ્વપરની ભાવદયા માટે વપરાય છે. મૈત્રી, મુદિતા,
કરુણા, માધ્યસ્થ્યાદિ શુભવૃત્તિઓ મોક્ષનો હેતુ બને છે.

ટૂંકમાં મૃત્યુનું સ્મરણ વૈરાગ્યને વિકસાવે છે,
મોક્ષનું સ્મરણ મૈત્રીને વિકસાવે છે.

મૃત્યુનો વિચાર પુદ્ગલ ઉપરના રાગભાવને છોડાવે છે,
મોક્ષનો વિચાર જીવો ઉપરના દ્વેષભાવને છોડાવે છે.

અનાદિ અવિદ્યાવશ જીવમાં બે દોષ સ્વભાવસિદ્ધ હોય:
એક તો 'જગતમાં જેટલાં સુખ - સાધન છે, તે બધાં
મને મળો' અને 'બીજા કોઈને તે ન મળો' એ ભાવના.

અજ્ઞાનવશ જગતના જીવોને સ્વભાવિક રહેલાં બે દોષો:

(૧) પોતાનાં દુઃખને જોઈને દીનતા આવવી.

(૨) બીજાનાં સુખને જોઈને ઈર્ષા થવી.

જગતના સમકિતી જીવોને સ્વભાવિક રહેલી બે ભાવના:

(૧) બીજાને બહુ સુખ મળો. (૨) બીજાનાં બહુ દુઃખ ટળો.

તેથી તેના રાગ-દ્વેષ મંદ પડી જાય છે.

મંદ પડેલા રાગ-દ્વેષને સમૂળ નાશ કરવા માટે
પરપુદ્ગલવિષયક ઈચ્છાનો સર્વથા નિરોધ થવો જોઈએ,
જે મૈત્રીના વિચારથી થાય છે અને
'અજ્ઞાન-અવિદ્યામૂલક સર્વ દુઃખો સર્વના વિનાશ પામો'
એ ભાવના મોક્ષના વિચારથી જાગે છે.

'જેવું બીજ વાવો, તેવું ફળ મળે'
એ નિયમાનુસાર પોતાના સંબંધી સર્વ જગતના દુઃખોને
સર્વથા ટાળવા હોય અને કદી નાશ ન પામે તેવાં સુખ
પોતાને મળે તેવી સ્થિતિ ઉત્પન્ન કરવી હોય તો
સર્વવિષયક તે ભાવનું બીજ પોતામાં રોપાવું જોઈએ.

એ બીજ જ્યારે અંકુરિત થઈને
ફળ આપવાની તૈયારીને બતાવે, ત્યારે મોક્ષ મળે છે.
'મૈત્રી' રાગને નિવારીને 'મોક્ષ' દ્વેષને ટાળી આપે છે.

કરુણાળુ જીવ પ્રત્યે જેટલી કૃતજ્ઞતા બતાવીશું,
તેટલી દૈવી કરુણા નીચે ઉતરશે.
આ જ Law of grace and gratitude છે.

જે મળ્યું છે, તેના વિચારમાંથી તૃપ્તિ જન્મે છે. બીજાને
જે મળ્યું છે, તેના વિચારમાંથી તૃષ્ણા અને ઈર્ષા જન્મે છે.

મૃત્યુનો વિચાર શરીરનો મોહ છોડાવે છે,
મોક્ષનો વિચાર આત્માની અમરતાનો ખ્યાલ આપે છે.

0 પ્રતિમાનું વિશ્લેષણ ધૂળ સુધી પહોંચાડે,
સર્જક અને સર્જનના આનંદ સુધી નહિ.
To analize an image is to get at its dust and not at the joy of an artist.

0 વિનય, વિવેક, વૈરાગ્ય, વિચાર આદિ શબ્દો સ્યાદ્વાદને લાગુ પડે છે. વિનય, વિવેક અને વૈરાગ્ય વડે સ્યાદ્વાદ પરિણતિ ઘડાય છે. સ્યાદ્વાદ પરિણતિ વિનય, વિવેક, વૈરાગ્ય અને વિચાર વગેરેને વિકસાવે છે.

સદ્વિચાર એ સમ્યગ્જ્ઞાનનો હેતુ બને છે,
સદ્વિવેક એ સમ્યગ્દર્શનનો હેતુ બને છે અને
વિષયવૈરાગ્ય એ સમ્યક્ચારિત્રનો હેતુ બને છે.
ધર્મના ચાર પાયા છે, તેમાં ભાવ એ મુખ્ય છે.

લાભને વિકસાવનાર દાન, લાભને વિકસાવનાર શીલ અને
લાભને વિકસાવનાર તપ એ મોક્ષનો હેતુ બને છે.
લાભશૂન્ય દાનાદિ નિષ્ફળ છે. લાભસહિત એટલે કે
લાભને પ્રધાનતા આપનાર દાન એ દાન છે,
શીલ એ શીલ છે, તપ એ તપ છે.
લાભનું મૂલ્યાંકન છે તો જ દાન, શીલ, તપનું મૂલ્યાંકન છે.

## મોક્ષાભિલાષનું સ્વરૂપ

ભવનો નિર્વેદ અને મોક્ષનો અભિલાષ
એ દેવ-ગુરુની ભક્તિનું ફળ છે.
દેવ-ગુરુની ભક્તિ એ માતા-પિતાની ભક્તિનું ફળ છે.
વૈરાગ્ય અને સંસારભીરુતા એ ભવનિર્વેદ સ્વરૂપ છે.
તત્ત્વજ્ઞાન, વીતરાગપરિશીલન અને
પરમેશ્વર અનુગ્રહાદિ સર્વ મોક્ષાભિલાષનું સ્વરૂપ છે.
સંસારની અસારતાનો અને મોક્ષની મનોહરતાનો વિચાર
એ ભવનાટકના પ્રેક્ષક બનનારનાં 'આલંબન વિભાવ' છે.
સંસારની વિવિધ ચેષ્ટાઓ, નરક - નિગોદની પીડા અને
દેવ-મનુષ્યનાં સુખ અને તેને અનુભવનાર જીવોની
વિવિધ ચેષ્ટાઓ તથા મુક્તિ, મુક્તિમાર્ગ પ્રસ્થિત અને
મુક્તિમાર્ગની વિવિધ પ્રકારની આરાધનાઓ એ 'ઉદ્દીપન

વિભાવ'નું કાર્ય કરે છે, તેઓ યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ આદિ વિવિધ પ્રકારની મન-વચન-કાયાની ક્રિયાઓ અનુભાવવું કાર્ય કરે છે. તે માટે વપરાતી બુદ્ધિ, સ્મૃતિ, ધૃતિ આદિ વૃત્તિઓ સંચારિભાવનું કામ કરે છે, તેમાંથી શમરસનું ચર્વણા થાય છે.

એ 'ચર્વણા' તૃષ્ણાનો ક્ષય કરી

રસાધિરાજ એવા શાંતરસનો અનુભવ કરાવે છે.

પરિઘથી કેન્દ્રમાં જવાની ક્રિયા

ઇચ્છાપૂર્તિમાં સુખ નથી, ઇચ્છાના અભાવમાં સુખ છે.

તૃષ્ણાથી તૃપ્તિમાં જવું તે પરિઘથી કેન્દ્રમાં જવાની ક્રિયા છે.

પૈસાથી પણ કિંમતી શાંતિ, આનંદ અને નિર્ભયતા છે.

પૈસાથી પણ ઊંચે પરમેશ્વર છે.

ત્યાં પહોંચવાનો એકમાત્ર માર્ગ તૃપ્તિ છે, તૃષ્ણા નહિ.

પૈસો એ તાકાત નહિ પણ રોગ છે.

તૃષ્ણાની ઉત્પત્તિ, સ્થિતિ, લય - ત્રણે દુઃખમાં છે,

જ્યારે તૃપ્તિની તે ત્રણે અવસ્થા સુખરૂપ છે.

ઇંદ્રિયો અને વિષયો તૃપ્તિ નહિ આપે.

એક અતીન્દ્રિય તૃપ્તિ જ્ઞાત છે, જેને

આપણી આંખ સામેની દુનિયા સાથે કોઈ સંબંધ નથી.

શૃંગારરસ કરતાં શાંતરસમાં વધુ રોમાંચ છે.
ટેન્કો અને મશીનગનો કરતાં વધુ વીરરસ શાંતરસમાં છે.
સત્ત્વની ખ્યાતિ એટલે સત્ત્વનો જીવતો જાગતો પ્રચાર છે.

જીવનના વર્તુળમાં નહિ પણ
કેન્દ્રમાં શાંતરસનો એ અપાર પારાવાર છે.

વર્તુળનું કેન્દ્ર પકડાયું, તો પછી પરિઘ હાથમાં જ છે.
જે આત્મનિર્ભર Self-dependent છે, તે નિર્ભય છે.
વીતરાગનો અનુરાગ એ નિર્ભયતાના માર્ગે પ્રસ્થાન છે.
જ્યાં રાગ ત્યાં ભય, જ્યાં વિરાગ ત્યાં અભય-નિર્ભય.

ઉત્કટ વૈરાગ્ય એ...
વિશ્વનિરપેક્ષ આત્મગત લીન અને આનંદની મસ્તી છે.

પુદ્ગલ પણ એનું બળ
ચેતનના અધ્યવસાય, પરિણામ અને વિચારમાંથી લે છે.
આ દૃષ્ટિએ પુદ્ગલ એ જીવનું દેવાદાર છે. લેણદારને
દેવાદારનો ભય કેવી રીતે હોઈ શકે? ન જ હોવો જોઈએ.

લીનમગ્ન = સમાધિમગ્ન.
ઇંદ્રિયોમાં મગ્ન લીનમગ્નનું સુખ કેમ જાણી શકે?
શ્રુતિ અને શાસ્ત્ર, સ્વાત્મમાં મગ્ન થવાના જ ઉપાયો છે.
સાધ્યમાં પૂરેપૂરી ડૂબી જાય તે સાધના.

બાહ્યનું વિસર્જન તે આંતરનું સર્જન.

સ્વત્વ, સમત્વ, બ્રહ્મતત્વ, અર્હંત્વ, પરબ્રહ્મ એક જ છે.
સમાધિ તે સ્વભાવાદ્વૈત મગ્નતા છે અને અહિંસા
તે સકલ જીવરાશિ સાથે એકતા અનુભવતી મગ્નતા છે.
સૌંદર્ય, ઐશ્વર્ય તથા માધુર્યનો સરવાળો તે ભજનમગ્નતા
અર્થાત્ સચ્ચિદાનંદ સ્વરૂપમાં મગ્નતા.

'સચ્ચિદાનંદરૂપોઽહં સોઽહં સોઽહં ૐ ૐ નમઃ ।'

સાધનામાં પ્રકૃતિ ભાવવી હશે, તો મગ્નતા તો જોઈશે જ.
એકત્વ અને એકરૂપ - એ બન્ને અનિવાર્ય છે.
ભોગી જડ પદાર્થમાં અને યોગી આત્મપદાર્થમાં મગ્ન છે.
એકાગ્રતા લાવવી પડે છે, મગ્નતા આવી જાય છે.

o હસતાંને જો દિવસ વચ્ચે એક રાત અને
રોતાંને જો રાત વચ્ચે એક દિવસ હોય છે.

o 'હું દેહ છું' તે ભ્રમ, 'હું આત્મા છું' તે સત્ય.
ભ્રમ તે ભ્રમણનું અને સત્ય તે મોક્ષનું મૂળ છે.

સ્વાભાવિક પ્રકૃતિ જીવનના ચંદ્રમા સમ સતત વર્ધમાન છે.
અહીં જ તો સિદ્ધશિલા ચોરસ કે લંબગોળ નહિ, કિન્તુ
બીજના ચંદ્રમાના આકારની છે.

o

knowledge is power, virtue, happiness.

## નમસ્કારના ૯ પદની વિભાવના

નમસ્કારના પહેલાં પાંચ પદ યોગાવંચક સ્વરૂપ,
છઠ્ઠું પદ ક્રિયાવંચક સ્વરૂપ અને
૭-૮-૯મા પદો ફલાવંચક સ્વરૂપ છે.
૭મું પદ નિર્મળતારૂપી ફળને આપે છે,
૮મું પદ સ્થિરતારૂપી ફળને આપે છે અને
૯મું પદ તન્મયતારૂપી ફળને આપે છે.
નમસ્કારનું અનંતર ફળ નિર્મળતા, સ્થિરતા, તન્મયતા
અને પરંપર ફળ સ્વર્ગાપવર્ગ છે.

નમો = નિર્મળતા (દર્શન) રુચિ.
અરિહં = સ્થિરતા (જ્ઞાન) બોધ.
તાણં = તન્મયતા (ચારિત્ર) પરિણતિ.

નમો વડે મલદોષનો નાશ, અરિહં વડે વિક્ષેપદોષનો
તથા તાણં વડે આવરણદોષનો નાશ થાય છે.
નિર્મળતાનું આલંબન 'નમો' પદ, સ્થિરતાનું આલંબન
'અરિહં' પદ તથા તન્મયતાનું આલંબન 'તાણં' પદ છે.
'નમો'ના આશ્રય વિના મલિનતા વધે છે,
'અરિહં'ના આલંબન વિના અસ્થિરતા વધે છે તથા
'તાણં'ના આલંબન વિના આવરણોની વૃદ્ધિ થાય છે.

ભાદરવા વદ ૬, રવિવાર

ચિંતનપૂર્વકનો ૧૭૨૦૦૦ સ્વાધ્યાય = ૧૭૨૦ નવકારવાળી.

૫૦ | ૧૭૨૦ | ૩૪॥<br>૧૫૦<br>૨૨૦<br>૨૦૦<br>૨૦

સાડા ચોત્રીસ દિવસ સુધી રોજ ૫૦ બાધાપારાની માળા ગણવાથી કુલ ૧૭૨૦ નવકારવાળી પૂર્ણ થઈ શકે છે.

આસો મહીનાનો સ્વાધ્યાય આલોચનામાં વાળી શકાય.

નમો = નમ્રતા - ધ્યાતા, અરિહં = નિર્ભયતા - ધ્યેય,
તાણં = નિશ્ચિંતતા - ધ્યાન.

ત્રણેની એકતા = સમાપત્તિ, આપત્તિ, સંપત્તિ.

કર્મવિપાકનો વિચાર નમ્રતા લાવે છે,
ધર્મમાહાત્મ્યનો વિચાર નિર્ભયતા લાવે છે તથા
આત્મબળનો વિચાર નિશ્ચિંતતા લાવે છે.

સંપત્તિમાં સુખ - સત્તામાં સલામતી શોધનારા અંતે નિરાશ થયા છે. સત્તા-સંપત્તિના સમર્પણમાં જ સુખની છાયા છે.

'નમો' એ સત્તા અને સંપત્તિનું સમર્પણ છે.

○ 'તુરીયં ત્રિકોણાત્ ।'

ત્રણ ભુજ, ત્રણ કોણ અને ચોથો ત્રિકોણ -
એ રીતે ત્રિકોણમાં ૩ નહિ પણ ૪ છે.

(સાધના સંબંધી આ વાતનો ખાસ ખ્યાલ આવ્યો નથી.)

## નમસ્કાર એ મહાશસ્ત્ર

ઉદાર[1], મહાન[2], વિવેકી[3], વિશાળ[4] અને વિશુદ્ધ[5] બનાવે છે,
તેથી મહાન પુરુષોને નમસ્કાર પ્રતિદિન કરવાના જ છે.
માણસો જો મહત્તાની કદર નહિ કરે તો જગત
કૃપણ[1], અલ્પ[2], મૂઢ[3], સંકુચિત[4] અને તામસી[5] થઈ જશે.
મહાન પુરુષો = પંચપરમેષ્ઠિ = અ સિ આ ઉ સા.
ગુણીઓનો તિરસ્કાર કરવો તે સાવ અસ્થાને છે,
કેમકે ખાસ તો ભગવાન સૌની અંદર રહેલા છે.
આખું ય માનવજીવન તે અંધકારમાંથી
દિવ્યપ્રકાશ પ્રત્યે થઈ રહેલી અભિવૃદ્ધિની ક્રિયારૂપે છે.
મુક્ત થવાની એકમાત્ર રીત એ છે કે ચેતનાનો પલટો થાય.
એ પલટો વધારે મહાન, વધારે વિશાળ, વધારે વિશુદ્ધ
સ્વરૂપમાં થાય અને એ પલટાના પાયા ઉપર જીવનની
અને જીવનનાં કાર્યોની રચના બની રહે.

## શૂન્યથી પૂર્ણ તરફ...

બહારથી જે શૂન્ય છે, તે અંતરથી પૂર્ણ છે.
બહારથી જે પૂર્ણ છે, તે અંતરથી શૂન્ય છે.
'અપૂર્ણ = પૂર્ણ.' 'પૂર્ણ = અપૂર્ણ.'

ह्रीं ऽर्हं ॐ अर्हं ॐ ॐ अर्हं ॐ ऽर्हं ह्रीं

જીવભાવને આત્મભાવમાં સમર્પિત કરી દેવો,
તે સાચો નમસ્કારભાવ છે.
નમો એ જીવભાવ છે, પરમેષ્ઠિ એ આત્મભાવ છે.
ચતુર્થી વિભક્તિ એ સમર્પણભાવ છે.
નમો = જીવભાવ, અરિહંતાણં = આત્મભાવમાં સંપ્રદાન.
જીવભાવનો આત્મભાવમાં વિલય થવાથી
પાપમાત્રનો નાશ અને મંગળમાત્રનું ઉત્પાદન થાય છે.
આત્મભાવ = મંગળભાવ, અંતરાત્મભાવ.
જીવભાવ = પાપભાવ, બહિરાત્મભાવ અથવા
અંતઃકરણચતુષ્ટય - મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર.
તેનું આત્મભાવમાં વિલોપન તે નમસ્કાર ભાવ છે.
આત્મભાવ એટલે અંતઃકરણ ચતુષ્ટયમાં
ચૈતન્ય સંપાદક પરિણામભાવ.
અંતઃકરણાવચ્છિન્ન ચૈતન્યને આત્મભાવરૂપી મહાચૈતન્યમાં
વિલીનકરણ કરવું, તે નમસ્કાર - તાત્વિક નમસ્કાર છે.
તાત્વિક અર્થાત્ તત્ત્વભૂત, ચૈતન્યનું ચૈતન્યમાં ભળી જવું,
એકીકરણ કરવું, અભેદીકરણ થવું, દેવ થઈ દેવને નમવું,
દેવમાં પરિણમી જવું, અપૂર્ણતાનું પૂર્ણતામાં ભળી જવું,
એ જાતિના મનોભાવને 'નમો' ભાવ કહેવાય છે.

## ક્રિયા ક્યારે છૂટી જાય?

જેમ જેમ દશા વર્ધમાન અને ઊંડી થતી જાય છે, તેમ તેમ એનું અને ઇતર જીવો વચ્ચેનું અંતર ઘટતું જાય છે.

'બધા જીવો અને હું એક જ છું' અને 'સૌનું સુખ તે મારું જ સુખ છે' એ પ્રતીતિ દૃઢ થાય છે, તે જાણે પ્રાણીમાત્રનો સ્વજન જ થઈ જાય છે.

આટલી અનુભૂતિ પછી ક્રિયા છૂટી જાય છે, કાંઈ ન કરવા છતાં બધું સિદ્ધ કરવાની શક્તિ હાથ આવે છે. આને જ અકર્મમાં કર્મ કહેવાય છે. આવો જ્ઞાની ભિન્નરૂપે જો રહે જ નહિ, તે ભૂતદયારૂપ જ થાય છે. પૃથ્વીનું પાથરણું, આકાશનું ઓઢણું અને ભૂતમાત્રના સુખસાધનની ભાવનારૂપ બિછાનું - એવો જેનો કર્મયોગ બને, એને હવે ક્રિયાના આલંબનની જરૂર નથી.

નીચે દીવા અને ઉપર દીવો એવા જરૂર નથી.

નીચે દીવો, ઉપર પણ દીવો, આલંબનરહિત દીવા જ દીવા.

ભાવનામાં આવે તો ભાવના કરી લેજો.

નરદેહ એક અણમોલ રત્ન છે, જાણે વહાણનું લંગર છે. સર્વ પ્રકારે નિર્ભય બનાવે એવા આત્મજ્ઞાનની તેમાં શક્યતા છે અને તે સિદ્ધ કરવામાં જ માણસની ચતુરાઈ છે.

હૃદયમંદિરમાં છપાઈને બેઠેલા તીર્થોનાં પણ તીર્થરૂપ
આત્મદેવનાં તેમાં દર્શન કરવા માટે હૃદયશુદ્ધિ અને
તે માટે જ્ઞાનસ્વરૂપની સેવા એ ઉપાય છે.
હરિ સર્વવ્યાપક અને સર્વ દેહમાં બિરાજમાન છે,
તે મહાસત્ય ધ્યાનમાં આવતું નથી અને
તે પોતાના એક દેહમાં જ સ્વસ્થપણે રહે છે, પછી એને
પરમાર્થ કરવો લાગે છે અને સ્વાર્થ ગમવો લાગે છે.
તેમ થવાથી પરસ્પર વિરોધી સ્વાર્થોનો ઝઘડો ઊભો થાય
અને સંસાર વિકટ બની જાય છે.
ઝઘડા કલિયુગનું સ્વરૂપ છે. 'કલિ' એટલે કલહ, ઝઘડો.
ઈશ્વરભાવથી પ્રાણીમાત્રની સેવા
એવું મુક્તિનું સાધન કલિયુગમાં બીજું એક પણ નથી.
એકબીજાનું કલ્યાણ એકબીજાની વિરુદ્ધ હોતું નથી.
નિર્વાણ તેનો પાયો છે.
એનાથી મુક્તિમાર્ગ મોકળો બને, સંકુચિત 'હું' પણું લુપ્ત થાય,
પરસ્પરસદ્ભાવ જાગૃત થાય તથા સર્વત્ર સુખ ફેલાય છે.
ઈશ્વર વિષે મારા મનમાં ડગડગો રહેતો નથી, કેમકે મારા
દેહમાં એને પ્રત્યક્ષ અનુભવતો રહું છું. એવો બધાની બધી
ઇંદ્રિયો વડે હું એને અનુભવું એટલો જ એક ઈશ માગું છું.

## 'હું' લોપવાની પ્રતિજ્ઞા

સંસાર સફળ સુખમય કરીશ, એ માટે સંતોના મેળામાં જઈશ, હૃદયપુંડરીકનો તાગ લઈશ, અનેક સાધના કરીશ અને સર્વ સાધનાના ફળસ્વરૂપે ઈશ્વરદર્શન પ્રાપ્ત કરીશ, પછી એ પ્રાપ્ત થયા બાદ પ્રત્યેક પદાર્થ પર એનો જ રંગ ચઢશે અને 'હું' જ લોપાઈને પ્રતિજ્ઞા પૂર્ણ થશે.

અંદર આતમરામના દર્શન થાય,
એટલે બહાર વિશ્વસ્વરૂપ ભરેલું દેખાય.
કેવળ ભરેલું જ નહિ પણ ઊભરાઈને છલકાઈ જતું.
આખા વિશ્વને અળગું કરીને

પરમેશ્વરને જોવાનો પ્રયત્ન કરે છે, એટલે એ એનાથી બનતું નથી, ઊલટું તત્ત્વવિચારના વિવિધ સંકટો નિર્માણ થાય છે, ઉપરાંત ભેદ અધિક જ પાકો થાય છે.

'જ્ઞાનદેવ' કહે છે કે:

મેં આનાથી ઊલટ પ્રક્રિયા કરીને સકળ વિશ્વમાં ઈશ્વરને જોઈ લીધો છે. એને કલ્પેલા અનંત રૂપે, અનંત વેશે મને ઈશ્વરનાં દર્શન થયાં અને નિરંતર થયાં જ કરે છે. દૃષ્ટિનો આનંદ અંતરમાં ભર્યો છે. અંતર્યામ જેટલો પણ ઉજ્જ્વળ થશે, તેટલું આ જગત પણ મંગળમય બનશે.

જીવવાનું દેહને સોંપીને સ્વસ્થ રહેવાથી
મરણ પરબારું જ મરી જાય છે.
વસ્તુતઃ સ્વરૂપને જન્મે ય નહિ અને મરણે ય નહિ.
સમુદ્રના બુદ્બુદને સમુદ્રથી અલગ કલ્પી લીધું,
તો તે ક્ષણમાં જ સુકાઈ જવાનું છે અને
સમુદ્રથી અલગું ન પાડતાં 'તે સમુદ્રમય જ છે' એમ માન્યું,
તો તે કદી યે સુકાવાનું છે જ નહિ.
અસંખ્ય પરપોટા થતા રહેશે પણ સમુદ્ર સુકાવાનો નહિ.
ઈશ્વરને ચરણે જીવનભરનું સમર્પણ કરવું,
એટલું જ એક મરણ ભય નાબૂદ ચાવી છે.
જગતભરમાં નિર્વૃત્તિનો ધર્મ જાગો...
અને સર્વત્ર હરિનામનો ઉત્સાહ હો.
પ્રેમ, કરુણા અને સત્કાર ઉપર જ
માનવજાતિના સ્વાસ્થ્ય અને સુખનો પરમ આધાર છે.
સત્ય અને પ્રેમમૂલક દર્શન અભય હોય છે.
તે જાતિ અને વર્ણોમાં ભેદ જુએ છે,
છતાં તેના દિલમાં ભેદભાવ સ્પર્શતો નહિ.
ભેદ એ દોષ નહિ, ભેદભાવ એ ગુન્હો છે.
જુદાઈ હોવી અપરિહાર્ય છે, જુદાઈ પરિહાર્ય છે.

ભેદમાં અભેદની આરાધનાના પાયા ઉપર
સંતોની સંસ્કૃતિ ઊભી છે, ઊભા છે અને ઊભવાની છે.
ભેદમાં પણ ભેદભાવ ન રાખો કિંતુ અભેદભાવ રાખો,
એ સંતોની સંસ્કૃતિનું ઉત્તમ છે.

આદેશ અંતરાત્માનો, ઉપદેશ આપ્તજનોનો અને
નિર્દેશ જિનમંડળનો – એ રીતે ઊભનાર સુખી થાય છે.

'યત્કિંચિત્ ચ ભૂતમ્ પ્રણમેત્ અનન્યઃ।'
અર્થાત્: કોઈ ઈશ્વરથી જુદું નથી,
એમ માનીને પ્રાણીમાત્રને અનન્યભાવે પ્રણામ કરીએ.
આશીર્વાદની વૃત્તિ કરતાં પ્રણામની વૃત્તિ વધુ પ્રશંસનીય છે.

આપણું સાચું સૌભાગ્ય શું?

સારા માતા-પિતા, સ્નેહી-સંબંધી, ગુરુ-શિષ્ય, વિદ્વત્તા-લાભ, સદ્ગ્રન્થ, સત્સંગ વગેરે મળ્યાં, પણ તે બધું ય કાલ્પનિક છે. મુખ્ય લાભ તો એક જ છે - મારું, તમારું અને સહુનું છે, તે એ કે આપણે પરમેશ્વરનાં અંગ છીએ, અવયવ છીએ, તરંગ છીએ, એના ચિનગારીઓ છીએ, આ જ એકમાત્ર લાભ છે, જે સૌને મળેલું છે.

જે આ એક લાભને અનુભવશે નહીં, એને બાકી સેંકડો લાભ મળ્યાં હશે તો પણ તે એળે જશે.

दीर्घं पश्यत मा ह्रस्वम् ।

પ્રકૃતિ: દૃષ્ટિ લાંબી રાખો, ટૂંકી નહિ.

માનવીય ભાવોને નહિ કિન્તુ ઈશ્વરીય ભાવોને જોતાં શીખો.

હૃદયમાં વીતરાગને ધારણ કરવાથી
સર્વ પ્રકારની સિદ્ધિઓ આવી મળે છે.

'વીતરાગ' એટલે દ્રવ્ય દૃષ્ટિએ શુદ્ધ એવો આત્મા.
તેને આગળ કરવાથી સમાધિ શીઘ્ર સિદ્ધ થાય છે.

પ્રમત્તને પુણ્ય એ પાપ રૂપી ઈંધનને બાળનાર અગ્નિ
નથી, અપ્રમત્તને પુણ્ય એ સોનાની બેડી છે.

આ લોક પરલોકની આશંસારૂપી દોષથી કલંકિત એવું ધર્મનું
અનુષ્ઠાન યોગીઓને વિષાનુષ્ઠાન - ગરલાનુષ્ઠાન બને છે.

ભોગીઓને ભોગમાંથી છોડાવી યોગમાં જોડનાર છે.
પુણ્યની બેડી પ્રારંભમાં ઉપાદેય છે પણ અંતે હેય છે.

દુઃખી, પાપી, અજ્ઞાની જીવો પ્રત્યે જેઓને અનુકંપાભાવ
આવતો નથી, તેઓને તે જીવો પ્રત્યે દ્વેષભાવ છે,
એમ સાબિત થાય છે.

પ્રેમ એ એક જ તે દ્વેષનું નિવારણ છે.

शास्त्रे पुरस्कृते तस्माद् वीतरागः पुरस्कृतः ।
पुरस्कृते पुनस्तस्मिन् नियमात् सर्वसिद्धयः ॥१॥

(પરિશિષ્ટ-૯)

Divine = Super consciousness. તેમાંથી પ્રગટતા Aspirations & Inspirations એ conscious awareness દ્વારા subconsciousમાં જાય છે અને તે પછી સત્તામાં રહેલા કર્મોનું transformation શરૂ થાય છે અને આત્મવિશુદ્ધિ પ્રગટતી જાય છે.

ધ્યાનની પ્રક્રિયા આ પરિણામ નિપજાવે છે.

નિગોદમાંથી જીવને બહાર નીકળવું જેટલું કપરું હતું, તેટલું જ કપરું બહાર નીકળ્યા પછી Opening થવું તે છે.

ક્ષપકશ્રેણીનું ધ્યાન એટલે

સમ્યગ્દર્શનનું કેવળજ્ઞાન અને કેવળદર્શનમાં રૂપાંતર. ઉત્ક્રાંતિ એટલી જ કપરી હોવી જોઈએ અને શિષ્યત્વનું કાર્ય (Responsibility of શિષ્ય) પણ આપણે કરીએ છીએ, તેમાંથી વિસ્મયકારક રીતે ભિન્ન હોવું જોઈએ.

0 સ્વામી રામદાસ કહે છે કે: सच्ची भावना से अगर संतों के चरणों का मन ही मन ध्यान/प्रार्थना करना-ये तो प्रत्यक्ष चरणसेवन से कुछ कम नहीं है। एकांत में बैठकर संत से कोई बात कही जाय तो Wireless की भांति तुरंत संत के हृदय में हमारी बात पहुंच जाती है और मार्गदर्शन भी मिल जाता है।

तूं कौन होता है इस विश्व में ?
तेरा क्या अस्तित्व है यहां ? क्या हस्ती है तेरी ?
सागर में बूंद जितना भी महत्व नहीं है तेरा।
भला किसको क्या देनेवाला है तू ?
जो कुछ दिया जा रहा है, ये सब नियति है।
जैसा होने का है, वैसा निमित्त मिलता रहे जायेगा।
नियतिने आज तुम्हारे माध्यम से खेल किया है।
कल और कोई इसका खिलौना बनेगा।
तुम तो सिर्फ नियति के खिलौने व हथियार हो।
इसमें तुम्हारा क्या ?
हथियार चलानेवाला व
खिलौना बनानेवाला हाथ तो दूसरा है।
सब अपने अपने श्रम व भाग्य का पा रहे हैं।
तूं तो सिर्फ निमित्त मात्र बना है।
तूं नहीं तो और कोई इसका निमित्त बनता।
प्रकृति किसी न किसी को निमित्त बनाकर ही
अपना काम कराती है।
इस किस्म की विचारधारा से कर्तृत्व का
अभिमान पिघल जाता है, जैसे धूप से बरफ।

પૂજાવિંશિકામાં કહ્યું છે કે

કાયક્રિયાપ્રધાન પૂજા તે સમંતભદ્રા.

વાક્ક્રિયાપ્રધાન પૂજા તે સર્વમંગલા.

શુદ્ધ મનઃપ્રધાન ક્રિયા તે સર્વસિદ્ધિફલા.

ષોડશક, સંબોધપ્રકરણમાં કહ્યું છે કે

પહેલી પૂજા વિઘ્નોપશમા છે, બીજી અભ્યુદયપ્રસાધની છે
અને ત્રીજી પૂજા નિર્વાણસાધની છે.

ચરમ યથાપ્રવૃત્તકરણને પહેલી, અપૂર્વકરણને બીજી
તથા અનિવૃત્તિકરણને ત્રીજી પૂજા કહી છે.

શાંતિસૂરિ કૃત ચૈત્યવંદન મહાભાષ્યમાં કહ્યું છે કે

પંચોપચારી, અષ્ટોપચારી અને સર્વોપચારી -
એમ પણ પૂજાના ત્રણ પ્રકાર છે.

સ્તવવિધિ પંચાશકમાં કહ્યું છે કે

પુષ્પ, આમિષ, સ્તોત્ર અને પ્રતિપત્તિ - એ ચાર પ્રકારની
પૂજામાં પ્રતિપત્તિ એ શ્રેષ્ઠ અને અંત્ય કર્તવ્ય છે.
અંગપૂજા પુષ્પથી, અગ્રપૂજા આમિષથી અને
ભાવપૂજા એ સ્તોત્રથી થાય છે.
સ્તોત્ર પૂજા એ પૂજનના ગુણવર્ણન રૂપ છે અને
પ્રતિપત્તિ પૂજા આત્મનિવેદન - શરણાગમનરૂપ છે.

જગદ્બંધુ, ત્રૈલોક્યબંધુ આદિ વિશેષણો
વડે ભગવાનની પ્રતિપત્તિ કરે.
પ્રણિપાત, પરિપ્રશ્ન અને સેવાથી ભાવ મળે છે.
અહીં 'સેવા'નો અર્થ અનુકૂળ વર્તન.
સેવાથી પાપનાશ થઈ ભાવનું અધિકારીપણું આવે છે.
ભાવનો અધિકાર ગુરુની સેવાથી આવે છે.
સેવા સરલ કરિષ્યે વચનં તવ ।

વ્યવહારનયથી
'શરીરનું નામ એ આત્માનું નામ છે';
જ્યારે નિશ્ચયનયથી
'અરિહંતાદિ પદોનાં નામ એ આત્માનાં નામ છે'
એમ સમજીને અરિહંતાદિ પદોના નામસ્મરણ
અને નમસ્કાર - એ બન્ને ભાવોત્પાદક બને છે.

o

Love is softest but the hardest chain in the world and Spirit of forgiveness is the magic which can hypnotise anybody, anywhere. They both can capture the worst enemies and also wild animals.

## <u>નવકાર મહામંત્ર અને ભાવપ્રતિબંધ</u>

'अशक्ये भावप्रतिबन्धः ।' ધર્મબિંદુ ૩-૧૦ના સૂત્રમાં જે 'ભાવપ્રતિબંધ' કહ્યો છે, તેનું પરમ સાધન નવકાર છે. નવકાર મંત્ર જે ગણે, તેને 'ભાવપ્રતિબંધ' હોય જ.

કહ્યું છે કે:

तात्त्विकः पक्षपातश्च भावशून्या च या क्रिया ।
अनयोरन्तरं ज्ञेयं भानुखद्योतयोरिव ॥१॥

આ નવકાર મંત્રમાં પોતે જે કરે છે અથવા નહિ કરતો, તે બધી શુભક્રિયાઓનો તાત્ત્વિક પક્ષપાત છે.

<u>તાત્ત્વિક પક્ષપાત એ સૂર્યના સ્થાને છે,</u>
<u>તે વિનાની ક્રિયા તે ખજવાના સ્થાને છે.</u>

તાત્ત્વિક પક્ષપાત એ હૃદયમંદિરમાં ઝળહળતો પ્રકાશ છે. પક્ષપાતશૂન્યક્રિયા ક્ષણિક તેજ અને વિનાશી પ્રકાશ છે.

क्रियाशून्यं च यज्ज्ञानं ज्ञानशून्या च या क्रिया ।
अनयोरन्तरं ज्ञेयं भानुखद्योतयोरिव ॥१॥ <u>અર્થાત્</u>:

ક્રિયા વિનાનું જ્ઞાન અને જ્ઞાન વિનાની ક્રિયા-
આ બેનું અંતર સૂર્ય અને ખજુઆ જેવું છે.

અહીં 'જ્ઞાન' શબ્દથી સમ્યગ્દર્શનસહિત જ્ઞાન કે જેમાં ભવવિરાગ અને મોક્ષરાગ રહેલો છે, તે ગ્રહણ કરવું.

સાચું જૈનત્વ એટલે સમભાવ અને સત્ય દર્શન.
અહિંસા તથા અનેકાંતમાં અહિંસા આચારને ઉજ્જ્વલ કરે છે અને અનેકાંત આપણી દૃષ્ટિને વિશાળ કરે છે.
આત્મતત્ત્વદર્શન માટે અહિંસા + અનેકાન્ત અનિવાર્ય છે.

## વ્રત - નિયમોનો મર્મ શું છે ?

જડની રમણતા ઓછી કરી આત્મરમણતા કેળવવી તે.
જીવમાત્ર પ્રત્યે આદર અને પ્રેમની આધારશીલા ઉપર અભયદાન શક્ય છે અને અહિંસા સાનુબંધ બને છે.
આધ્યાત્મિક ઉન્નતિના મૂળભૂત આશયની સિદ્ધિ ચૈતન્યમાત્ર પ્રત્યેના આદરમાં છે. અહિંસાની પ્રતિષ્ઠાનો મૂળભૂત આશય વેરત્યાગ છે. ક્ષમાપનાનો આશય પણ એજ છે.
વેરત્યાગ ત્યારે જ સંભવે કે જીવમાત્ર પ્રત્યે પ્રેમ હોય.
પ્રેમ = જીવમાત્રમાં રહેલી સમાનતાનો સમ્યગ્વિચાર.
એ વિચારનું પરિણામ પ્રેમમાં આવે છે અને પ્રેમનું પરિણામ જીવમાત્રના સુખે સુખી અને દુઃખે દુઃખી - એ જાતિના અનુભવમાં આવે છે.
અભયદાનની શક્તિ પણ એ પ્રેમમાંથી જાગે છે. એ પ્રેમ આત્મવત્સર્વભૂતેષુ | ભાવનાને સાકાર બનાવે છે.
કરુણાની ભાવના એ કરુણા લેનાર અને દેનાર - ઉભય માટે આશીર્વાદ સમાન છે.

## પ્રેમની ઓથ સમત્વની ભાવના પણ
## હમેશ રહી લેનાર - ઉભયને કલ્યાણપ્રદ છે.

જીવમાત્રને પ્રેમ અને સમત્વની ભાવનામાં વિષયલંપટતા, સ્વાર્થ અને ભૌતિક સુખની જે લાલસા આડે આવે છે, તેને સંયમ, ઇંદ્રિયનિગ્રહ, બ્રહ્મચર્ય વડે રોકી શકાય છે. જ્ઞાન - દર્શન - ચારિત્રની આરાધનાનો હેતુ પણ પ્રેમ અને સમત્વની ભાવનાનો વિકાસ સાધવા માટે જ છે. ક્ષમા, સમત્વ અને અહિંસાને સાધ્ય તરીકે સ્વીકારીને વેરભાવ સેવવો અથવા જીવોને ભય પેદા કરવો, એ સાધ્ય-સાધનની વિષમતા છે, ધર્મની અવહેલના છે. સાધના અંગેની અપૂર્ણતા આપણી અપૂર્ણતાને આભારી હોય,

## તેનો સ્વીકાર કરવો એ એક વાત છે અને
## પોતાને પૂર્ણ માનવાનું અભિમાન સેવવું

અપૂર્ણ સાધનાને પૂર્ણ માનવી, એ બીજી વાત છે. એકમાં સરળતા છે, બીજામાં ઢોંગ છે, દંભ છે, માયા છે. પ્રત્યક્ષ જીવન અને તેના આદર્શ વચ્ચે અંતર હોય છે, એટલે જ તો સાધનાને અવકાશ છે પણ સાધન-સાધ્ય વચ્ચે વિષમતા ન હોવી જોઈએ. સાધ્ય પૂર્ણ અને સાધન અપૂર્ણ ભલે હોય પણ બંને સમાનધર્મી હોવાં જોઈએ.

સાધ્ય અને સાધન વચ્ચે અંતરના કારણે આદર્શ તથા
વર્તણૂક વચ્ચે અંતર દેખાય તો ય તે દાંભિકતા ન ગણાય.
બંને વચ્ચે વિષમતા હોય, તો જ તે દાંભિકતા મનાય.

## ૧૪ રાજલોકમાં જીવાત્મા જીવરૂપે એક જ

જીવમાત્ર પ્રત્યે આદર અને પ્રેમનો આધાર જીવમાત્રની
કથંચિત્ એકતાના પાયાના સિદ્ધાંત ઉપર અવલંબે છે.
લોટાનું પાણી અને નદીનું પાણી - પાણીરૂપે એક જ છે,
તેમ પ્રાણીમાત્રમાં જીવાત્મા જીવરૂપે એક જ છે.
જીવના સુખ-દુઃખાદિ ધર્મો સમાન છે.
પ્રાણીના પ્રાણની રક્ષા એ આત્મરક્ષા છે અને
બીજાનાં સુખ-દુઃખ એ પોતાનાં સુખ-દુઃખની સમાન છે,
તેથી જીવમાત્રને આદર અને પ્રેમ આપવા માટે જરૂરી
ત્યાગ અને તિતિક્ષા સ્વાભાવિક બને છે.
પ્રાણીમાત્રના પ્રેમથી મૈત્રી અને કરુણા સક્રિય બને છે
અને આત્માને ઉન્નત કરનાર
અભયદાન અને અહિંસા જીવનસ્પર્શી બને છે.
સત્કાર, મૈત્રી, ઉદારતા, ત્યાગ આદિ ગુણો
માનવમાં વિકાસ પામે છે, પશુઓમાં નહિ.
માનવમાં રહેલી પશુતા તે ગુણોનો વિરોધ કરે છે.

વિકસિત-ઉત્ક્રાન્ત માનવને પાશવી વૃત્તિઓ કુરૂપ, અભદ્ર, જુગુપ્સાપ્રેરક લાગે છે અને મૈત્રી આદિ સર્વ ગુણોનું સૌંદર્યમય સ્વરૂપ રૂચિકર તથા આનંદપ્રદ લાગવા માંડે છે અને તેના પૂર્ણ સ્વરૂપની ઝંખના કરવા લાગે છે, તેમાંથી ધર્મભાવના, ધર્મશ્રદ્ધા વગેરે ઉત્પન્ન થાય છે.

## કલાથી ધર્મ તરફની યાત્રા

સ્થાપત્ય, શિલ્પ, ચિત્રકલા, સંગીતકલા તથા સાહિત્યકલાઓ વિકસી અને તે દરેકનો વિનિયોગ ધર્મક્રિયામાં થયો. જીવનનું પરમ સૌંદર્ય માત્ર પોતાના જ અસ્તિત્વને ટકાવી રાખવામાં નહિ પણ બીજાનું અસ્તિત્વ ટકાવવાને ઉપરાંત તેને પણ ઉદાત્ત બનાવવામાં જ રહેલું છે.

સવ્વે અવરાહ પએ ઇસ ખમાવેમિ અજ્જ નિસ્સલ્લો |
અમ્મ પિઉસરિસ્સયા સવ્વેવિ ખમંતુ મે જીવા ||૧||

અર્થ: માતા-પિતા સમાન સર્વ જીવો મારા અપરાધને ખમાવો, ક્ષમા આપો. હું નિઃશલ્યભાવે ક્ષમા માંગું છું, સર્વ પ્રકારના મારા અપરાધની ક્ષમા યાચું છું.

જીવ+દયા=પ્રત્યેક જીવને માટે પ્રેમ. પ્રેમ વગર દયા સંભવી જ ન શકે. સર્વ ગુણોમાં કેન્દ્રવર્તી સ્થાન પ્રેમનું છે. તે વડે અન્ય ગુણો આપોઆપ આકર્ષાઈ આવે છે.

જ્યાં પ્રેમ છે, ત્યાં ત્યાગ છે, મૈત્રી છે, અહિંસા છે,
તપ છે, સંયમ છે, ઉદારતા છે, સહૃદયતા છે, સમભાવ છે.

વિચાર, વિવેક, સમજણ, અક્કલ એનું નામ છે કે
પોતે બીજાની તરફથી જેવા વર્તનની અપેક્ષા રાખે છે,
તેવા વર્તણુંક તેણે બીજા તરફ રાખવા જોઈએ.

ઉદારતા, હિતેચ્છા, સભ્યતા - એ સમજણનું ફૂલ છે.

જ્યાં ખરીખરી, ત્યાં પ્રેમ અને જ્યાં પ્રેમ, ત્યાં
ખરીખરી આવે જ. જેના ઉપર આપણને પ્રેમ હોય,
તે નારાજ ન થાય, તેને સહસા દુઃખ ન થાય,
એવી આપણી વૃત્તિ હોય છે જ. મનની શાંતિ
એટલે બેફિકરાઈ, બેપરવાઈ નહિ પણ પ્રેમનો ઉભરો.

<u>બાળકોને પ્રેમ આપો, સિદ્ધાંતો નહિ.</u>

<u>સુખી થવાની 3 રીત : કતલ, કાનૂન અને કરુણા.</u>
<u>પહેલી ક્રૂર છે, બીજી ન્યાયી અને ત્રીજી સૌમ્ય છે.</u>

<u>સામ્યવાદ નહિ પણ સામ્યયોગ આદેય છે.</u>
<u>વાદ એ પ્રતિવાદ કે વિખવાદને જન્માવે છે, જ્યારે</u>
<u>યોગ એ પરસ્પરના હૃદયને જોડે છે.</u>

વિચાર કરી પ્રચાર કરનારા મળે, આચારવાન વિરલ હોય.

એકના મુખડે વખાણ તરે અને એકના પાછે વખાણ ફૂટે.
બંને તફાવત સાપેક્ષ છે.

કોઈપણ કાર્ય કરવા માટે સૌ પ્રથમ
(૧) જાણો (૨) સમજો અને (૩) કરો.

સાંભળવું, સમજવું, કરવું - એ ત્રણ મળીને કાર્ય પૂર્ણ છે.
To complete the course of work, first hear, then understand & lastly do.

યોગ એ જીવનથી દૂર ભાગવાની નહિ, પરંતુ જીવનને દિવ્ય બનાવવાની કળા છે. યોગ કેવળ વનની નહિ પણ જીવનની સાધના છે. યોગ એ કળા શીખવે છે કે જેનાથી મનુષ્ય નહિ દુનિયાથી દૂર ભાગતો કે નહિ વાસનાઓથી ઘાયલ થતો, પરન્તુ કર્મ કરવા છતાં અકર્મ રહે છે.

धम्मस्साइपयमिणं जम्हा सीलं इमस्स पज्जंते ।
- विंशति वि० दान वि० १९

सूक्ति: ધર્મનું આદિ પદ દાન છે અને અંતે શીલ છે.

० दयाऽपि लौकिकी नेष्टा षट्कायाऽनवबोधतः ।
एकान्तिकी च नाऽज्ञानात् निश्चयव्यवहारयोः ॥१॥
-द्वा० ७, श्लो० २७

० मेत्ती - पमोद - कारुण्णं - मज्झत्थं च चउत्थयं ।
सत्त - गुणवंत - दीण - अविणीए होंति समत्तं ॥१॥
- कुवलयमाला - पृ० २१८ (परिशिष्ट-१०)

तम्हा सत्ताणुरूवं अणुकंपासंगएण भव्वेणं ।
अणुचिट्ठियव्वमेयं इत्तो च्चिय सेसगुणसिद्धी ॥ सद्गति:

તેથી અનુકંપાથી યુક્ત ભવ્ય જીવે જીવોને અનુરૂપ દયા કરવી જોઈએ, કેમકે ભવદયાથી જ બાકી ગુણની સિદ્ધિ થાય. ધર્મનું પ્રથમ સ્થાન દાન છે. દાનમાં અભયદાન શ્રેષ્ઠ છે. અભયદાનનું મૂળ પણ અનુકંપા છે, તેથી ધર્મના આદિમાં, પ્રારંભમાં અનુકંપા લક્ષણ હોવું જોઈએ. જ્ઞાન પણ અભય-દાન આપે છે, તપ પણ અભયદાન આપે છે, ભાવ પણ અભયભાવ પોષે છે, માટે ધર્મ છે અને ઉપાદેય છે.

પ્રણિધાન આદિ આશયો પણ દયાદિ, વિનયાદિ
અને પરોપકારાદિ પ્રધાન હોય છે.

० शान्तोत्कर्षरूप - निश्चयचारित्रस्य
परमेश्वरानुग्रहजनितस्य तदुभय-
(अभयदानसहितदयावृत्ति) स्वरूपत्वात् ।

० परप्राणिषु कृपानुगं, करुणान्वितं,
परार्थनिष्पत्तिसारं च चित्तं ।
अनेन विना चेष्टा द्रव्यक्रिया तुच्छा,
प्रणिधानादीनां क्रियाशुद्धिहेतुत्वात् ।
आत्मौपम्येन सर्वं पश्यतो हि सा अनुकम्पा स्यात् ।

(પરિશિષ્ટ-૧૧)

ચિત્તને મલિન રાખનાર રાગ-દ્વેષ-મોહરૂપી મળો છે.
સ્વસુખનો રાગ, સ્વદુઃખનો દ્વેષ અને પોતાની ભેગ
ભાન ભૂલી બહુ સુખના અર્થી છે, દુઃખથી પીડિત છે,
એ નજરે દેખાતી વસ્તુસ્થિતિને ન સમજી શકવારૂપ
મૂઢતા-મોહ અથવા જડ દેહાદિમાં 'હું' પણાની બુદ્ધિરૂપ
મોહ છે કે જે સર્વ દુઃખનું બીજ છે.

ચિત્તમાંથી મળો ઘટે તો ધર્મનો પ્રવેશ આત્મામાં સંભવે.
મોહોપહતચિત્તાસ્તે યે મૈત્ર્યાદિભિરસંસ્કૃતાઃ ॥ -યોગસાર
પરોપકાર વડે જ સ્વોપકાર સાનુબંધ બને છે. પરપીડા-
પરિહારના પરિણામ જ સ્વપીડાપરિહારરૂપી ફળને આપનાર
બને છે. શ્રુત, શીલ અને સમાધિનું બીજ પરાર્થરસિકતા છે.
સ્વભાવદશા સાથે પરાર્થ, વિભાવદશા સાથે સ્વાર્થ
સંકળાયેલ છે. સ્વાર્થ, અશાંતિ, દુઃખ વિભાવદશાસૂચક છે.
કર્તૃત્વાભિમાનપૂર્વક થતી પ્રવૃત્તિ સંક્લેશયુક્ત હોય છે.
સફળતામાં ગર્વ અને નિષ્ફળતામાં ગ્લાનિ જ અનુભવાય.
પરસ્પરોપગ્રહનો સિદ્ધાંત યમ-નિયમની પ્રાપ્તિ-પાલન
સરળ બનાવે છે, લોભેચ્છાનું નિયંત્રણ લાવે છે અને
નમ્રતા, સમતા (ઉદાસીનતા) અને સાત્ત્વિકભાવની પુષ્ટિ
દ્વારા નૈશ્ચયિક શુદ્ધ સ્વરૂપના દ્વાર ઉઘાડી આપે છે.

## પ્રકૃતિનું અદ્ભુત તંત્ર

પ્રકૃતિતંત્ર સૌને સુખી રાખવા સતત ગતિશીલ છે. વિશ્વના આ અટલ અને સનાતન સત્યના અજ્ઞાનથી મનુષ્ય સ્વાર્થમાં પોતાનું હિત જુએ છે અને વિશ્વના આ સનાતન નિયમનું ઉલ્લંઘન કરી સ્વયં જાતે જ દુઃખ નોતરે છે.

(૧) પૃથ્વી સ્થિર શા માટે? સમુદ્રો મર્યાદામાં કેમ?
અગ્નિનું ઉર્ધ્વજ્વલન, વાયુનું તિર્યગ્ગમન કેમ?
સૂર્ય-ચંદ્રનું નિયમિત પરિભ્રમણ કેમ?
વગેરે અનેક વાતનો વિચાર કરતાં સર્વના સુખ માટે દરેક વસ્તુ પોતાના સ્વભાવમાં પરિવર્તન પામતી નથી, એમ જણાઈ આવશે.

(૨) જેવું વાવીએ તેવું જ ઉગે, એક બીજમાંથી અનેક બીજ ઉત્પન્ન થાય, પ્રકૃતિમાં એ બધું જો નિયત ન હોત તો સમગ્રતયા અસંભવિત બની વ્યવહાર ખોરવાઈ જાત.

(૩) પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાળ વગેરે ૬ દ્રવ્યો સ્વ-સ્વભાવમાં રહીને જીવમાત્રને સહાય કરી રહ્યા છે.

(૪) જીવદ્રવ્ય પણ સ્વભાવસન્મુખ બને, ત્યારે બીજાને હિતકર બનતો જાય છે તથા અપુનર્બંધકાદિ અવસ્થામાં તેનામાં ઉદારતા - દાક્ષિણ્યતાદિ ગુણો વિકસે છે.

માર્ગાનુસારીપણામાં દયા - દાનાદિ ગુણો પ્રગટે છે.
સંયમજીવન ષટ્ જીવનિકાયને હિતકારી બને છે.
ઉપરના ગુણસ્થાનો જીવોનો ઉપકાર સ્વભાવ બની જાય છે.

<u>તીર્થંકરત્વ પરાર્થ સંપાદનમય છે.</u>

પ્રારંભ અને પૂર્ણતા - બંને પરાર્થકરણમાં પરિણમે છે.

(૫) જેમ કોઈ રાજ્યતંત્ર હોય, તે પોતાના રાજ્યના વડા કે અદના સિપાઈની પણ અવગણના સાંખી લેતું નથી, તેમ વિશ્વતંત્ર ચૈતન્યની અવહેલના ચલાવી લેતું નથી.

(૬) પ્રત્યેક દ્રવ્યનો સ્વભાવ જીવને સહાયક બનવાનો છે. એક પુદ્ગલનો સ્વભાવ સુખદુઃખ ઉભયને આપવાનો છે, તેમાં પણ કઈ શક્તિ કાર્યકર બનાવવી તે જીવના હાથમાં છે.

(૭) કાર્મણવર્ગણા સ્વતંત્રપણે જીવને સુખ-દુઃખ આપવાનું સામર્થ્ય ધરાવતી નથી, જીવદ્રવ્યના અધ્યવસાયનો current તેને પોતાની જાત પ્રમાણે ગુણ-શક્તિ અર્પે છે. બીજાનું ભલું કરવાનો વિચાર સુખપ્રદાન કરવાની શક્તિ અર્પે છે, તેથી વિરુદ્ધ વિચાર દુઃખપ્રદાન શક્તિ ઉત્પન્ન કરે છે. બાકી બધાં પુદ્ગલો તો કાર્મણવર્ગણાના આધિપત્યમાં આવીને પોતપોતાની પ્રવૃત્તિઓ કરે છે.

(૮) જીવદ્રવ્યની અવહેલના કે સત્કાર તદનુરૂપ પરિણામ

જણાવે છે. જીવદ્રવ્યની એ સહજ શક્તિ છે કે એના
આદરથી અનુગ્રહ અને અનાદરથી નિગ્રહ સ્વયં થાય છે.
(૯) દરેક દ્રવ્યનો સ્વભાવ જીવમાત્રને સહાયક થવાનો તથા
જીવદ્રવ્યનો સ્વભાવ પણ જીવજગતને ઉપકારક રહેવાનો છે.
જીવતત્ત્વનો ઉપગ્રહ એ વિશ્વની વ્યવસ્થાનું કેન્દ્ર છે.

જે જીવ આ કેન્દ્રથી ખસ્યો,
જેના અંતરમાં જીવતત્ત્વ પ્રત્યે આદરદૃષ્ટિ ન રહી,
તે સ્વભાવથી ખસી વિભાવમાં ઘસડાઈ જાય છે.
પરસ્પર ઉપગ્રહ એ જીવનું વ્યાવહારિક સ્વરૂપ છે.
આ કેન્દ્રને વળગી રહે તેટલા પ્રમાણમાં
તે જીવ વ્યવહારનયથી સ્વરૂપમાં સ્થિત ગણાય.

(૧૦) સમિતિ-ગુપ્તિમય જીવન તે સાધનામાર્ગનો અર્ક છે.

સમિતિપૂર્વકનું જીવન એટલે...
કોઈને પીડા ન થાય તેવું કાળજીવાળું જીવન.
ગુપ્તિપૂર્વકનું જીવન એટલે...
મન - વચન - કાયાના યોગોને
સતત આત્મામાં જોડી રાખવાના અભ્યાસપૂર્વકનું જીવન.
સમિતિ વ્યવહારમાર્ગને આવરી લે છે,
ગુપ્તિ નિશ્ચયમાર્ગની સાધનાનો મુખ્ય વિષય બને છે.

(૧૧) જેમ ગતિ તથા સ્થિતિ પરસ્પર સાપેક્ષ છે, તેમ
આત્માદિદ્રવ્ય પણ પરસ્પર સાપેક્ષ છે.
કેમ સ્વતંત્રપણે કોઈપણ જીવ મુક્તિ મેળવી શકતો નથી.
જેમ એક સિદ્ધ થાય, ત્યારે એક નિગોદમાંથી નીકળે,
તેમ જ નિગોદમાંથી બહાર નીકળ્યા પછી જીવને ઊંચે
આવવાના શુભ ભાવો પણ બીજાના આલંબનથી મળે છે.

(૧૨) ગુણવાનને જોઈને પ્રમોદ, અધિક ગુણવાનની કરુણા,
હીનગુણી પ્રત્યે કરુણા, તે જીવોનો પ્રમોદ –
એ રીતે ભાવોનું આદાનપ્રદાન ચાલુ જ છે.
અતિ નિકૃષ્ટ જીવો માધ્યસ્થ્યભાવનું આલંબન બને છે
અને ધર્મી આત્માઓના ધર્મની પુષ્ટિ કરે છે. એમ
કરતાં ક્રમશઃ ધર્મસિદ્ધિ થતાં અધમ જીવોની પાપપ્રવૃત્તિઓ
પણ ધર્મસિદ્ધ જીવોના સાન્નિધ્યમાં આવતાં શમી જાય છે.

o

My hard struggles & deep pains in mental field - all have enlightened me in more subtle depth of the Truth. Suffering is inevitable to release & develop the inward perceptions.

Life is not to be alive, but be well.

## સમષ્ટિની સંવાદિતા આપણા હાથમાં

સમષ્ટિને અહિતકર પ્રવૃત્તિ કરવાથી વિશ્વતંત્રના સંવાદી સંચાલનમાં ડખલ થઈ અન્યના હિતને હાનિ પહોંચે છે. સાથે એ કરનારને પોતાને પણ નુકસાન ભોગવવું પડે છે. આ સંબંધની સમજણ વિવેકશીલ વ્યક્તિને પોતાની જવાબદારીનો ખ્યાલ આપે છે કે સમષ્ટિ પર માઠી અસર થાય, તેવા કોઈ આચરણ કે વિચારણા મારાથી ન થવા જોઈએ. સર્વને સુખ આપવા અને સુખમાં રાખવા સતતપણે મથી રહેલ વિશ્વતંત્ર સાથે સંવાદમાં રહે, એવા જ વૃત્તિ અને પ્રવૃત્તિ કરવા તેને પ્રેરે છે. આપણા જીવનના ઘડતર-પોષણમાં જ નહિ પણ માનસિક અને આધ્યાત્મિક વિકાસમાં પણ અનેક વ્યક્તિ પોતાનો ફાળો ગમ્ય-અગમ્ય રીતે આપી રહેલ છે, તેના પ્રત્યે કૃતજ્ઞભાવ જાગે છે, ઋણ ફેડવા વૃત્તિ જગાડે છે. માત્ર માનવસમાજનું જ નહિ પણ જીવમાત્રનું ઋણ, સમગ્ર સૃષ્ટિનું ઋણ સ્પર્શે છે. પછી કોઈ ધર્મશાસ્ત્રના પાલનરૂપે જ નહિ કે કોઈ ઉપર ઉપકાર કરવાની બુદ્ધિથી જ પ્રેરિત થઈને નહિ, કિન્તુ જીવજગત પ્રત્યે પોતાની જવાબદારી અને કર્તવ્ય સમજીને તે વિશ્વહિતની પ્રવૃત્તિમાં પોતાનો ફાળો આપે છે.

ભગવાન પ્રત્યેના શ્રદ્ધા અને જવાબદારીના ભાવથી લોભેચ્છા ઉપર નિયંત્રણ આવે છે, બીજાનાં સુખ-સગવડ માટે ત્યાગ અને અગવડ સહન કરવાની શક્તિ વિકસે છે. શુભભાવોના આદાનપ્રદાન દ્વારા એકનું ધર્માચરણ અનેકને ઊંચે ચઢાવે છે, અનેક આત્માઓમાં શુદ્ધિ પ્રેરે છે. 'પોતે બીજાના આલંબને ઊંચે ચઢ્યો છે' એ ભાન સાધકને વિનમ્ર બનાવે છે અને પોતાની કોઈપણ શુભ પ્રવૃત્તિ બીજા અનેક પરિબળોના અસરથી આકાર લે છે, એ સમજણ અભિમાનિક કર્તૃત્વ છોડવામાં સહાયક બને છે.

આ સમજણ વિના 'હું કરું' - 'મેં કર્યું' એ અભિમાન ટાળ્યું ટળતું નથી. પરિણામે શુભ પ્રવૃત્તિમાં જોડાયા હોવા છતાં અશુભ આસ્રવ ટાળી શકાતો નથી. કર્તૃત્વાભિમાનથી થતી પ્રવૃત્તિ સંઘર્ષવાળી હોય છે. સફળતામાં પોતાના કૌશલ્યનો ગર્વ અને નિષ્ફળતામાં ગ્લાનિ જોડાયેલાં જ રહે છે. જીવનું આ અભિમાનિક કર્તૃત્વ જ તેના બંધનનું મુખ્ય કારણ બને છે, જે 'વિશ્વતંત્રમાં પોતે માત્ર નિમિત્તકર્તા છે' એ સ્મૃતિ તાજી રાખી નિઃસંગભાવે કાર્ય કર્યે જવું, એ જ બંધનથી છૂટવાનો ઉપાય છે. આવો નિઃસંગભાવ, જે પ્રાપ્ત થવો ઘણો કઠિન છે, તે આ સમજણથી સુલભ બને છે.

વિશ્વના પ્રત્યેક બનાવ ગણિતની ચોક્કસાઈથી એકબીજા સાથે સંકળિત છે. જ્યોતિષ, સામુદ્રિક, સ્વરોદય, હસ્તરેખાદિ વિદ્યાઓની સત્યતાથી ફલિત થતી આ એક હકીકત છે. 'બધું પૂર્વ નિર્ધારિત છે' એવી સમજણ થવા છતાં કાર્ય-કારણ ભાવોની ભ્રમજાળ અટપટી છે, તેથી બધું પુરૂષાર્થસાધ્ય લાગે છે. પરિણામે માનવ પોતાના હિત કે સુખ અર્થે પોતાની પસંદગીની પ્રવૃત્તિ કર્યા વિના રહી શકતો નથી, પરંતુ એ પ્રવૃત્તિનું પોતે ધાર્યું હોય, તેવું પરિણામ ન આવે, ત્યારે સર્વ મનુષ્ય જો ભવિતવ્યતાને મનની સાથે રાખે તો હર્ષ-વિષાદમાંથી ઉગરી જાય.

ભવિતવ્યતાથી એમ માનવામાં આવે છે કે

વિશ્વના નાના-મોટા અને આંતર-બાહ્ય સઘળા બનાવો નિયત છે, નિયત કારણ-સામગ્રીથી બનવાના છે અને સર્વ કાળના જ્ઞાની પુરૂષોએ પોતાના જ્ઞાનમાં તેમને તે રીતે જ જોયેલા છે જે જેમ બનવાના છે, જે સામગ્રીથી આકાર લેવાના છે, તે જ ક્રમથી અને તે જ કારણોને લઈને બન્યા કરે છે, એમાં ફેરફાર શી રીતે થાય? આ સમજણ જેમ જેમ પરિપક્વ અને સ્થિર થતી જાય, તેમતેમ મિથ્યાકર્તૃત્વનો ભ્રમ ટળતો જાય છે,

આકુળતાના વિસ્તારનો નાશ છે તથા
જગતના સ્વરૂપના યથાર્થ જ્ઞાનમાંથી આકાર લેતું
ઔદાસીન્ય - અત્યંત પરાકાષ્ઠાએ પહોંચે છે.
જ્ઞાનની સાથે જન્મતી રાગદ્વેષની લાગણીઓની બાદબાકી
થઈ જવાથી કેવળજ્ઞાન અને pure awareness
શેષ રહે છે, એ જ વીતરાગતા પ્રતિ આવું પ્રયાણ છે.

## જીવતત્ત્વની આરાધનાનો સરળ ઉપાય

પ્રથમ ચતુઃશરણા, પછી જીવરાશિ સાથે ખામણા, પછી
૧૮ પાપસ્થાનક આલોચવા, પછી નવકાર મંત્રનું સ્મરણ.
આ જ જીવતત્ત્વની આરાધનાનો સરળ ઉપાય છે.

## ઉપદેશ રહસ્ય

સદાચારાભ્યાસ = સદાચારનું પાલન
અને એ જ ભગવદનુગ્રહ એટલે કે માર્ગાનુસારિતાદિ
ભાવો ભગવદ્ અનુગ્રહ વિના પ્રાપ્ત થતાં જ નથી.

## ઉપમિતિકાર

માર્ગાનુસારિતાદિ ભાવો એ જ અનુગ્રહ છે કે અનુગ્રહથી
એ ભાવો પ્રાપ્ત થાય છે? કાર્યમાં કારણના ઉપચારથી
સદાચારાભ્યાસ એ જ ભગવદનુગ્રહ અર્થાત્ ભગવદનુગ્રહ
એ કારણ અને એનાથી જ સદાચારાભ્યાસ પ્રાપ્ત થાય.

ભગવદનુગ્રહ એ સર્વપ્રધાન કારણ છે.
આ નિરુપચરિતનયનું કથન છે.

<u>લલિત વિસ્તરા</u>

ભગવદનુગ્રહ એ કારણ અને સાક્ષાત્કાર એ કાર્ય છે.
સાક્ષાત્કારની પ્રાપ્તિ અનુગ્રહના કારણે છે.
લૌકિક સર્વ અનુગ્રહોમાં ભગવદનુગ્રહ વ્યાપ્ત છે.
લૌકિક અનુગ્રહો ઉપચરિત છે,
ભગવદનુગ્રહ નિરુપચરિત છે.

0 બીજાને સહાય કરવાની ઇચ્છામાં સપડાઈ જશો નહિ. તમે પોતે આંતરિક અવસ્થામાં રહી, સાચી વસ્તુ કરો અને સાચી વસ્તુ બોલો. લોકોને મનુષ્યની સહાય ભગવાન તરફથી આવે એમ થવા દો. ખરેખરી સહાય કોઈ કરી શકતું નથી. ફક્ત પ્રભુની કૃપા જ તે કરી શકે છે.

<u>- Sri Aurobindo, Dt. 5/10/70</u>

પરોપકાર, ભૂતદયા, માનવસેવા -
તે સર્વ પોતે મનોમય કે નૈતિક આદર્શો છે,
એ કાંઈ આધ્યાત્મિક જીવનના નિયમો નથી.
માનવ અહંકારથી પર થઈ શકે, માનવ તેના પોતાના સાચા સ્વરૂપમાં રહી શકે તથા અજ્ઞાન, અશક્તિ અને વિસંવાદમાં

બંધાયેલો ન રહે, તેવો રસ્તો તૈયાર કરી આ શક્તિ કાઢો. તે માનવજાતિની મોટામાં મોટી સેવા છે અને તે જ તેની સાચી પ્રગતિ, સુખ અને પ્રકૃતિનો સૌષ્ઠવ પાછી પામશે છે.

ધર્મ સ્થૂળમાં નહિ, સૂક્ષ્મમાં નહિ પણ
શૂન્ય એટલે કે absolute zeroમાં છે.
ધર્મ એ પ્રેમ છે પણ પ્રેમ તે ધર્મ નહિ.

| પંચ પરમેષ્ઠિ | વર્ણ | રસ |
|---|---|---|
| (૧) અરિહંત | શ્વેત | ખાટો |
| (૨) સિદ્ધ | રક્ત | મધુર |
| (૩) આચાર્ય | પીત | તીખો |
| (૪) ઉપાધ્યાય | નીલ | તુરો |
| (૫) સાધુ | શ્યામ | કડવો |

## આત્માનું સ્વરૂપ

આત્માના પ્રદેશ અસંખ્યાત.
એક એક પ્રદેશની શક્તિ અનંતી.
બાહ્ય ઇંદ્રિયોને વિષયહીન કરી
આંતર ઇંદ્રિયો વડે આત્માનો જોવો કે: જો,
આત્મા રૂપ - રસ - ગંધ - સ્પર્શ - શબ્દહીન છે તથા
જ્ઞાન - દર્શન - ચારિત્ર - તપ - વીર્ય - ઉપયોગગુણ સહિત છે.

ઘેટાંના ટોળામાં રહેલ સિંહ, રંકને ઘેર ઉછરેલ રાજકુંવર
અને દરિદ્રને ઘેર વસતાં કોઈ શ્રીમંત પુત્રની જેમ જ
કર્મની વચ્ચે રહેલો જીવ છે.
કર્મના કુચક્રે રંકની જેમ સંસારી છે,
કર્મમુક્ત તે જ જીવ સિદ્ધસ્વરૂપી છે.
માનવજીવનની મોટામાં મોટી સિદ્ધિ કોઈપણ દિવસ
નિષ્ફળ નહિ જવામાં નહિ, કિન્તુ પતનના પ્રત્યેક પ્રસંગે
પશ્ચાત્તાપ દ્વારા તેમાંથી પાછા ફરી જવામાં રહેલી છે.

Know thyself.

જેણે એક આત્માને જાણ્યો, તેણે સઘળું જાણ્યું.

Kingdom of heaven is within you.

જીવ એકલો ચૈતન્યને લઈને આવ્યો છે અને તેને જ
લઈને જવાનો છે. બાકી બધું અહીં મૂકીને જવાનું છે.

ચૈતન્ય એટલે શું?

ચૈતન્ય એટલે પુણ્ય - પાપ, રાગ - દ્વેષ, જ્ઞાન - દર્શન,
જ્ઞાનચેતના, કર્મચેતના અને કર્મફળચેતના.
જીવાજીવાદિ તત્ત્વોનું જ્ઞાન તે જ યથાર્થ જ્ઞાન,
હેયોપાદેયની શ્રદ્ધા તે જ યથાર્થ શ્રદ્ધા, હેયનું ત્યાગ
ઉપાદેયનું ઉપાદાન તે જ સાચું ચારિત્ર અને તપ.

[illegible] જગતની ઇચ્છા અને અજ્ઞાન - અવિદ્યા
એ જ બંધન છે. ઇચ્છાનો નાશ તે જ મોક્ષ છે. ઇચ્છારહિત
થવું તે વીતરાગતા અને મૂર્છારહિત થવું તે નિર્ગ્રન્થતા છે.
ચિત્ત ચંચળ રહે તે સંસાર, નિશ્ચળ બને તે મોક્ષ.

વિષયોના ધ્યાનથી ચિત્ત ચંચળ બને છે તથા
આત્માના ધ્યાનથી નિશ્ચળ બને છે.

વસ્તુના અતિવિલાસથી ગ્રહણશક્તિનો નાશ થાય છે.
ભોગની અતિમાત્રાનું પરિણામ પણ તે જ આવે છે.

o અખંડિત ઉત્સાહ એ જ સંપત્તિ છે.

વેર હૃદયમાં ટકાવવાને અવકાશ નથી.

સાધુ પુરુષો પોતાની ઉપયોગિતા મુખથી કહેતા નથી
પણ આચરણથી પ્રગટ કરે છે.

ઉચ્ચ આત્માઓની પ્રવૃત્તિઓમાં
આધ્યાત્મિક સંકલ્પ જ પ્રધાનપદે રહેલ છે.

o

Hatch your wagon to a star. Do you feel safe in your communion with God? Supremacy of the pure soul?

Humble = prideless,
no stress of self - interest.

Be humble, light, self - less and see that the pure light of the soul is present in you.

First seek the kingdom of heaven.

Ahimsa or non - violence for all is the mother of son - fearlessness.

અહિંસાથી આનંદ અને નમ્રતાથી અહિંસા.

સરસ્વતી = વિદ્યા, ભગવતી = વિનય, ભારતી = વિવેક.

All these are the synonyms of 'ભગવતી અહિંસા !'

You are the centre of the whole universe. Love sustains the whole universe & you are love.

God is all - love. He who dwelleth in love, dwelleth in God and God in him.

All creatures are helpful in each others' progress. Wish well even for those who curse you.

## એક સંવેદન

'હું શરીર નહિ, વિષયાસક્ત ઇંદ્રિય નહિ, પ્રાણ નહિ.
વિચાર, ભાવના કે કર્મ નહિ. હું માત્ર અસ્તિત્વ છું.
શુદ્ધ જ્ઞાનમય શુદ્ધ આનંદમય અનંત અસ્તિત્વ છું.'
આ સંવેદન તૃષ્ણામુક્ત અને તૃપ્તિયુક્ત કરશે.

તૃષ્ણા અને તૃપ્તિનું સ્વરૂપ સમજાયા પછી
તૃષ્ણાનું વિસર્જન થાય છે, તૃપ્તિનું સર્જન થાય છે.
તૃપ્તિમાંથી સ્થિરતા આવે છે. શાંત અને સ્થિર મન
પરબ્રહ્મમાં મગ્નતા અનુભવે છે. મગ્નતામાંથી પ્રફુલ્લિતા આવે છે.
રાગ-દ્વેષ રૂપે ના, અજપાજપ અતીન્દ્રિય અંશમાં.
જ્ઞાની અજ્ઞાની જે પરિક્રમશે, તે કર્મે ઊગરી જાશે અને
જન્મ-મરણના દુઃખથી છૂટી જશે, મુક્તિનાં સુખ માણશે.

સમગ્ર જીવરાશિ પ્રત્યે નિઃસ્વાર્થ પ્રેમ અને
નિષ્કારણ કરુણામાંથી જે રીતે પ્રકાશ લાધે છે,
તે વિશ્વમાં શાંતિ અને સમૃદ્ધિ લાવે છે. જ્ઞાનને
આવવાનો આ એક જ માર્ગ છે અને તે છે વિશ્વપ્રેમ.
જીવત્વનું બહુમાન સૃષ્ટિના તમામ રહસ્યો અને
જીવનના તમામ કોયડાઓને ઉકેલશે. એવો કોઈ પદાર્થ
નથી કે જે અહિંસા પાસે તેનું પૂર્ણ સ્વરૂપ છતું ન કરે.

પરમાત્મા એ બીજા જેવી વસ્તુ જ નહિ. જાતના મોટાં પ્રાર્થના કરવામાં આવે, ત્યાં સુધી કાંઈ જ નહિ. પ્રભુ કોઈના દોષ જોતા નહિ કે કોઈને શિક્ષા કરતા નહિ.

સદ્ગુરુ જ્યારે ઉપર base પરથી ધર્મ પ્રેમ, સૌંદર્ય અને કૃપા સહિત Love, beauty and Graceના અદ્ભુત તત્ત્વોને વિસારી દે છે.

શરીરની તથા આત્માના ધર્મનું ફળ

શરીરનીના ધર્મનું ફળ માટીના ઘડા જેવું છે, નાશ પામતાં વાર લાગતી નહિ. આત્માના ધર્મનું ફળ સુવર્ણના ઘટ સમાન છે, જે તૂટવા છતાં સુવર્ણનો તો નાશ થતો જ નહિ.

Mind is an amazing instrument of ignorance, which always tries to know everything but never knows. Going beyond the mind is a new birth, as if birth in 'મહાવિદેહ ક્ષેત્ર'. He who chooses the infinite has always been chosen by the infinite.

After the age of religion, the age of Spirit, spiritual age begins.

## સામાન્ય ધર્મ - વિશિષ્ટ ધર્મમાં શું ફેર?

સામાન્ય ધર્મનું પાલન વિશિષ્ટ ધર્મના કારણરૂપ છે.
સામાન્ય ધર્મમાં અનીતિનું ન લેવું,
દયા, દાન, પરોપકાર વગેરે કરવાં આદિનો સમાવેશ છે.
વિશિષ્ટ ધર્મમાં શ્રાવકના ૧૨ વ્રતોનું પાલન,
સાધુ ધર્મનું પરિપૂર્ણરૂપે પાલન કરવું વગેરે આવે છે.

## જૈન સિદ્ધાંતના ચાર સાર

ક્રિયાએ કર્મ, ઉપયોગે ધર્મ, પરિણામે બંધ
અને રૂચિ અનુયાયી વીર્ય.
ઈશ્વર બુદ્ધિગ્રાહ્ય નહિ, ભક્તિગ્રાહ્ય છે.
ઓછી - વત્તી બુદ્ધિને લીધે ફરક પડતો નહિ,
કેમકે ઈશ્વરને સ્વબુદ્ધિ ગ્રહણ કરવાનું શક્ય જ નહિ.
બુદ્ધિમાન પણ ઈશ્વરની આગળ અબુદ્ધિમાન છે.
ઈશ્વર જો ગ્રહણ થશે, તો ભક્તિથી - પ્રેમથી જ થશે.
માની ઉંમર જેટલી છે, તે માએ જ કહેવું પડશે.
બાળક માની ઉંમર કઈ રીતે કહી શકશે?
બુદ્ધિની ગ્રહણશક્તિ ઓછી - વત્તી હોવા છતાં જેને
ઈશ્વર માટે અનુરાગ છે અને ઈશ્વરને મેળવવાની
ભાવના છે, એને ઈશ્વરનો અનુભવ થઈ શકે છે.

ઈશ્વર માટે અનુરાગ અને પાડોશી માટે પ્રેમ.
એ બે ઈશ્વરનો અનુભવ કરવા માટેની શરત છે.
પ્રેમ સરળ સ્નેહ અને જ્યાં સ્નેહ હોય,
ત્યાં 3 વસ્તુ હોવા જોઈએ: પ્રેમ, આદર અને વિશ્વાસ.
આત્મરસ = સ્નેહ, વિશ્વાસ. સ્નેહ = પ્રેમ, આદર, વિશ્વાસ.

## પરમાત્માના સ્પર્શનો અનુભવ

કોઈ બાળક ગાઢ નિદ્રામાં હોય, તેને કોઈના હાથનો સ્પર્શ થાય તો તે ખબર ન પડે, છતાં જેણે સ્પર્શ કર્યો, તેને તો ખબર હોય છે કે પોતાનો સ્પર્શ બાળકને થયો. તેમ જ રીતે પરમાત્માના સ્પર્શનું પણ છે. કોની સાથે? બધા જીવોની સાથે પરંતુ એ સ્પર્શનો અનુભવ કરવાનું દરેકને બનતું નથી. સરળ ઈશ્વરનો સંપર્ક છે જ કિન્તુ અંતરથી છે. પરસ્પર સ્નેહવાળા જીવો ઈશ્વરનો સંપર્ક ઈચ્છે તો તે જીવસૃષ્ટિ સાથે પણ સ્નેહ કરી શકે.

## કેવા પ્રકારના દાનનું કેવું ફળ?

સામે જઈને દાન કરવું તે કોટિ ગણું ફળ આપે છે.
ઘેર આવેલાને દાન કરવાથી લાખ ગણું ફળ આપે છે.
જે માંગે તેને દાન કરવાથી હજાર ગણું ફળ મળે છે.
સેવા કરાવીને દાન આપવાથી સામાન્ય ફળ મળે છે.

o શબ્દબ્રહ્મ વગર પરબ્રહ્મ ન મળે.

જીવ વિશ્વનો ચિત્ત જાણે એટલે શબ્દબ્રહ્મ તેની પાછળ આવે છે અને શબ્દબ્રહ્મની પાછળ પરબ્રહ્મ આવે છે.

શબ્દબ્રહ્મ તિર્યગ્ગામાત્મરૂપ છે,
પરબ્રહ્મ ઊર્ધ્વતરગામાત્મરૂપ છે.

શબ્દબ્રહ્મથી ક્રોધ ઉન્માદ છે, પરબ્રહ્મથી કામ ઉન્માદ છે. ઈશ્વર જીવને પ્રતિપળ જોઈ રહ્યા છે. જીવ ઈશ્વર તરફ એક પળ પણ નજર કરતો નથી, માટે દુઃખી થાય છે.

ઈશ્વરની અવગણના એ જ મોટું પાપ છે.

ત્યાગી કોણ ?

કંચન, કામિની અને ભોગવિલાસોને છોડનાર સંન્યાસી
કે તે બધાની ખાતર તેનાથી અનંતગુણા
મહાન વસ્તુ એવા ઈશ્વરને છોડનાર ભોગી ?

o

Be quiet and see that there is a source of life, a centre of our being, which is our own soul itself. Be humble & you shall see God. Be light and you shall see light. Be lovely and you shall be lovely.

## પાપ કે પુણ્યનો ઉદય ભોગવતી વખતે થતાં
## ભાવ-ગુણસ્થાનનો વિચાર

(૧) એકનો પુણ્યોદય બીજાના પાપોદયને સાપેક્ષ હોય છે.

ગરમ રસોઈ મળવાનો પુણ્યોદય

રસોઈ થતાં અસંખ્ય જીવોની હાનિ થાય છે, તેથી તે જીવોનો પાપોદય ભોજન કરનારના પુણ્યોદયમાં કારણ છે. એમ ભોજન, તેમ વેપાર આદિ માટે પણ સમજવું.

(૨) દેખીતા દુઃખમાં સુખનો સંકેત રહેલો હોય છે. એક દુઃખ બીજા અનેક દુઃખ અને પાપમાંથી ઉગારી લે છે.

ગરીબાઈનું દુઃખ અનેક પાપોમાંથી બચાવે છે અને નમ્રતાદિ અનેક સદ્ગુણોને વિકસાવે છે.

(૩) દુઃખ એ પૂર્વનાં પાપ લઈ જાય છે અને ધર્મમતિ વિકસાવે છે, જ્યારે સુખ એ જાતિ, કુળ, બળ, ઐશ્વર્યાદિના મદનું કારણ બનીને અધિક દુઃખમાં ધકેલે છે.

જગત્સ્વભાવનો વિચાર કરાવી સંવેગ-નિર્વેદ વિકસાવે છે.

દુઃખં પ્રાપ્ય ન દીનઃ સ્યાત્ સુખં પ્રાપ્ય ચ વિસ્મિતઃ ।
મુનિઃ કર્મ વિપાકસ્ય જાનન્ પરવશં જગત્ ॥૧॥

શુભાશુભ કર્મના પરિણામને પરવશ એવા જગતના સ્વરૂપને જાણનાર વિવેકી આત્મા દુઃખ પામીને દીન ન થાય અને સુખ પામીને ગર્વ ન કરે.

સાદડી, સં. ૨૦૨૬, આસો સુદી ૮, તા. ૮-૧૦-૭૦, ગુરુવાર

કામ, ક્રોધ, લોભ અને મોહ પેદા કરનાર કુત્સિત નામ જે શબ્દમાં જો કામ, ક્રોધ અને મોહ ઉત્પન્ન કરવાની શક્તિ રહેલ હોય તો વીતરાગના પવિત્ર નામમાં પવિત્રતા પેદા કરવાની શક્તિ કેમ ન માનવી? એક ગધેડો કે બદમાશ શબ્દમાં ક્રોધ ઉત્પન્ન કરવાની તાકાત છે, એક નાટક કે સીનેમાના નટ કે નટીના નામમાં કામ વા મોહ પેદા કરવાની શક્તિ છે, તો એક દેવ અને એક ગુરુના પવિત્ર નામમાં કામ, ક્રોધ, લોભ નિવારવાની શક્તિ કેમ નહિ?

In the beginning was the word & the word was with God. word became world.

o नासतो विद्यते भावो नाऽभावो विद्यते सतः ।
उभयोरपि दृष्टोऽन्तस्त्वनयोस्तत्त्वदर्शिभिः ॥ (પરિશિષ્ટ-૧૨)

o નામ-રૂપ અસત્ય છે, સચ્ચિદાનંદ સત્ય છે.
સત્ય ટકાઉ છે, નામરૂપ અસત્ છે, તેથી તેનો અભાવ છે.
ભાવનો અભાવ તેમ જ અભાવનો ભાવ થતો નથી.

વસ્તુમાત્ર ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્યયુક્ત છે.

વસ્તુનું વસ્તુત્વ કાયમ રહીને ઉત્પાદ-વ્યય થયા જ કરે છે.

ઉત્પાદ - વ્યયને કોઈ રોકી શકાતા નથી,

તેમ વસ્તુના વસ્તુત્વનો અભાવ પણ કરી શકાતો નથી. 'તદ્ભાવાવ્યયં નિત્યં।' વસ્તુનું તે પણું નિત્ય છે, કિન્તુ નામ તથા આકૃતિ અનિત્ય છે. Appearance is unreal and Reality is changeable.

આ વિચારથી મોહ - અજ્ઞાન નાશ પામે છે.

મોહના વિલયથી રાગ-દ્વેષનો પણ વિલય થાય છે. પર્યાયવિષયક રાગ-દ્વેષ એ દ્રવ્યવિષયક નિત્યતાના તથા પર્યાયવિષયક અનિત્યતાના તત્ત્વજ્ઞાનથી નાશ પામે છે.

આપણા સૌનો આત્મા નિત્ય છે, સ્થિર છે, સ્થાયી છે, સનાતન છે, પૂર્ણ છે, એક છે, અદ્વિતીય છે, તેમાં સ્થિર રહીને જે પ્રાર્થના કરવામાં આવે છે, તે સત્ય છે, સ્વરૂપ છે, સમર્થ છે અને કાર્યકારી છે.

## પ્રભુ પાસે કઈ રીતે જવાય ?

ભિખારીને કોઈપણ ચાલતું નથી. તેને બધે ઠેકાણે અપમાન કરી કાઢી મૂકવામાં આવે છે. મોટા મહાપુરુષને મળવા જવાનું હોય, ત્યારે તેની યોગ્યતા પ્રમાણે પોશાક પહેરવો પડે છે. ઈશ્વર એ મહાનમાં મહાન, શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ અને બધા વાસનાઓથી પર છે. જો તે મહાન પ્રભુ પાસે જવું હોય તો તેની પાસે જવા માટે યોગ્ય વસ્ત્રો ધારણ કરીને જવું જોઈએ.

ઇચ્છા કે સ્પૃહારૂપી મલિનતાથી રહિત બનીને, ઈશ્વરી પોશાક રૂપી દૈવી સંપત્તિને ધારણ કરીને જવું નહીં, કોઈપણ જાતની ન્યૂનતા, સ્પૃહા અથવા ઇચ્છા રહેવા ન દઈને નિરીચ્છ અને નિઃસ્પૃહ થવું જોઈએ.

ઇચ્છા એ દીનતા છે અને ઇષ્ટ વસ્તુ અત્યંત મહાન અને ઉચ્ચ છે, તેથી એ બંને વચ્ચે વિરોધ છે. નિયમ એ છે કે સમાન વસ્તુ સમાનને આકર્ષે છે.

ઇચ્છા, સ્પૃહા અને અપેક્ષાથી પર થશો, ત્યારે બધી ઇચ્છાઓ અને બધી વસ્તુઓ આપોઆપ આકર્ષાશે. જેમ સૂર્ય આસપાસ પૃથ્વી અને ગ્રહો ફર્યા કરે છે, રાજા આસપાસ મંત્રીઓ-નગરવાસીઓ આવ્યા કરે છે, તેમ ઇચ્છા અને સ્પૃહારહિત બનશો, તો એ બધી વસ્તુ આસપાસ એકત્ર થશે; તે સર્વે તમને સચિનન્દ બોલાવશે. કામનાઓ પૂર્ણ થવાનું સાચું રહસ્ય કામનાથી પર થવું તે છે. જો તમે જગતના પદાર્થોની જરાપણ અપેક્ષા રાખ્યા વિના

પોતાના મહિમામાં સ્થાયી અને સૂર્યના જેવા તટસ્થ અને સાક્ષીપણે રહી નિઃસ્વાર્થ વિચરી શકો તો જે પરમ શક્તિની આજ્ઞા આખા વિશ્વને માનવી પડે છે, તે પરમ શક્તિસ્વરૂપ જ તમે પોતે જ થઈ શકશો.

# સાચા ધર્માચરણની સમજણ

જે ધર્મ આત્મા સાથે સંબંધ ધરાવતો મટી જાય છે અને માત્ર બાહ્યાચારોની સંહિતા બની રહે છે, તે ધર્મરૂપે રહેતો નથી, માત્ર નીતિ-નિયમોના દૃઢ પાલનરૂપે રહે છે.

(૧) ધારે તે ધર્મ - અસ્પષ્ટ રહે છે.

(૨) સદાચરણ એ ધર્મ - સારો આચાર તે સદાચાર, તેની વ્યાખ્યા જટિલ બને છે.

(૩) જે ધર્મ શિષ્ટજન આચરે, તે ધર્મ સારો. કિન્તુ આચારશ્રેષ્ઠ કોને કહેવા? એ પ્રશ્ન ઊભો રહે છે.

(૪) યમનિયમાદિ યુક્ત આચાર તે સદાચાર. તેવા આત્મા કેટલા નીકળી શકે? આચાર - શીલ - ચારિત્ર અનિશ્ચિત છે.

(૫) સતને કેન્દ્રમાં રાખી ગોઠવેલો જીવનનો આચાર તે સદાચાર. સત = ટકવાવાળું. જે ત્રણે કાળમાં છે, તે સત છે. આ સત તે જીવનનો પાયો, જીવનનું અધિષ્ઠાન છે. ત્રણે કાળમાં જે છે, તે અધિષ્ઠાનરૂપ પરમાત્મચૈતન્ય એ જ જીવનનું મૂળ છે. તેના વિના જીવન સંભવે જ નહિ. તેને લક્ષમાં રાખીને જે આચરણ ગોઠવાય, તે સદાચાર.

(૬) ધર્મનું ધ્યેય અને અધ્યાત્મનું ધ્યેય બંને એક જ છે, તે અધિષ્ઠાનરૂપ ચૈતન્ય જ છે.

જે ધર્માચાર આ અધિષ્ઠાનરૂપ સત્ ચૈતન્ય સાથેનો જીવંત, વાસ્તવિક સંબંધ ગુમાવી દે, તે ધર્મ વ્યક્તિ કે સમાજને બોજારૂપ બની જાય, જેથી દંભ અને મિથ્યાચાર જન્મે.

(૭) ધાર્મિકતામાં આચાર ઉપર ભાર છે અને અધ્યાત્મમાં સત્ ઉપર ભાર છે. ધાર્મિકતામાં સત્નો સ્વીકાર અને પ્રતીતિ પણ હોય પણ નિષ્ઠા હોય જ એ સંભવતું નથી.

આધ્યાત્મિકતાનું સાચું માપ નિષ્ઠા છે.

ધાર્મિકતા એક અવસ્થા અને વ્યવસ્થા છે, કિન્તુ પરિસ્થિતિમાં જ સીમિત છે. ગતિ છે પણ એક કુંડાળામાં જ.

આધ્યાત્મિકતામાં ક્રાંતિ, ઉત્ક્રાંતિ તથા પરિસ્થિતિમાંથી બહાર નીકળવાનું હોય છે.

સત્ સાથેના વાસ્તવિક સંબંધમાંથી તે ઉત્ક્રાંતિનું સર્જન છે.

(૮) ધાર્મિકતામાં આદર્શ આચાર છે, સત્ વૈકલ્પિક છે. અધ્યાત્મમાં સત્ આદર્શ છે, આચાર વૈકલ્પિક છે. ધાર્મિક અને આધ્યાત્મિક પુરુષના આચારની પાછળ રહેલા પ્રેરણામાં મૂળગત ભેદ છે. બૌદ્ધિક કક્ષાના 'સત્' સાથેના સંબંધથી ધાર્મિક પુરુષ આધ્યાત્મિક બની શકતો નથી.

આખરે તે પરિસ્થિતિમાં જ ભમતો હોય છે.

સત્ સાથે જીવંત - વાસ્તવિક સંબંધ સ્થાપિત ન થાય,

ત્યાં શુદ્ધ ઉત્ક્રાંતિ થઈ શકતી નથી,
પછી તે ધાર્મિક હોય કે આધ્યાત્મિક.

શુદ્ધ ધર્મ અને શુદ્ધ અધ્યાત્મ સત્ સાથે સંબંધિત છે. તે સત્ અસીમ છે, તેના બળથી જ નિઃસીમપદની પ્રાપ્તિ છે.

આચાર્ય કોણ ? ઉપાધ્યાય કોણ ? સાધુ કોણ ?

વીતરાગ નિર્વિકલ્પ સમાધિને જેઓ આચરે છે અને બીજા જીવોને અનુષ્ઠાન કરાવે છે, તે આચાર્ય છે. શુદ્ધ આત્મસ્વભાવનું શ્રદ્ધાન, જ્ઞાન અને અનુષ્ઠાનરૂપ અભેદ રત્નત્રયવાળા મોક્ષમાર્ગને જેઓ ભણે - ભણાવે, તે ઉપાધ્યાય છે. શુદ્ધ આત્મતત્ત્વનું શ્રદ્ધાન, જ્ઞાન, અનુષ્ઠાન અને તપશ્ચરણ રૂપ અભેદધર્મની આરાધના કરવારૂપ વીતરાગ નિર્વિકલ્પ સમાધિને સાધે, તે સાધુ છે.

૮ આર્ય સત્યો

(૧) સમ્યગ્દૃષ્ટિ (૨) સમ્યક્સંકલ્પ (૩) સમ્યગ્વાણી
(૪) સમ્યક્કર્મ (૫) સમ્યગાજીવિકા (૬) સમ્યગ્વ્યાયામ
(૭) સમ્યક્સ્મૃતિ (૮) સમ્યક્સમાધિ.

યમ = આત્મસંયમ. વાણીની શિસ્ત એ વાચાનું તપ છે. ઋષિમુનિઓના શાપ-અનુગ્રહનું રહસ્ય વાણીના તપમાં છે. નિર્વાણ = આપણામાં જે તુચ્છ છે, તે સૌનો સંપૂર્ણ નાશ.

પૂ.પં. શ્રી કાંતિવિજયજી ગણિવર ઉપરના પત્રોમાંથી તારવેલું

(૧) ૧૦૮ પ્રકારનું જીવાધિકરણ[1], ૧૮૦૦૦ શીલાંગરથ[2],
૧૮૨૪૧૨૦ પ્રકારે ઈર્યાપથિકી[3] પ્રતિક્રમણ,
સમગ્ર જીવરાશિ[4] સાથે મિત્રતાનો સંબંધ,
ત્રણ કરણ - ત્રણ યોગથી પચ્ચક્ખાણ[5]ની પ્રવૃત્તિ,
'સવ્વે જીવા ન હંતવ્વા|' એ તત્ત્વરુચિ[6] અને
ત્રિવિધ - ત્રિવિધે પચ્ચક્ખાણ, પાપસ્થાનકોનું વોસિરાવવું
વગેરે વિધિ - વિધાન સમગ્ર જીવરાશિ સાથેના
જીવમાત્રના સંબંધનો સ્પષ્ટપણે બોધ આપે છે.

(૨) સમત્વની સાધના માટે મૈત્ર્યાદિભાવોની ઉપયોગીતા છે.

(૩) પંચપરમેષ્ઠિ નમસ્કારની અને ષડાવશ્યકની આરાધનાથી પણ સમસ્ત જીવરાશિ ઉપર સ્નેહપરિણામ વિકાસ પામે છે અને તે પરિણામ જિનનામકર્મના બંધમાં પરિણામ પામે છે અને તે જ વાસ્તવિક અર્થ છે. તે માટે જ જિનનામકર્મબંધના હેતુઓમાં 'આવશ્યકાऽपरिहाणिः|' એક હેતુ કહેલો છે. આવશ્યકના બાળ બધા અર્થો ભાષાદૃષ્ટિએ સમજવા માટેના પર્યાય શબ્દો છે.

(૪) 'એક લાખ નવકારના વિધિપૂર્વક જાપથી જિનનામકર્મ બંધાય છે' તેનો પણ રહસ્યાર્થ એ છે કે: નવકાર મંત્ર વડે સમસ્ત જીવરાશિ સાથે સ્નેહપરિણામનો વિકાસ થાય છે.

(૫) અરિહંતાદિ નવપદોના ધ્યાનથી ગૃહસ્થપણામાં રહીને
શ્રેણિક, શ્રીપાળાદિના દૃષ્ટાંતો પ્રસિદ્ધ છે.

(૬) ભાવરહિત દાનાદિ નિષ્ફળ છે, ભાવ મનનો વિષય છે. મન એ આલંબન વિના સ્થિર અને શુદ્ધ થતું નથી. સર્વ આલંબનોમાં શ્રેષ્ઠ આલંબન નવપદોને શ્રી સર્વજ્ઞ ભગવંતોએ કહ્યાં છે, તેને જાણવા તથા ધ્યાવવા જોઈએ. સેવ્યાધ્યેયાશ્ચ | એમ શાસ્ત્રકાર ભગવંતો ફરમાવે છે. 'ચતુર્વિધ સંઘમાં દાનાદિ ધર્મોનું સેવન કરનારા ભવ્ય આત્માઓને ભાવધર્મની શુદ્ધિ કરવા માટે શ્રી નવપદોનું ધ્યાન કર્તવ્ય છે' એમ શાસ્ત્રપરંપરાની દૃષ્ટિએ અને
અનુભવપ્રમાણથી આપ્તપુરુષો આચરતા છે.

(૭) 'ચૈત્યવંદન મહાભાષ્ય'માં સર્વકાલિકાર્હત્પ્રતિપત્ત્યર્થં | એ વાક્યથી અતીત, અનાગત અને વર્તમાનના સર્વ તીર્થંકરોને ગ્રહણ કરવાનું કહ્યું છે. અભિમુખ નામ તથા ગોત્રવાળા તીર્થંકરોને દ્રવ્યનિક્ષેપે ગ્રહણ કરી શકાય.

(૮) 'શ્રી સંઘાચાર ભાષ્ય' પૃ.૩૦૪માં કહ્યું છે કે: ભાવાર્હત અવસ્થા હૃદયમાં સ્થાપિત કરીને ગમે તે જીવને સિદ્ધ સ્વરૂપે - સાધુ સ્વરૂપે નમસ્કાર થઈ શકે. 'એકવાર બાદર પ્રત્યેકમાં આવેલ જીવ જો તે ભવ્ય ન

હોય તો અવશ્ય મોક્ષ જશે' એ શાસ્ત્રવચનને આગળ કરીને તેના ભાવિસાધુપણાં અને ભાવિ સિદ્ધપણાંના પર્યાયને અનુલક્ષીને કરવામાં આવતો નમસ્કાર શાસ્ત્રવિહિત છે.

(૯) ૧૮૦૦૦ શીલાંગ સર્વ સાવદ્ય યોગની વિરતિ કરવાથી થાય છે અને તે વિરતિ તત્ત્વથી એક જ સ્વરૂપ છે. આ વાત વિરતિભાવની અપેક્ષાએ છે કિન્તુ બાહ્યપ્રવૃત્તિની અપેક્ષાએ નહિ. અપવાદની પ્રવૃત્તિ ભાવસાધુના ૧૮૦૦૦ શીલાંગરૂપ વિરતિભાવને બાધ કરતી નથી. પ્રવૃત્તિ કે નિવૃત્તિ રૂપ સૌ જિનોક્ત અનુષ્ઠાન સર્વ યોગ અને સર્વ કરણ સહિત જ હોય છે, તેથી સમસ્ત જીવલોકના હિતની ભાવનાને આવરી લે છે, તેથી જ ધર્મના લક્ષણમાં 'મૈત્ર્યાદિ-ભાવસંયુક્તં તદ્ધર્મ ઇતિ કીર્ત્યતે।' એમ કહેવું પડ્યું છે.

(૧૦) 'ઇક્કોવિ નમુક્કારો।' એ પદનો અર્થ બે પ્રકારે છે: એક તો સામર્થ્ય યોગનો એક જ નમસ્કાર મોક્ષ આપવા સમર્થ છે અને બીજો અર્થ અપાર્ધ પુદ્ગલ પરાવર્તની અંદર અણુવ્રતાદિ ધર્મની પરંપરાએ મોક્ષ આપનારો છે, એ વાત 'ધર્મસંગ્રહ' ગ્રન્થમાં કહેલ છે.

'સાક્ષાત્ યા પરંપરાએ નમસ્કાર મોક્ષનો સાધક છે' એમ એ ગાથાના અર્થમાંથી ભાવ નીકળી શકે છે.

## ૧૨ વિચારકણિકાઓ

(૧) નિજાત્મ હિતને ભૂલીને પરોપકારનું વિધાન જ જિનશાસનમાં છે નહિ તેમ નિજાત્મહિતના લક્ષ્યપૂર્વક પરોપકારાદિમાં પ્રવર્તવાનું વિધાન જ જિનશાસનમાં છે.

સ્વને ભૂલીને પરનું કે પરને ભૂલીને સ્વનું નિરપેક્ષપણે હિત થઈ શકતું નથી. સ્વપર આત્મત્વ સંબંધથી જોડાયેલા જીવ અભેદભાવને ધારણ કરે છે.

(૨) સામાયિકાદિગત ક્રિયાલિંગક સકલ સત્ત્વ હિતાશય છઠ્ઠા ગુણસ્થાનકે પ્રગટે છે, તે પહેલાં નહિ.

(૩) મૈત્ર્યાદિ ૪ ભાવો કષાયની મંદતા વિના ન સંભવે. કષાયની મંદતાદિ રાગાદિને પ્રશસ્તપણું અર્પે છે અને નિમિત્તાનુસાર ચાર ભાવરૂપે પ્રકટ થાય છે. કષાયની મંદતાદિ એ ૪ ભાવોને પેદા થવાની યોગ્યતારૂપ ભૂમિકા પેદા કરે છે, એટલે પછી જીવને જ્યારે પણ પરવિષયક વિચારણા પેદા થાય, ત્યારે ત્યારે આ ભાવો ઉત્પન્ન થાય, એ સિવાયના કાળે અનુત્પન્ન રૂપે રહે છે.

અંતિમ સમયે અરિહંતાદિનાં ધ્યાનથી સમાધિ મરણ શક્ય બને છે, તેથી અરિહંતાદિ પદોના ધ્યાનનો અભ્યાસ નિરંતર કરવાનો છે.

(૪) આ ૪ ભાવોના કારણે મનોયોગ શુભ બને છે, આસ્રવને શુભપણું આપનાર આ ૪ ભાવો છે. તે આત્માના શુભ પરિણામરૂપ હોવાથી સંવર-નિર્જરા સ્વરૂપ છે. મૈત્રી, પ્રમોદ, કરુણા તથા માધ્યસ્થ્યના આ ભાવો સાક્ષાત્ અથવા પરંપરાએ સ્વપરને ઉપકારક થાય છે. મૈત્ર્યાદિભાવો ક્લેશોપશમરૂપ સામ્ય અને અહિંસાદિ ધર્મોના કારણરૂપ બની શુભ-શુદ્ધયોગરૂપ ધર્મમાં હેતુ બને છે.

(૫) મૈત્ર્યાદિભાવોને ધર્મના લક્ષણમાં વિશેષણ તરીકે કહેલ છે, તે અવ્યભિચારી છે. મૈત્ર્યાદિનું સંવેદન ન હોય, તેવા અનુષ્ઠાનને આત્મજ્ઞાનશૂન્ય કહેલ છે. મૈત્ર્યાદિ ભાવોને ધર્મકલ્પવૃક્ષના મૂળ તરીકે પણ કહેલ છે.

(૬) જીવનો શુભાશુભ ભાવ પોતાને લાભ-હાનિ કરે છે અને અન્ય જીવોને તેઓની યોગ્યતાનુસાર લાભાલાભમાં નિમિત્ત બને છે.

(૭) તત્ત્વરુચિરૂપ સમ્યક્ત્વ શુભાત્મ પરિણામરૂપ હોવાથી ગુણી પ્રત્યે પ્રમોદરૂપે, દુઃખી પ્રત્યે કરુણારૂપે અને પાપી પ્રત્યે માધ્યસ્થ્યરૂપે હોય છે. ઉપરાંત તે જ્યારે મન-વચન-કાયા દ્વારા અભિવ્યક્ત થાય, ત્યારે પ્રશસ્ત કષાય, શુભ મનોયોગ અને શુભાસ્રવરૂપ કહેવાય છે.

(૮) વર્તનરૂપ આત્મસમદર્શિત્વ પાંચમે-છઠ્ઠે ગુણસ્થાનકે પ્રકટે. શ્રદ્ધાન અને જ્ઞાનરૂપે તો મંદ મિથ્યાત્વવાળી અવસ્થામાં પ્રથમ ગુણસ્થાનકે પણ પ્રગટે છે.

(૯) ભગવાનનો અનુગ્રહ સ્વભાવ શાસનસ્થાપન અને ઉપદેશપ્રદાનાદિ વડે અનુગ્રહકારક થાય છે, તેથી જીવોને સદાચારલાભ થાય છે. અહીં સદાચારપ્રાપ્તિ તે અનુગ્રહનું કાર્ય છે, સદાચાર રૂપ કાર્યમાં કારણનો ઉપચાર કરીને સદાચારની પ્રાપ્તિને 'અનુગ્રહ' કહી શકાય.

(૧૦) લોકનું નિરાધાર અવસ્થાન આદિ તથાસ્વભાવાદિના કારણે છે, તો પણ તેમાં જીવોને હિતકારિત્વ આવે છે, તે ક્ષાન્ત્યાદિ દશવિધ યતિધર્મના પ્રભાવે છે.

યોગશાસ્ત્ર પ્ર.૪ શ્લોક ૯૪/૧૦૨ - ત્યાં શ્લોક ૯૮માં અન્વય વ્યતિરેકથી ધર્મને જ કારણ તરીકે કહેલ છે.

(૧૧) સમ્યગ્દર્શનની પ્રાપ્તિ અનેક કારણોથી થઈ શકે છે, કિન્તુ પ્રાપ્ત થયા પછી સમ્યગ્દૃષ્ટિ જીવને જીવમાત્ર પ્રત્યે મૈત્રીભાવ પ્રકટ થાય છે.

મંદ મિથ્યાત્વદશામાં પણ મૈત્રીભાવ પ્રકટ થઈ શકે છે.

(૧૨) 'યોગશતક'ના શ્લોકમાં અવિનીતો ઉપર માધ્યસ્થ્ય રાખવાનું કહ્યું છે, સર્વ જીવો ઉપર તો મૈત્રી જ કહી છે.

सामान्येन सत्त्वेषु मैत्रा एवौचित्ता,
प्रमोदो गुणाधिकेष्वेव, क्लिश्यमानेष्वेव करुणा,
अविनेयेष्वेव माध्यस्थ्यम् । इतरथा असमंजसत्वम्,
अत्र हेतुः अस्थानविनियोगादिति ।
- યોગશતક, શ્લોક ૭૯/૮૦ ટીકા (પરિશિષ્ટ-૧૩)

'તત્ત્વાનુશાસન'માં આત્માને ધ્યેયતમ કહેલ છે.

सति हि ज्ञातरि ज्ञेयं ध्येयतां प्रतिपद्यते ।

અર્થ: જ્ઞાન કરનાર હોય,
ત્યારે જ્ઞેય (આત્મા) ધ્યેયસ્વરૂપે થાય છે.
અહીં જ્ઞાનસ્વરૂપ આત્માને ધ્યેયતમ કહેલ છે.

'જ્ઞાનમંજરી માધ્યસ્થ્ય અષ્ટક'ની ટીકામાં
'સર્વે જીવો ઉપાદેયરૂપે જ્ઞેય છે' એમ કહ્યું છે.
'माध्यस्थ्यमपि दोःस्थ्याय ।' એ વાક્ય
એમ પરમાત્માની સ્તુતિ વખતે કહેવાય છે, તેમ
જીવતત્ત્વની સદ્દહણા વખતે પણ કેવળ માધ્યસ્થ્ય એ
દોઃસ્થ્ય સ્વરૂપ બને એમાં શંકા નથી.

सर्वे जीवा उपादेया शक्तिरूप-शिवात्मकाः । - धर्मपरीक्षा

અર્થ: સર્વ જીવો શક્તિસ્વરૂપે
શિવાત્મક છે, એમ ઉપાદેય છે.

## કરુણાભાવ તથા પરોપકારની પરમ મહત્તા

(૧) અભયદાનમાં પરના ભયનું સંવેદન ન હોય, તો તે અભયદાન શા રીતે કહેવાય? જે પરનાં દુઃખથી અનભિજ્ઞ છે, તે અભય શા રીતે આપશે?

(૨) ભાવઅહિંસા તે કરુણા છે. કરુણાભાવ સિવાય ભાવઅહિંસાનો અર્થ કયા પદમાંથી નીકળી શકશે?

(3) દુષ્ટાભિસંધિ અને નિષ્કરુણતાના સંયોગ વડે હિંસા બને છે. હિંસા પૂર્વે નિષ્કરુણતારૂપ દુષ્ટ અધ્યવસાયથી જ ચિત્ત રૌદ્રપરિણામવાળું બને છે. નિષ્કરુણતા અને રૌદ્રપરિણામને અવિનાભાવ સંબંધ છે, એટલે તેને જ 'દુષ્ટાભિસંધિ' પણ કહે છે. નિષ્કરુણતા તે રૌદ્રપરિણામરૂપ અને દુષ્ટ આશયરૂપ પણ છે.

(૪) હિંસામાં નિષ્કરુણતા કારણ છે, તેથી નિષ્કરુણતારૂપી રૌદ્ર પરિણામ યા દુષ્ટ આશય એ જ ભાવથી હિંસા છે. કરુણા ભાવનો અભાવ તે ભાવહિંસા છે. બીજાનાં દુઃખને જોઈને એ દુઃખનાં સંવેદનરૂપ કરુણાભાવ ન જાગે તો તે નિષ્કરુણતાને ધારણ કરનાર જીવ ભાવથી જીવમાત્રનો હિંસક છે.

(૫) 'ઉપમિતિ ભવપ્રપંચ કથા'માં નિષ્કરુણતા અથવા કરુણાના અભાવના સ્વરૂપ વિષે કહ્યું છે કે:

'अनभिज्ञा परवेदनानां, कुशला पापमार्गे, वत्सला (कामक्रोधादि)-चरटवृन्दस्य, अनुरक्तचित्ता निजे भर्तरि, पूतनाकारा निष्करुणता नाम महादेवी ।'

-ઉપમિતિ ભાગ ૧, પૃ૦ ૨૪૫ (परिशिष्ट-१४)

(૫) નિર્વાણને ભૂલવો નહિ, કિન્તુ નિર્વાણ સાધવા માટે પરોપકારાદિ કર્તવ્ય છે. પરોપકાર કરવાના સંયોગ કે સામગ્રી ન હોય, તો પણ પરોપકાર વૃત્તિ - વૃત્તિમાં પરોપકાર કરવાના પરિણામ તો અવશ્ય હોવા જોઇએ. નિર્વાણનું પરમ સાધન પરોપકાર છે. કહ્યું છે કે:

कुतर्केऽभिनिवेशस्तन्न युक्तो मुक्तिवादिनाम् ।
युक्तः पुनः श्रुते शीले समाधौ च महात्मनाम् ॥१॥
बीजं चाऽस्य परं सिद्धमवन्ध्यं सर्वयोगिनाम् ।
परार्थकरणं येन परिशुद्धमतोऽत्र च ॥२॥

- યોગદૃષ્ટિ, શ્લોક ૮૮/૮૯ (परिशिष्ट-१५)

टीका-बीजं चाऽस्य श्रुतादेः परं सिद्धं प्रधानप्रतिष्ठितम्, अवन्ध्यं नियतफलदायि, सर्वयोगिनां कुलयोगि-प्रभृतीनाम् । किं तदित्याह-परार्थकरणं परप्रयोजन-निष्पादनं येन कारणेन परिशुद्धं अन्त्याऽनुपघातेन, अतः कारणात् अत्र परार्थकरणे युक्तोऽभिनिवेश इति ।

પરોપકારને શ્રુત, શીલ અને સમાધિનું
પ્રધાનકારણ અને તે પણ અવશ્ય ફળદાયી કારણ કહ્યું છે.
તે માટે અહીં પ્રતિપાદન કરેલું છે કે
પરોપકાર વિષે અભિનિવેશ અથવા તો
આગ્રહ અવશ્ય રાખવો જોઈએ.

(૭) निश्चयोऽतीन्द्रियार्थस्य योगिज्ञानादृते च न ।
अतोऽप्यत्रान्धकल्पानां विवादेन न किंचन ॥१४३॥

અર્થ: અતીન્દ્રિય વિષયોનો નિર્ણય કે નિશ્ચય વાદ-પ્રતિવાદથી થઈ શકતો નથી, માટે વાદમાં ઊતરવું નહિ.

આવા સબળ મુમુક્ષુઓને આપ્યા પછી
'નિર્ણય વિના મુક્તિમાર્ગની સાધના શી રીતે થાય?'
આ શંકાના સમાધાનમાં શાસ્ત્રકારો પરોપકારને જ
આત્મસાધનાના પરમ ઉપાય તરીકે ફરમાવે છે.

यत एवम्- तदत्र महतां वर्त्म समाश्रित्य विचक्षणैः ।
वर्तितव्यं यथा न्यायं तदतिक्रमवर्जितैः ॥१४९॥
एतदेवाह- परपीडेह सूक्ष्माऽपि वर्जनीया प्रयत्नतः ।
तद्वत्तदुपकारेऽपि यतितव्यं सदैव हि ॥१५०॥

- योगदृष्टि समुच्चय (પરિશિષ્ટ-૧૬)

टीका- तद्वत् प्रयत्नत एव तदपकारेऽपि यतितव्यम् ।

## પરોપકારનું વિશેષ વિવેચન

'યોગદૃષ્ટિ'ના શ્લોક ૧૫૨/૨માં કહ્યું છે, તેમાં વડીલ વર્ગ અને તપસ્વી મુનિ વગેરે પૂજ્યવર્ગની સેવા સાથે અત્યંત પાપી જીવોની અનુકંપા સુધીનું એનું કાર્ય-ક્ષેત્ર જણાવી અંતે 'ધર્મોઽયમુત્તમ: ।' કહી ઉપસંહાર કર્યો છે.

(૮) परोपकारपूर्विका एव च स्वोपकार प्रवृत्तिरुदाराशयानां स्यादतीति परोपकार एव आदित: प्रवर्तितुमुचितम् । -उत्तराध्ययन मोटी टीका

'નિજહિત સાધવાનું પરમ કારણ પરોપકાર છે' એમ શાસ્ત્રકારો ભારપૂર્વક ફરમાવે છે.

'નિજહિતને ભૂલીને પરોપકારાદિમાં પ્રવૃત્ત થવાનું વિધાન જૈનશાસનમાં નથી, પરન્તુ નિજહિતને સાધવા માટે પરોપકારાદિ કરવાનું વિધાન જૈનશાસનમાં અવશ્ય છે.' આ વાતથી જૈનશાસનની સ્યાદ્વાદતા જળવાઈ રહે છે. પરહિતને ભૂલીને આત્મહિતની સાધના અશક્ય છે.

વૃત્તિમાં પણ છેવટે

(આત્મ) પરહિતના સંસ્કાર રહેવા જોઈએ. મોક્ષ અને મોક્ષમાર્ગરૂપી ધર્મ સર્વના હિત માટે છે, તો પરહિતથી નિરપેક્ષ એવું સ્વહિત કેવી રીતે શક્ય છે?

(a) धम्मो एअस्स ओसहं, एगंत विसुद्धो,
महापुरिससेविओ सव्वहिअकारी । - શ્રી પંચસૂત્ર
टीका - सर्वहितकारी मैत्र्यादिरूपतया ।
(b) શ્રી 'જયવીયરાય સૂત્ર'માં કહ્યું છે કે:
परार्थकरणं जीवलोकसारं पौरुषचिह्नमेतत् ।
सति एतावति लौकिके सौन्दर्ये
लोकोत्तरधर्माधिकारी भवतीति । (પરિશિષ્ટ-૧૭)
(c) ષોડશક - શ્લોક ૨૩માં કહ્યું છે કે:
સાધુનું ભિક્ષાટનાદિ સર્વ અનુષ્ઠાન પરાર્થસ્વરૂપ છે.
सुभगुरुयोगो - विशिष्टचारित्रयुक्ताचार्यसंबन्धः । શુભ ગુરુનો યોગ અર્થાત્ વિશિષ્ટ ચારિત્રયુક્ત આચાર્યનો સંબંધ.
ધ્યેય તરીકે આત્મહિત રાખીને પ્રવૃત્તિમાં પરહિત, પરગુણ પ્રમોદ, પરદુઃખાનુકંપા, પરપાપોપેક્ષા આદિ હોવા જોઈએ.
પર પ્રત્યે મૈત્ર્યાદિભાવો વૃત્તિમાં પણ ન હોય,
તો આત્મહિત કેવી રીતે સાધી શકાય?
પરહિતચિન્તાદિ આત્મહિતને સાનુબંધ બનાવનારા છે.
નિરનુબંધ આત્મહિત આંતિમ કલ્યાણ કેવી રીતે કરી શકે?
જે ધર્મથી આત્મકલ્યાણ સધાય છે,
તેના લક્ષણમાં જ 'मैत्र्यादिभाव संयुक्तं ।' કહ્યું છે.

(९) परोपकारः सततं विधेयः न स्वोपकाराय सिध्यते तत् ।'

અર્થઃ : પરોપકાર સતત કરવો જોઈએ,

સ્વોપકારથી પરોપકાર જરા ય જુદો નથી.

આ શ્લોક પરોપકારની અત્યંત ઉપાદેયતા જણાવે છે.

શ્રી 'તત્ત્વાર્થકારિકા'માં કહ્યું છે કે:

ब्रुवतोऽनुग्रहबुद्ध्या वक्तुस्त्वेकान्ततो भवति । અનુગ્રહ = ઉપકાર કરવાની બુદ્ધિથી કહેનારને ઉપકાર અવશ્ય થાય જ.

## ધર્મકલ્પવૃક્ષનું મૂળ મૈત્ર્યભાવ

(૧) ધર્મકલ્પવૃક્ષના મૂળ તરીકે મૈત્ર્યાદિભાવો કહેવામાં આવ્યા છે એ પણ જણાવે છે કે પરહિતથી નિરપેક્ષ સ્વહિત કેવી રીતે હોય? જેમ આત્મહિત ભૂલીને પરહિત કરવાનું નથી, તેમ પરહિતની ઉપેક્ષા કરીને કે તેને અનાવશ્યક ગણીને અગર તો તેની કાળજી રાખ્યા વિના આત્મહિત પણ સાધી શકાતું નથી.

(૨) નિઃસ્વાર્થભાવ ધર્મથી ભિન્ન છે કે અભિન્ન? નિઃસ્વાર્થભાવને ધર્મથી જુદો અથવા ધર્મ કરતાં પણ મુખ્ય ગણવાથી શ્રોતાઓને શો લાભ થાય?

(૩) ધર્મ કરવા જેવો પ્રેરાય, ધર્મ પ્રત્યે ભાવભક્તિ વધે, નાના-મોટાં પ્રત્યેક હિત ધર્મથી જ થઈ શકે, એવો વિશ્વાસ

પીડા કરવા માટે નશ્વરતાભાવને ગૌણ કરીને એ ધર્મનું મહત્ત્વ સમજાવવા માટે પ્રયાસ કરાય, તો જ હિત થાય.

(૪) ધર્મના પ્રભાવથી જ કલ્પવૃક્ષો ઇચ્છિતને આપે છે.

પ્ર. ૪ - શ્લોક ૯૪

(૫) અતિવત્સલ સદા ધર્મ અપાર એવા વ્યસનસમુદ્રની અંદર પડતાં દરેક જીવનું રક્ષણ કરે છે. - શ્લોક ૯૫

(૬) સમુદ્ર મર્યાદા મુકતો નથી,

એમાં પણ કેવળ ધર્મનો જ પ્રભાવ છે. - શ્લોક ૯૬

(૭) અગ્નિ તીર્છો જતો નથી, વાયુ ઉર્ધ્વ વહેતો નથી, તેમાં પણ 'धर्म एव निबन्धनम् ।' છે. - શ્લોક ૯૭

(૮) આધાર વિના પૃથ્વી અધ્ધર રહે છે, નીચે પડતી નથી, તેમાં ધર્મથી અન્ય કોઈ કારણ નથી. - શ્લોક ૯૮

धर्मादन्यद् न कारणं । वसुन्धरापृथ्वी यद् अवतिष्ठेत, नाधः पतति तत्र धर्माद् अन्यद् न कारणं, अन्वयव्यतिरेकाभ्यामन्यस्य कस्यचिदवस्थानहेतोरभावात् ।

અન્વય કે વ્યતિરેકથી અહીં બીજું કોઈ જ કારણ નથી.

(૯) 'नूनं धर्मस्य शासनात् ।' - શ્લોક ૯૯

અહીં 'नूनं' શબ્દ ધર્મની પરમઋજુતાનો જ સૂચક છે.

(૧૦) શ્લોક ૧૦૦માં ધર્મની વિશ્વવત્સલતા જણાવી છે.

## અરિહંતનું રૂપ પણ લોકોને ઉપકારક બને છે.

આ સંસારે સર્વોત્કૃષ્ટ રૂપ શ્રી અરિહંત પ્રભુનું જ હોય છે. અરિહંતનાં રૂપ કરતાં ગણધરનું રૂપ અનંતગણું હીન હોય છે. તેનાં કરતાં આહારક શરીરનું રૂપ અનંતગણું હીન હોય છે. તેનાં કરતાં અનુત્તર વિમાનવાસી દેવોનું રૂપ અનંતગણું હીન હોય છે. એ પ્રમાણે નીચે નીચે ઉતરતાં છેક વ્યંતર દેવોનું રૂપ અનંતગણું હીન હોય છે તથા, તેનાં કરતાં ચક્રવર્તી-વાસુદેવ-બળદેવ-મહામંડલિક રાજાનું અનુક્રમે અનંત અનંતગણું હીન હોય છે.

બાકીનાં રાજા વગેરે સર્વ લોકોનું રૂપ પરસ્પર ષટ્સ્થાન પતિત હોય છે અર્થાત્ અનંતભાગ હીન, અસંખ્યાતગણું હીન, અનંતગણું હીન - એવા પ્રકારનું રૂપ હોતું હોય છે. અરિહંત પરમાત્માનું આવું સર્વોત્કૃષ્ટ રૂપ હોવાથી સૌની પાસે જવાનું મન થાય છે. સૌનું રૂપ જોઈને ભવી રૂપનું અભિમાન તજી દે છે, તેથી નીચગોત્રને બાંધતા નથી. પ્રભુનાં રૂપને જોઈને લોકો વિચારે છે: આવું ઐશ્વર્યથી ભરેલું રૂપ ધર્મથી જ પ્રાપ્ત થાય, તેથી ધર્મપ્રવૃત્તિ કરે છે. અદ્વિતીય રૂપવાળા રાજવંશી મહાપુરુષને પણ સંયમપ્રવૃત્ત જોઈને ઘણાં લઘુકર્મી ભવી સંયમમાર્ગે પ્રયાણ કરે છે.

- લોકપ્રકાશ સર્ગ 30, શ્લોક ૯૦૮થી

## કાર્ય - કારણની સંકલના

(1) કાર્ય બે પ્રકારના છે: ભિન્ન અને અભિન્ન.
(2) કાર્ય કર્તાથી થાય છે, તેમાં ભિન્ન કાર્યનો કર્તા ભિન્ન હોય અને અભિન્ન કાર્યનો કર્તા અભિન્ન હોય.
જેમ જ્ઞાનનો કર્તા આત્મા છે,
તેમ મોક્ષનો કર્તા પણ આત્મા જ છે. તે કર્તા જ્યારે કારણની સામગ્રી પામે, ત્યારે કાર્ય સિદ્ધ થાય, અર્થાત્ એકલો કર્તા કારણસામગ્રી વિના કાર્ય કરી શકે નહિ, કારણસામગ્રી મળે તો જ કર્તા કાર્ય સિદ્ધ કરી શકે.
(3) તે કારણનાં ચાર ભેદ છે. જે કાર્ય કરવાનો અર્થી બને, તેણે ૪ કારણ મેળવવા પડે. તે આ પ્રમાણે:
(૧) ઉપાદાન કારણ (૨) નિમિત્ત કારણ
(3) અસાધારણ કારણ (૪) અપેક્ષા કારણ.
(4) એ ચારે કારણ કારણ તરીકે ત્યારે જ ગણાય કે જ્યારે કાર્યરુચિ જીવ એને ગ્રહણ કરે અને પ્રવર્તાવે પણ કર્તા એમ ન કરે, ત્યાં સુધી એમાં કારણતા ન મનાય, જેમ સ્વયંભૂરમણની માટી અને જંગલમાં રહેલો દંડ.
(5) કારણ પોતે જ કર્તાનાં પ્રયત્નથી કાર્ય રૂપે પરિણમે, તે ઉપાદાન કારણ - જેમ ઘટમાં માટી.

પ્રશ્ન: કારણ રહે જ જો કાર્ય થાય,
તો કારણ-કાર્યનું એકપણું થઈ જાય ને?

ઉત્તર: નામ-રૂપ આદિથી જુદાપણું છે, માટે એકત્વ નહિ થાય. જેમ પહેલાં કારણઅવસ્થામાં 'માટી' નામ હતું, તેનું નામ કાર્ય અવસ્થામાં 'ઘટ' એવું થાય છે. માટી અવસ્થામાં મૃદુતા-દ્રવતા એ તેનો ધર્મ હતો, કિન્તુ ઘટ અવસ્થામાં કાઠિન્ય તથા જલાહરણ ધર્મ બને છે.

(6) જે કારણ એ ઉપાદાન કારણથી ભિન્ન હોય અને જે મળ્યાં વિના કાર્ય થાય નહિ, તે નિમિત્ત કારણ છે. તેને વિષે કારણપણું કર્તાનાં ઉદ્યમથી થાય અર્થાત્ જ્યારે કર્તા કાર્યરુચિ થઈને કારણને ગ્રહે અને પ્રવર્તાવે,
ત્યારે તે નિમિત્તકારણમાં કારણતા પ્રાપ્ત થાય.

જેમ ઘટરૂપ કાર્યમાં દંડ-ચક્ર-ચીવર આદિ નિમિત્ત કારણ છે અને ઉપાદાનકારણ રૂપ માટીથી ભિન્ન છે, છતાં એ દંડ વિગેરે મળ્યાં વિના માટીનો ઘટ થાય નહિ. એ દંડ વિગેરેને કર્તા જે કુંભાર, તે ઘટ કરવારૂપ વ્યાપારે પ્રવર્તાવે, ત્યારે એ દંડ વિગેરે કારણ કહેવાય, નહિંતર તેમાં કારણતા ન કહેવાય અર્થાત્ કર્તા ઉપાદાનકારણને કાર્યરૂપે કરતો હોય, ત્યારે જે જે સાધનો કામે લગાડે,

તે સર્વ નિમિત્તકારણ કહેવાય અને તેનાં તે જ સાધનો જ્યારે કર્તા કાર્યને ન કરતો હોય, ત્યારે કારણ ન કહેવાય. કારણનું લક્ષણ જ એવું છે કે જે કાર્ય કરે તે કારણ.

## અસાધારણ કારણ

ઉપાદાન કારણથી જે અભેદસ્વરૂપે છે અને કાર્યપણું પામે નહીં અર્થાત્ કાર્ય થયા પછી જે દેખાય નહીં. જેમ ઘટરૂપ કાર્ય થયા પછી પણ તેમાં માટીપણું રહે છે પણ જે અસાધારણ કારણ રૂપ સ્થાસ - કોષ - કુસુલ વિગેરે જે આકાર છે, તે ઘટ થયા પછી ન રહે, છતાં મૃત્પિંડ રૂપ ઉપાદાન કારણથી અભેદરૂપે છે.

## અપેક્ષા કારણ

જે કારણનો કોઈ વ્યાપાર હોતો નથી તથા કર્તા એને મેળવવા પ્રયાસ કરતો નથી અને કાર્યથી ભિન્ન હોય છે છતાં કાર્ય વખતે તેની હાજરી અવશ્ય હોય, તે ઉપરાંત અન્ય કાર્યોમાં પણ હોય છે, તે અપેક્ષા કારણ કહેવાય. જેમ ઘટ પ્રત્યે જમીન, કાળ, આકાશાદિ. ચારે કારણોમાં કારણપણું મૂળ ધર્મ નથી - ઉત્પન્ન ધર્મ છે, જેમ કે: માટીને કોઈ ઘટરૂપે તો કોઈ કોડીયા રૂપે ઉપયોગમાં લે છે, કાષ્ઠને કોઈ દંડરૂપે તો કોઈ બાજલા રૂપે ઉપયોગમાં લે છે.

## સિદ્ધતારૂપ કાર્યમાં ચાર કારણો

(1) પોતાનાં સત્તાગત જ્ઞાનાદિગુણો એ ઉપાદાન કારણ.

(2) નિમિત્ત હેતુ જિનરાજ - સમતા અમૃત ખાણી,
પ્રભુ આલંબન સિદ્ધિ - નિયમા એહ વખાણી.

(3) જ્ઞાન - ક્રિયારૂપ સાધક અવસ્થાની તરતમતા
એ અસાધારણ કારણ.

(4) નરગતિ, પ્રથમ સંઘયણ આદિ અપેક્ષા કારણ.

અનાદિ મિથ્યાત્વી અને અભવ્ય જીવ સત્તાવંત છે,
છતાં સિદ્ધતાનું કારણ ન બને.
આના દૃષ્ટાંત તરીકે દંડને કોઈ ઘટ બનાવવાના,
તો કોઈ દંડને ઘટધ્વંસ માટે ઉપયોગમાં લે છે.

**ઇચ્છા - મૂર્છારહિતતા તે ધર્મ**

દેવ દેવે છે, ઇચ્છારહિત બનાવે છે.
ઇચ્છા ભેદ જન્માવે છે. ઇચ્છારહિત એટલે રાગરહિત.
વીતરાગરાગ ઇચ્છારૂપ છે,
તે ઇચ્છારહિત બનાવીને ભેદરહિત બનાવે છે, હંમેશા
માટે અભેદ આપે છે, તેથી દેવનું બિરૂદ 'અભેદદાતા' છે.
ઇચ્છારહિત અને મૂર્છારહિત થવાનું જે કોઈ કર્મ હોય,
તેને 'ધર્મ' કહેવાય છે.

દેવે તે દેવ. શું દેવે? આનંદ. કેવી રીતે?

આનંદનું મૂળ વૈરાગ્ય છે. એનું શિક્ષણ દેવા વડે દે છે.
પ્રભુના પાંચે કલ્યાણક વિશ્વને વિરાગી બનાવે છે.
દેવ વીતરાગ છે - ઇચ્છારહિત છે, તેથી તેમની ભક્તિ
ઇચ્છારહિત બનાવે છે. ઇચ્છારહિત એટલે ભયરહિત.
જેને કોઈપણ પ્રકારની ઇચ્છા નથી, તે ભયરહિત છે.
વૈરાગ્ય એ તો દિવ્ય સંપત્તિ છે. 'વૈરાગ્યમેવાભયમ્ ।'

વૈરાગ્યનું દાન એ જ સાચું આનંદદાન છે.

ભવ પ્રત્યે, ભવનાં સુખ પ્રત્યે વૈરાગ્ય જન્માવીને
આનંદને આપનારા હોવાથી તેઓ 'દેવ' કહેવાય છે.

દિખાવે તે ગુરુ. શું દિખાવે?

ગુરુ પોતાના જીવનથી દેવની શક્તિને દેખાડે છે, ઉપદેશ
અને આચરણ બંને વડે મૂર્છારહિત થવા શિક્ષણ આપે છે.

દેવ ઇચ્છારહિત છે, તો ગુરુ મૂર્છારહિત છે.

ચખાવે તે ધર્મ. શું ચખાવે?

ધર્મ ઇચ્છા અને મૂર્છારહિત થવાનું સુખ ચખાડે છે.
ઇચ્છારહિત દેવ, મૂર્છારહિત ગુરુ અને સ્વાર્થરહિત ધર્મ.
ધર્મ = કર્તવ્યબુદ્ધિથી થતું કર્મ, જેની પાછળ મેળવવાનું
કાંઈ નથી, માત્ર આપવાનું કર્તવ્યકર્મ કરવાનું તે ધર્મ.

સંસારની બધી ક્રિયાઓની પાછળનો હેતુ ઇચ્છા અને મૂર્છા પોષવાનો હોય છે, જ્યારે ધર્મની પ્રત્યેક ક્રિયા તો ઇચ્છા અને મૂર્છારહિત થવા માટે કરવાની હોય છે. ઇચ્છા અને મૂર્છાની પાછળ સ્વાર્થ રહેલો છે, જ્યારે ધર્મ તો સ્વાર્થરહિત થવાનું શીખવે છે. સ્વાર્થનું સ્થાન જ્યારે પરમાર્થ લે, ત્યારે તે 'ધર્મ' થયો કહેવાય છે. ઇચ્છારહિત થવાથી દુઃખ જાય, મૂર્છારહિત થવાથી સુખ તથા સ્વાર્થરહિત થવાથી પરમાર્થ આત્મા પ્રગટ થાય.

સ્વાર્થ એ પરમાર્થનો વિરોધ છે.

સ્વાર્થનું મૂળ અનાત્મભાવ - પરમાર્થનું મૂળ આત્મભાવ છે. સર્વ જીવો સાથે આત્મભાવે વર્તવાનું શિક્ષણ ધર્મ આપે છે. આત્મભાવ, પ્રેમભાવ, સ્નેહભાવ વગેરે સમાનાર્થક છે. સર્વ સાથે સ્નેહભાવનું વર્તન કરવું, તે ખરો ધર્મ છે.

સ્નેહભાવ એ વૈરભાવનો નાશ કરે છે,

તેથી ધર્મ વૈરરહિત છે અને દયાસહિત છે.

દયાથી દ્વેષભાવ જાય છે અને સ્નેહભાવ વિકસે છે. પ્રથમ જિજ્ઞાસા અને શ્રદ્ધા વડે અજ્ઞાન અને સંદેહ-સંશયનું નિરાકરણ થાય, પછી ઇચ્છા અને પ્રયત્ન વડે, સંકલ્પ અને તન્મયતા વડે આત્મશક્તિ પ્રાપ્ત કરાય છે.

ઇચ્છા કે અભીપ્સા = Aspiration. શંકા કે સંદેહ
નિરાકરણ = rejection. સમર્પણ = surrender.
શરીર = સ્થૂલ - સૂક્ષ્મ, મન = બાહ્ય - આંતર (પ્રાણ).

Imp શાંતિ અને સુખની પ્રાપ્તિનું સાધન
શરીર અને મનનું વિસર્જન છે.

આયોજનમાં પોતાની ઇચ્છા, પોતાની પ્રવૃત્તિ અને તેનું પરિણામ હોતું નથી, યોજનામાં હોય છે. તે પ્રત્યેક પ્રતિ વ્યક્તિ ભિન્ન પ્રક્રિયાની જરૂર પડે છે. યોજનાના વિકાસ માટે બાહ્ય પરિસ્થિતિ અને આંતરિક ક્ષમતા ઉભયની જરૂર રહે છે. યોજના હોવાને કારણે ક્ષમતાઓમાં તારતમ્ય છે તથા ક્રિયા કરવામાં સ્વતંત્ર જે કોઈ ચેતન છે. સ્વતંત્ર અસ્તિત્વ કોઈ એક નિયમને આધીન ન રહી શકે. શરીર રથ યા નૌકા છે, જ્યારે આત્મા રથી યા નાવિક છે.

'जीवोऽन्यः, पुद्गलश्चाऽन्यः ।'

देहोऽहमिति या बुद्धिः अविद्येति प्रकीर्तिता ।
नाऽहं देहश्चिदात्मेति बुद्धिर्विद्येति गण्यते ॥

અર્થાત્: 'હું દેહ છું' એવી બુદ્ધિ 'અવિદ્યા' તથા
'હું દેહ નથી પણ ચિતસ્વરૂપ આત્મા છું'
એવી બુદ્ધિ 'વિદ્યા' કહેવાય છે.

મનનું નિર્વિચાર થવું, તે અસ્તિત્વનો બોધ છે,
મનનું ખાલી થવું, તે જ અહંનું વિસર્જન છે.
એકાગ્રતા = મનનું એક સ્થાન ઉપર રહેવું.
શૂન્યતા = મનનું ઉત્પન્ન ન થવું, પ્રયત્નનું વિસર્જન કરવું.
સાત લવ પર્યંત ધ્યાન = બે ઉપવાસનું ફળ મળે.
એક મુહૂર્તના લવ ૭૭ હોય.
૭ લવના ધ્યાન બરાબર બે ઉપવાસ = એક છઠ્ઠ થાય.
મનની ચંચળતાનો અર્થ મનની સક્રિયતા છે.
વાસના = અતૃપ્ત ઇચ્છાઓ, સંસ્કારો.
ઇંદ્રિય = દેહ = body, અતિન્દ્રિય = મન = soul,
અતીન્દ્રિય = આત્મા = Spirit.
ગુરુમન્ત્ર = સહસ્રાર ચક્ર, લઘુમન્ત્ર = આજ્ઞા ચક્ર.
સાધનાનો સાર સંયમ અને કરુણા છે.
o પહેલાંનો યુગ આવેશપ્રધાન હતો,
આજનો યુગ યોજનાપ્રધાન છે.
o 'સાપ્તપદીનં સખ્યમ્ |'
અર્થાત્: સાત પગલાં સાથે ચાલવાથી મિત્રતા થાય છે.
o 'ન હિ कस्तुरिकागन्धः શપથેનાऽનુભાવ્યતે |'
અર્થાત્: કસ્તુરીની ગંધ સોગંદ આપવાથી આવતી નથી.

સાચો ધર્મ સર્વની સાથે પ્રેમાનુરાગ કેળવવા કહે છે.
પ્રેમ = અનુરક્તિ = ધર્માનુરાગ = સમર્પણ = આત્મવિસર્જન.

'યો યચ્છ્રદ્ધઃ સ એવ સઃ ।'

જપ એટલે શું? જપ: જ = જલ્દી, પ = પાઠ = જપ.

દેહરક્ષાની અપેક્ષાએ આત્મરક્ષા શ્રેષ્ઠ છે.

ણાણદંસણસંપણ્ણં સંજમે ય તવે રયં ।
એવં ગુણસમાઉત્તં સંજયં સાહુમાલવે ॥૧॥

અર્થ: જ્ઞાન-દર્શનથી યુક્ત, સંયમ અને તપમાં રત - આવા પ્રકારના ગુણોયુક્ત સાધુને 'સાધુ' કહેવાય છે.
આત્મરક્ષા કરનાર સાધુ છે. આત્મરક્ષા કઈ રીતે થાય? તે જ્ઞાન-દર્શનયુક્ત સંયમ-તપમાં રત રહેવાથી થાય છે.

અહિંસા સમાધિ છે, હિંસા અસમાધિ છે.

'ધુણે સરીરં ।' કર્મ રૂપી શરીરને આખરે ધુણાવવાનું છે.
આર્તધ્યાન અસત્ પ્રવૃત્તિ છે. અસત્ પ્રવૃત્તિ તે હિંસા છે.
હિંસાદિ રહિત સમત્વ વૃત્તિથી કષ્ટસહન નિર્જરાનો હેતુ છે.
અહિંસા અને બ્રહ્મવ્રતની રક્ષાને માટે તપ વિહિત છે.
અરસ તથા વિરસ ગોચરી એ આહાર બરાબર છે,
ઊણોદરી એ કાયોત્સર્ગ તપ બરાબર છે,
વિહાર એ અનશન તપ બરાબર છે.

## શાસ્ત્રમાં ઘોર, દુષ્કર, દુશ્ચર એવો તપ કોને કહ્યો છે?

પ્રાણીમાત્ર ઉપર સમત્વ બુદ્ધિ, નિર્વૈર ભાવના, મન, વચન, કાયાથી સાવદ્ય-અસત્ પ્રવૃત્તિનો ત્યાગ અને દુશ્ચર બ્રહ્મચર્યના પાલનને શાસ્ત્રમાં ઘોર તપ કહ્યો છે.

આપીડન, પ્રપીડન, નિષ્પીડન એમને તપશ્ચર્યાથી કુદેહ દમન જ નહિ પણ આત્મશોધન કરવાનું છે. માત્ર દુઃખને સહન કરવાની શક્તિ મેળવવી એ તપનું ફળ નથી, કિન્તુ ચિત્તશુદ્ધિ + આધ્યાત્મિક સુખનો અનુભવ તે તપનું ધ્યેય છે. ચિત્તક્લેશ નિવારણ માટે કાયક્લેશ ઉપાદેય છે. આત્મવિરાધના-સંયમવિરાધના ત્યાજ્ય છે. તિતિક્ષાભાવ કેળવવા માટે કાયક્લેશ પણ આવશ્યક છે.

## નમસ્કારનું અભિધેય અને પ્રયોજન

શુભની ઉત્પત્તિ વડે પાપનો નાશ - એ નમસ્કાર મંત્રની રચનાની વિશેષતા છે. અશરણનું શરણ છોડી શરણ્યનું શરણ સ્વીકારવું અને આજ સુધી તેનો સ્વીકાર ન કરવાના પ્રાયશ્ચિત્તને કરવું તથા સ્વીકાર કરવાની રુચિને વધાવવું તે પરિપૂર્ણ નમસ્કારનું અભિધેય અને પ્રયોજન છે. એમાં મંગલ અને અધિકારીનું પણ ગ્રહણ થઈ જાય છે. અધિકારી = શુભ વડે પાપનાશ. મંગલ = નમસ્કાર.

## ધ્યાનના ૪ પ્રકાર

આર્તધ્યાન = પાંચ ઇંદ્રિયોના વિષયોનું ચિંતવન-ધ્યાન.

રૌદ્રધ્યાન = પરસ્પર જીવોના વધ ચિંતવનારૂપ ધ્યાન.

ધર્મધ્યાન = સરાગ આત્માને સકામ નિર્જરારૂપ ધ્યાન.

ધર્મધ્યાનથી આર્ત-રૌદ્ર જાય, તેથી નિર્વિકલ્પ ગુણ આવે.

શુક્લધ્યાન = આત્માને નિરાવરણ થવાનું એકધ્યાન.

આપણે સૌએ અર્થપ્રધાન મટી ધર્મપ્રધાન બનવું પડશે.

ક્રિયાની પ્રધાનતાને ચારિત્રપ્રધાનતામાં પલટાવવી પડશે.

'જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ |' જ્ઞાન ક્રિયામાં પરિણમવું જોઈએ.

ક્રિયા ગતાનુગતિક નહિ પણ સમજણ સહિત થવી જોઈએ.

રાગ એ આર્તધ્યાન છે, દ્વેષ એ રૌદ્રધ્યાન છે.

યોગનું પહેલું અંગ અદ્વેષ છે.

પહેલાં જગત પ્રત્યે દ્વેષ જવો જોઈએ, જે મૈત્રીથી જાય છે,

પછી વૈરાગ્ય વડે રાગ દૂર કરી શકાય છે.

લોલીયો તે રાગી, ઈર્ષાળુ તે દ્વેષી.

રાગી પોતાને હાનિ કરે, દ્વેષી જગતને હાનિ કરે.

લોલીયાએ જમણું માંગ્યું,

ઈર્ષાળુએ પોતાની એક આંખે આંધળો માંગીને

લોલીયાને બે આંખે આંધળો કર્યો, અંતે નાગાના દંશથી મર્યો.

શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક નિત્યાનિત્ય વસ્તુસ્વભાવ ચિંતન, અનુભવરસ, જ્ઞાન-ક્રિયાયુક્ત આત્મવ્યાપારાદિ વડે શ્રુતધર - પૂર્વધર શ્રેણાગત જાણીને શુક્લધ્યાન હોય.

o આનંદ = નિર્હેતુક ચિત્તપ્રસન્નતાભાસ.

આત્મપરિણામની નિર્મળતા = જ્ઞાન - વીર્યની વિશુદ્ધતા.

વૈરાગ્યભાવ = નિરાશંસ પરિણામની વિશુદ્ધિ.

મોરા આતમ = જગ સમાન વહાલા અને સાધર્મી ભાઈઓ.

અક્ષર = આત્મસ્વરૂપ. હ્રસ્વોચ્ચારથી વચનસિદ્ધિ, દીર્ઘોચ્ચારથી કાર્યસિદ્ધિ તથા પ્લુતોચ્ચારથી દારિદ્ર્યનાશ.

આત્મસ્વભાવ = રાગ - દ્વેષની મંદતાનું રહસ્ય.

ઉપશમશ્રેણીની ધારા = જ્ઞાનની તીક્ષ્ણતા.

ક્ષપકશ્રેણીની ધારા = વીર્યની વૃદ્ધિ.

## સિદ્ધિના ૧૪ પ્રકાર

(૧) નભોગામિની (૨) પરશરીર પ્રવેશિની
(૩) પરાવર્તની (૪) સ્થંભિની (૫) મોહિની
(૬) સ્વર્ણસિદ્ધિ (૭) રજતસિદ્ધિ (૮) રસસિદ્ધિ
(૯) બંધમોક્ષિની (૧૦) શત્રુ પરાજયની
(૧૧) વશીકરણ (૧૨) ભૂતાદિદમની
(૧૩) સર્વ સંપત્કરી (૧૪) શિવપદ સાધિની.

૪ અવસ્થા : નામ = છદ્મસ્થાવસ્થા, સ્થાપના = પ્રતિમા,
દ્રવ્ય = કેવળી અવસ્થા, ભાવ = સિદ્ધાવસ્થા.

પાંચે પદની અવસ્થા

(૧) આનંદ - અરિહંત (૨) આત્મસુખ - સિદ્ધ
(૩) આત્મનિગ્રહ - આચાર્ય (૪) ઉત્કર - ઉપાધ્યાય
(૫) નમ્ર - સાધુ.

ધર્મધ્યાનનાં આલંબન : (૧) મૈત્ર્યાદિ ભાવના
(૨) પિંડસ્થ - પદસ્થાદિ અવસ્થા (૩) દશવિધ યતિધર્મ.

ગુણગણને અનુસરી આચાર - વ્યવહાર હોય :
(૧) શાંત - ઉપશમવંત (૨) દાંત - ઇંદ્રિયદમનયુક્ત
(૩) ગુણવંત - ઔદાર્ય દાક્ષિણ્યાદિ ગુણયુક્ત
(૪) સંત - સજ્જનજનની સેવા કરનાર
(૫) શુભ પરિણામવંત - શુભ પરિણામના નિમિત્ત મેળવે
(૬) વિરક્ત - કષાય નિવારણહાર
(૭) જ્ઞાન - દર્શનનો વિચાર કરનાર
(૮) સ્યાદ્વાદરૂપ ક્ષીરસમુદ્રને વિષે હંસસમાન,
વિવેક વડે સમતારસમાં ઝીલણહાર.

૦ નાટક કરનાર કરતાં જોનારને વધુ સુખ હોય છે.
મોક્ષસુખ સાધવાનો મોટો મંત્ર તે નવકાર.

પંચપરમેષ્ઠિ ધ્યાનમાળા ૐ સં-૨૦૨૫, આસો વદી ૨, આદરી

મનને શુભ સંકલ્પમાં સ્થાપવું, તે માટે ધ્યાન કરવું.
ધ્યાનમાં શ્રેષ્ઠ ધ્યાન પરમેષ્ઠિ પદોનું છે,
તેમ બાહ્યાંતર વૈરીનો નાશ કરીને સાધક સિદ્ધિને વરે.
પરમેષ્ઠિ મંત્રારાધન એ ત્રણે કાળમાં સિદ્ધિનો ઉપાય છે.
પરમેષ્ઠિપદ દ્વીપની જેમ સંસારસમુદ્રમાં આધાર આપે છે.
દેવરાજ ઇન્દ્ર પણ પરમેષ્ઠિપદના દાસ છે.
પરમેષ્ઠિપદના ધ્યાતાને પરપુદ્ગલ લાભની આશંસા
રહેતી નથી અને ભવોભવ કે જ્યાં સુધી સંસારમાં
રહેવું પડે ત્યાં સુધી તેની જ વાસના ચિત્તમાં રહે છે.
તત્ત્વથી કથા ચરિત જ્ઞાન - દર્શન - ચારિત્રની વાર્તા.
એ પરમનિધાન છે, અદ્ભુતવસ્તુ છે.
પંચ પરમેષ્ઠિના ધ્યાન વડે
ચારે વર્ણવાળા મનુષ્યો ચારે પ્રકારના પુરુષાર્થોને પામો.
ધ્યાનમાળાને પુષ્પમાળાની જેમ કંઠને વિષે સ્થાપન કરો.
સ્વાભાવિક સમતારૂપી કલ્પવૃક્ષની લતાના સુખને મેળવો.
આ ધ્યાનમાળા ગુરુકૃપા વડે
સં. ૧૭૫૫, ચૈત્ર સુદી ૫ના દિવસે રચી છે અને
જ્ઞાનવિમલસૂરિએ તેનો બાલાવબોધ કર્યો છે.

## પાંચ દશાવાળાનું લઘુ વર્ણન

(૧) વિદેહીદશા - દેહ છતાં પૂર્ણ વીતરાગ દશા,
સમ્યક્ લક્ષણ: અનંત વીર્ય આદિ.
સંતોની જ મુલાકાત અને mental meeting with spiritual leaders of Bharat.

(૨) સિદ્ધદશા - અશરીરી : સંપૂર્ણ કષાયોનો નાશ કર્યો.
સમ્યગ્દર્શન - નિરાકુળ - અવલોકન.
વીતરાગતાની અનંત શક્તિ પ્રાપ્ત કરી છે.

(3) ચોક્કસ વિચારધારા - શરણ : સંપાદન પ્રાપ્ત કર્યું છે, મોક્ષમાર્ગમાં વિચરવામાં આતુર, ભવભ્રમણ નિવારણ કરવામાં ઉત્કંઠ તથા જેમણે અનુભવપ્રકાશ પ્રાપ્ત કર્યો છે તેઓ.

(૪) સ્વભાવ : જેમણે આત્મભ્રમણા ટાળી છે, અવગુણોનો નાશ કર્યો છે, અનંતી નિર્ભયતા મેળવી છે.

(૫) સરળ સ્વભાવના અધિકાર: આત્માની ભ્રમણા દૂર કરી છે, ધર્મોપદેશકનું સ્વરૂપ તથા અનંતો યશ પ્રાપ્ત કર્યો છે.
પ્રતિનિધિ of the religious conference.
દેહ - વાણી તથા મનના સ્વરૂપને ભૂલી ગયા છે અથવા જેના મન - વાણી - દેહના સ્વરૂપ ચાલ્યા જ ગયા છે તથા જીવો પ્રત્યે સાપેક્ષ છે, પુદ્ગલ પ્રત્યે નિરપેક્ષ છે.

## ત્રણ પ્રકારની સમાધિ

(1) પાર્થિવ શરીરને જે જગ્યાએ પૂરીને ઉપર સ્મારક બાંધવામાં આવે છે, તેને 'સમાધિ' કહેવાય છે.

(2) યોગીઓ શૂન્ય સ્થિતિમાં કલાકો સુધી રહે છે, તે બાહ્ય પ્રકારની 'સમાધિ' કહેવાય છે.

(3) સમાધિ એક પ્રકારની આત્મસ્થિતિ છે, જેમાં મનુષ્ય કોઈપણ સંજોગોમાં ચલાયમાન ન થતાં ફક્ત એક જ - સમસ્થિતિમાં રહે છે, તેને પણ 'સમાધિ' કહે છે.

o માનવનો ઉદ્ધાર ચિંતાથી નહિ પણ ચિંતનથી થાય છે.
શંકા પણ અંતઃકરણની એક વૃત્તિ છે. શંકા ઉદ્ભવે કે શમી જાય પણ આત્મસ્થિતિ તો એકસરખી જ રહે છે.

o કદી પણ તમારી દયા ખાશો નહિ અને કોઈની પણ દયા ઉપર જીવવાનો વિચાર કરશો નહિ.

o મુક્તની જ મુક્તિ છે,
આત્માને મુક્તિ કે બંધન છે જ નહિ.

o

મુક્ત = complete indifference to all the objects of the world.

Be prideless and observe the rules of the royal road.

# જીવનમાં સમાધાનનું મહત્ત્વ

માણસને જે જોઈએ છે તે અને તેવું સો એ સો ટકા કોઈને
કદી મળતું નથી. મળે છે, તો તે સદાકાળ ટકતું નથી એટલે
ક્યાંક ને ક્યાંક માણસે જીવનમાં સમાધાન કરવું જોઈએ.
મૂળ કારણ સમજવાની શક્તિ, એ કારણોને દૂર કરવાની
સૂઝ અને તેને અમલમાં મૂકવાનો પુરૂષાર્થ,
આ ત્રણ વસ્તુ એકત્ર થાય, ત્યારે સમાધાન મળે છે.
એને અભાવે જીવન ક્લિષ્ટ થઈ, દુઃખદ બનતું જાય છે.
મૂળ કારણ કર્મ છે, એનું કારણ કષાય છે,
એને દૂર કરવાનો પુરૂષાર્થ ધર્મ છે અને
ધર્મ તે ચાર કષાયની પ્રતિપક્ષ ભાવનાઓ છે.
ક્રોધની પ્રતિપક્ષ ભાવના મૈત્રી છે,
લોભની પ્રતિપક્ષ ભાવના સર્વ માટેનો લોભ છે.
સર્વ માટેના લોભમાંથી
એક ભાવ પ્રમોદ અને બીજો ભાવ કરૂણા છે.
રાગ દ્વેષ ની શક્યતા જ્યાં ન રહે, ત્યાં માધ્યસ્થ્ય છે
અને માધ્યસ્થ્ય એ જ અંતિમ સમાધાન છે.
તેનું મૂળ કારણ નિત્ય ઉઘાડા આઠ રૂચક પ્રદેશો છે.
તે સદા મુક્ત - બુદ્ધ - શુદ્ધ - નિરંજન - સ્થિર - સમ છે.

સર્વત્ર વિલસી રહેલ મનને નિરુપાધિ નિત્ય સમાધાન પ્રાપ્ત થાય છે. સામૂહિક પ્રાર્થનાથી પણ સમાધાન થાય. પ્રાર્થના એક શક્તિ છે, સામૂહિક પ્રાર્થનામાં ઘણું બળ છે. 'આપણું અજ્ઞાન નાશ પામો અને આપણા સૌને સમ્યગ્ જ્ઞાન પ્રાપ્ત થાઓ' એ સામૂહિક પ્રાર્થનાનું તાત્પર્ય છે. પ્રાર્થના એટલે નવું કાંઈ મળે એવી ઇચ્છા કે માંગણી નહિ પણ જે મળેલું છે, તેનું અજ્ઞાન અને આવરણ દૂર થાઓ, તેનું સમ્યગ્ અને સ્થિર જ્ઞાન પ્રાપ્ત થાઓ એવી ઇચ્છા, જે તીવ્ર અભિલાષાએ અવશ્ય ફળે છે, મનને સમાધાન આપે છે, એ સમાધાનથી સમાધિ મળે છે.

જગતનું મૂળ છે જે સિદ્ધ છે, તેનું પ્રણિધાન.
એ પ્રણિધાનથી પ્રવચનની આરાધના, સન્માર્ગની દૃઢતા,
કર્તવ્યતાનો નિશ્ચય, શુભાશયની વૃદ્ધિ અને
સાનુબંધ શુભ અનુષ્ઠાનની પ્રાપ્તિ થાય છે
ઉપરાંત પ્રત્યેક અનુષ્ઠાન સાનુબંધ બને છે.

માનવ = પ્રારબ્ધકર્મનું પૂતળું, પોતાના ભાવિનો મહાન સર્જક.

Man is a creature of circumstances. He is also an architect of his destiny.

## વિજયાદશમી - દશેરા પર્વનું એ તાત્પર્ય છે કે:

દશેરાને 'દશહરા' દશ ઇંદ્રિયોને હરાવવાનું પર્વ પણ કહે છે.
૧૦ ઇંદ્રિયો ઉપર વિજય પ્રાપ્ત કરવાથી મનરૂપી દશ
માથાનો રાવણ જિતાય છે. રાવણ = વાસનાભિમુખ મન,

રામ = વિવેકાભિમુખ મન, સીતા = સદ્બુદ્ધિ.

મનના બંધનમાં આવેલી બુદ્ધિ રાવણના અંતઃપુરમાં છે.
વાસનાક્ષય, મનોનાશ અને તત્ત્વબોધ અન્યાશ્રિત છે.
જ્યાં મનોનાશ ત્યાં તત્ત્વબોધ, જ્યાં તત્ત્વબોધ ત્યાં રામરાજ્ય.

અજ્ઞાનનું પ્રત્યક્ષ સ્થૂલ આકૃતિ ગધેડો છે.

ગ = ગલન, ધા = ધાવન. અજ્ઞાની જીવ પશુતુલ્ય છે.
મન અવિરોધથી નિરોધ અને નિરોધથી સ્વબોધ થાય.
મનુષ્યમાં અભિવ્યક્તિની તરતમતા ભલેને હો, કિન્તુ
સત્તાની તરતમતા નહિ. એક મનુષ્યમાં જે પ્રકારની
ચિન્મસત્તા છે, તે જ પ્રકારની ચિન્મસત્તા બાળમાં છે.
સર્વ પ્રકારની ચિન્મસત્તાનું સાધ્ય મુક્તિ - સ્વતંત્રતા છે.
શરીર મન ઇંદ્રિય સંસ્કાર આદિના બંધનમાંથી મુક્ત થવું,

એ ચિન્મમાત્રનું સાધ્ય છે.

૦ યોગના બે અર્થ છે: સંબંધ અને સમાધિ.

સંબંધ પ્રથમ છે, સમાધિ પછી છે.

શરીરના બંધનમાંથી છોડાવનાર હઠયોગ છે,
સંસ્કારના બંધનમાંથી છોડાવનાર રાજયોગ છે, ઇંદ્રિય
અને મનની પરાધીનતામાંથી મુક્ત કરાવનાર રાજયોગ છે.
શાંતિ, શક્તિ, આનંદ અને અપરોક્ષાનુભૂતિ અબંધન
એ મુક્તિનાં મધુર ફળો છે. પ્રથમ સમર્પણ, પછી
સમરસતા - સમતા. સંસ્કારવાસનાના નાશ માટે ઉપાય
ભાવના છે અને તેને દૃઢ કરવા ધ્યાન એ સાધન છે.

અભ્યાસનો એક સંકલ્પ એ લેવો જોઈએ કે:

આ જીવનમાં હું એટલી શક્તિ અવશ્ય સંપાદન કરીશ
કે ગમે તેવી પરિસ્થિતિમાં પણ
મારા મનની શાંતિ જાળવી રાખીશ.
હું જ્યારે કાંઈ પણ વાત કરીશ, ત્યારે સુખની, સમૃદ્ધિની
શાંતિની, સ્વસ્થતાની અને સમાધિની જ વાત કરીશ.
ભૂલોમાંથી સુધરવાની એક પરમ તક માનીશ.
જીવનમાં આગળ વધવા માટે આ બંને વસ્તુ જરૂરી છે.

o

Every mistake is a stepping stone
to ascend the height & opportunity to
improve, Every failure is a
stepping stone to success.

સાધનાના ૪ આયામ : જપ, અર્થભાવના, ધ્યાન, કાયોત્સર્ગ.

ધ્યાનસાધનાથી શરીર, ઇંદ્રિય, મન તથા
અંતઃકરણ નિર્મળ અને પ્રસન્ન બને છે.

સાધનાનું પ્રથમ પગથિયું મૂર્છાભંગ છે, પછી પરિવારના સ્વાર્થને પ્રથમ સ્થાન આપવાની સ્થિતિ સમાપ્ત થઈ જાય છે, પરસ્પરના હિતનું સામંજસ્ય અને સમાધાન થઈ જાય છે, તેથી સંઘર્ષ અને આપઘાતવૃત્તિનો અંત આવે છે.

ધ્યાનનું તાત્પર્ય મનને અનેકમાંથી એક તરફ લઈ જવું
અને એકથી શૂન્યમાં લીન કરવું, તે છે.

સ્વાધ્યાયનો થાક ઉતારવા માટે ધ્યાન અને ધ્યાનનો શ્રમ ટાળવા માટે સ્વાધ્યાય - આમ બંને પરસ્પરપૂરક છે.

જ્ઞાન, દર્શન, શક્તિ, આનંદ - એ આત્માના ૪ ગુણ છે.

શરીરનું શિથિલીકરણ, શ્વાસોચ્છ્વાસનું સંતુલીકરણ અને મનનું સંકલ્પ-વિકલ્પોથી શૂન્યીકરણ, એ યોગનું સાધ્ય છે.

અંદર-બહાર બંને જગ્યાએ એક જ શક્તિ કાર્ય કરે છે.

બહિર્મુખી શક્તિ ભટકાવે છે, અંતર્મુખી મુક્તિ અપાવે છે.

યોગ એ સમ્યગ્ અને મિથ્યા - આમ બે પ્રકારનો છે.

શરીર નાશવંત ભલે છે અને
અવિનાશીને પામવા માટેનું સાધન બનવા દ્વાર ભલે છે.

લાભ - અલાભ, સુખ - દુઃખ,
જીવિત - મરણ, સ્તુતિ - નિંદા, માન - અપમાન આદિ
દ્વન્દ્વને સહવાની શક્તિ કર્મવિપાકના વિચારથી આવે છે,
કષાયમુક્તિ ધર્મના વિચારથી થાય છે. કષાયના જવાથી
શાંતિ અને દ્વન્દ્વસહનથી મુક્તિનો આનંદ અનુભવાય છે.
દ્વન્દ્વસહન માટે દૂર ગિરિમાળાના શિખર ઉપર જાઓ.

કષાયશમન માટે સ્નેહથી નિકટવર્તી બનો.

સ્નેહપરિણામ વડે કષાય શમે છે,

વૈરાગ્યભાવ વડે દ્વન્દ્વાતીત થવાય છે.

જિનૈઃ વિહિતત્વાત્ ઇતિ વિધિઃ | Its law of God.

વિધિનું બહુમાન એ જિનેશ્વરોનું અથવા
ધર્મમહાસત્તાનું અથવા વિશ્વવ્યવસ્થાનું બહુમાન છે.
વિશ્વસમાપત્તિ સતત ચાલુ છે, તે અશુભ ધ્યાનજનક છે,
તેનું નિવારણ આત્મસમાપત્તિ વડે થાય છે.
આત્મસમાપત્તિનું શ્રેષ્ઠ સાધન પંચપરમેષ્ઠિ નમસ્કાર છે,
તે વડે એક બાજુ પાંચ પરમપદીનું બહુમાન થાય છે
અને બીજી બાજુ એ પાંચેની પાછળ રહેલ શુદ્ધ
આત્મતત્ત્વનું બહુમાન થાય છે. આત્મસમાપત્તિ એટલે
કર્મોપાધિનિરપેક્ષ આત્મતત્ત્વનું સુદૃઢ સ્મરણ.

## સમાપત્તિ તથા પ્રણિધાન

'પ્રણિધાનહે' પદથી વાચક સાથે સંભેદ - અભેદ પ્રણિધાન.
સમાપત્તિ તે સંભેદ અને વાચ્ય સાથે સમાપત્તિ તે અભેદ.
આત્મનિવેદન ભક્તિમાં 'આરાધ્યત્વેન સ્મરણ|' અને
પ્રણિધાનમાં 'અભેદત્વેન સ્મરણ|' સમજવાનું છે.

## ૪ નિક્ષેપમાં નવધા ભક્તિ

નામ = જિન(નામ)નું શ્રવણ, સ્તુતિ, સ્મરણ.
સ્થાપના = જિન(બિંબ)નું પૂજન, અર્ચન, વંદન.
દ્રવ્ય = જિનની સેવા અને ભક્તિ.
ભાવ = જિનને આત્મનિવેદન અર્થાત્ નિજ આત્મામાં પરમાત્માનું ભાવન. તે બધું મળીને સમુપાસન બને છે.

૦ નાક શરૂ થાય છે જે ભમરોની વચ્ચેથી, જે એ આધ્યાત્મિક દર્શનનું નિવાસસ્થાન છે.
નાસિકાગ્રનો સાચો અર્થ નાસિકાનું મૂળ છે, નાકનો છેડો નહીં.
નાસિકાની અંદર દૃષ્ટિ રાખવી. જ્યાં બંને આંખની અણીઓ મળે છે, તે ભાગથી અંદર સહેજ નીચે દૃષ્ટિ આપવાથી શ્વાસ ધીમો પડે, સુષુમ્ણા ખુલ્લી થાય છે, પવન બ્રહ્મરંધ્ર તરફ ઊંચો જાય છે. આ ક્રિયાથી પવનનો જય થાય છે.
નાસાના મૂળમાં અંદર ધ્યાન કરવાથી બ્રહ્મજ્ઞાન થાય છે.

# મન, મંત્ર અને પ્રભુ સાથે જાપ

મન, મંત્ર, પ્રભુ સાથે નવપદજીની આરાધના હૃદયમાં કરવાથી આહ્લાદ આનંદ અને રોમાંચ અનુભવાય છે, તેથી પ્રકાશનો અનુભવ અને વાઈબ્રેશન્સની ઘણી વૃદ્ધિ થાય છે. 'આત્મા - પરમાત્મામાં કોઈ ભેદ નથી અને સર્વ જીવ આત્મસ્વરૂપ છે' એ અનુભવ કર્મનો ભુક્કો કરી દે છે, આત્માને અનહદ આનંદનો અનુભવ થાય છે, મહાન પુણ્યના ઉદયથી પાંચ સમવાય અને સિદ્ધિઓની પ્રાપ્તિ થાય છે. મન, મંત્ર અને પ્રભુ સાથે જાપ કરવામાં ૪૫ મિનિટ સમય લાગે છે. રોજ ૪ માળામાં ૩ કલાક લાગે છે. નવપદજી અને પંચ પરમેષ્ઠિમાં જ્યારે આત્મસ્વરૂપ દેખાવા લાગશે, ત્યારે મંત્રસિદ્ધિ થઈ ગણાય છે. પરમેષ્ઠિ સ્મરણમાં આત્મસ્વરૂપનું સ્મરણ અનુભવાય, ત્યારે દેહાધ્યાસ છૂટી જાય છે તથા તેના સ્થાને આત્માધ્યાસનો અભ્યાસ પાડવા માટે પંચ પરમેષ્ઠિ ભગવંતોનું વારંવાર સ્મરણ આવશ્યક છે. પાંચ પરમેષ્ઠિ, નવપદ અને વીશ સ્થાનક પદવિભેદે ભેદ છે, આત્મસ્વરૂપથી અભેદ છે. અરિહંત, સિદ્ધ આદિ આત્માની જ ભિન્ન ભિન્ન અવસ્થાઓનાં નામ છે. આત્મા નિશ્ચયથી નામરૂપ

રહિત છે, છતાં તેનો વ્યવહાર કરવા માટે નામ - રૂપ લાગેલાં છે. 'અરિહંતાદિ નામ અને તેમના રૂપ એ આત્માનાં જ નામ અને રૂપ છે' એવી પ્રતીતિ જ્યારે દૃઢ થતી જાય, ત્યારે મોહનો આપોઆપ વિલય થાય અને રાગ-દ્વેષરહિત વીતરાગસ્વરૂપની અનુભૂતિ થવા લાગે છે. અરિહંતાદિમાં આત્માના સ્વરૂપને જ જોતાં શીખવું, એ અભેદ વધવાનો માર્ગ છે.

o શ્રી નમસ્કાર મહામંત્રમાં

૯ પદ, ૮ સંપદા, ૬૮ વર્ણોમાં ૬૧ લઘુ તથા ૭ ગુરુ છે.

પંચમંગલ મહાશ્રુતસ્કંધ, પંચ પરમેષ્ઠિ નમસ્કાર મંત્ર, નમસ્કાર મહામંત્ર અને શ્રી નવકાર મંત્ર એ અનુક્રમે નવકારનાં નામાભિધાન છે.

o 'નૃદેહમાદ્યં ખલુ સુદુર્લભમ્ ।'

નરદેહની અપેક્ષાએ શ્રેષ્ઠતર, પ્રકૃષ્ટતર, સર્વાંગસુંદરતર દેહની કોઈ કલ્પના થઈ શકતી નથી.

માનવદેહ જેમ પુરુષાકાર છે, તેમ મન, પ્રાણ, વાણ, આનંદ - બધું પુરુષાકાર છે. આનંદ એ મૂળ તત્ત્વ છે, આનંદથી બાકી બધાં તત્ત્વોનો ઉદ્ભવ છે.

આનંદ મૂર્તિમાન છે, પુરુષ તેની મૂર્તિ - મૂર્તસ્વરૂપ છે.

નરાકૃતિ એ પરમાનંદનું મૂર્ત સ્વરૂપ છે.
જેમ તલમાં તેલ, દહીંમાં ઘી, કાષ્ઠમાં વહ્નિ રહેલ છે, તેમ
વિશ્વમાં બ્રહ્મ રહેલું છે, તે અનંતરૂપ થઈને વિલસે છે.
પક્ષીમાં ઉત્પતન શક્તિ, મત્સ્યમાં સંતરણ શક્તિ,
મધુકરમાં ગુંજનની શક્તિ, કરોળિયામાં જાળગ્રથન શક્તિ,
વૃક્ષમાં પત્ર - પુષ્પ પ્રગટ કરવાની શક્તિ, પુષ્પમાં વર્ણ-
ગંધ સંકલન શક્તિ, કોયલમાં કલકૂજન શક્તિ, સર્પમાં વિષ
દંશન તથા મયૂરમાં ચારુ નર્તનશક્તિ અભિવ્યક્ત થાય છે.
જગતમાં જે કાંઈ દેખાય છે,
તે સર્વ બ્રહ્મની અવ્યક્ત શક્તિનો કોઈને કોઈ પ્રકારે
વ્યક્ત પ્રકાશ છે. આ વિશ્વ અનન્ત રૂપ સંપન્ન છે.
બ્રહ્મની શક્તિ કોઈને કોઈ સુયોગ્ય, સુરમ્યરૂપમાં પોતાને
અભિવ્યક્ત કરે છે. નરાકૃતિ સર્વ કૃતિઓનો પરમ
અને ચરમ આદર્શ છે. તેને સુયોગ્ય રૂપમાં વાળીને
પરમપદની પ્રાપ્તિનો લાભ મેળવવો જોઈએ.
૦ સર્વ સ્થળે તું છે, તોય હું ને કોઈ સ્થળે નહિ.
દિવ્યતાના પ્રાપ્ત કરવાનો માર્ગ મનને જીતવાનો છે.
મનને જીતવા વિચારો, કલ્પનાઓ અને લાગણીઓ ઉપર
સંપૂર્ણ અંકુશ જરૂરી બને છે. યોગમાર્ગે ક્રમશઃ

આગળ વધવાનો માર્ગ મનને તદ્દન શાંત પાડી દેવાનો છે. મન જો કલાકો સુધી નિષ્પંદ રહી શકે, સંકલ્પ-વિકલ્પરહિત પર રહી શકે તો આત્મા સાથે સીધો સંબંધ બાંધવામાં જરા પણ વિલંબ ન થાય. યોગસિદ્ધિનો સૌથી ટૂંકો માર્ગ મનને નિષ્પંદ બનાવવાનો પ્રયત્ન કરવો, તે છે. બુદ્ધિની જાળાજોડી કે શાસ્ત્રોની પારંગતતાથી પ્રભુમિલન થતું નથી. એ માટે સાધકને પવિત્ર જીવન ગાળવું અનિવાર્ય છે. 'વિશ્વમાં જ્યાં જ્યાં પવિત્રતા છે, ત્યાં શાંતિ છે. જ્યાં શાંતિ છે, ત્યાં પ્રભુમિલન છે, સર્વત્ર હું નહિ પણ તું છે, તું જ છે, તું હી છે, તું હી તું હી છે' એ દૃષ્ટિ જ્યારે સ્થિર થાય, ત્યારે પ્રભુનું મિલન શક્ય બને છે.

'સર્વત્ર આત્મતત્ત્વ છે, ચેતનાનો વિલાસ છે, ચૈતન્ય વિલસી રહ્યું છે' એવું દર્શન જ્યારે પાકું થાય, ત્યારે 'અહં' નાશ પામે છે. 'હું ના સ્થાને જ્યારે તું નું સ્થાપન થાય, તે તું છે' એ વાક્ય સાર્થક થાય છે. પ્રભુ એક શાશ્વત, સનાતન - વ્યાપક તત્ત્વ છે, તેને તારીખો અને સાલવારીના ચોકઠામાં બાંધી શકાય નહિ.

સ્થળ અને કાળ એ માનવમનની નીપજ છે,
ઇતિહાસબુદ્ધિ એ પશ્ચિમના માનસની પેદાશ છે.

## કાળનું તેડું - આગાહ

મૃત્યુના ન્યાય-નીતિ-નિયમ અને કામ કરવાની રીત
આગાહ છે, માનવી તેનો તાગ પામી શકતો નથી.
કાળ કહેશે - કોના ઉપર પોતાનો મૃત્યુદંડ ઉગામશે,
એનો કશો જ ભરોસો ન હોય છે

માનવીએ પોતાનું કામ હંમેશા આટોપતાં રહેવું જોઈએ,
અંતરમાં સદ્વૃત્તિ તથા જીવનમાં સત્પ્રવૃત્તિને પોષતા રહીને
કાળના તેડાનું સ્વાગત કરવા સદા સજ્જ રહેવું જોઈએ.
જે જાગ્રત રહે, એ જીવન અને જગતને જીતી જાય,
જે ગાફેલ રહે, એ સૌ પોતાના હાથે જ હારી જાય.
નીતિકાર કહે છે કે: આવતીકાલનું કામ આજે કરી
લેવું અને બપોર પછી કરવાનું કાર્ય બપોર પહેલાં
પતાવી લેવું, કારણકે કાળ 'આ વ્યક્તિએ પોતાનું
કામ પૂરું કર્યું છે કે નહિ' એની કદી રાહ જોતો નથી.

'અજ્ઞાતવાદ' એટલે કશું જન્મતું નથી અને કશું
મરતું પણ નથી. તર્કની વ્યર્થતા એ irrational નથી,
કિન્તુ તર્કાતીત થઈ ચૈતન્ય ઉપર વિજય મેળવી શકાય છે.

પશ્ચિમના વિચારકો હવે તર્કથી થાક્યા છે,
અતર્ક અને તર્કાતીતતાની ખોજ શરૂ થઈ ગઈ છે.

ભરત ચક્રવર્તીએ પોતાના બંદીજનોને કહી રાખ્યું હતું કે
તેઓએ તેને રોજ 'ચેત ભરત! ચેત, કાળ ઝપાટા દેત.'
આવી ચેતવણી પોતાને આપવા જ કહેલી.
સૌ કોઈને માટે આ ચેતવણી ઉપયોગી છે.
'જિતો ભવાન્! વર્ધતે ભીઃ તસ્માત્ મા હન મા હન!'
જીવનની ચંચળતા અને મૃત્યુની અનિશ્ચિતતા ક્ષણભર
પણ વિસરવા જોગ નહિ. 'જે જાગતો રહેશે, તે જીતશે,
જે ગાફેલ બનશે, તે ખોશે.' એ સનાતન નિયમ છે.

## પાંચ તત્ત્વોનું માંગલ્ય

ધરાની ધીરજ, વાયુનું વાત્સલ્ય, આકાશનું ઐશ્વર્ય,
અગ્નિનું ઓજસ અને સલિલની શીતળતા. એ બધાનું
સમન્વય સાધી પાંચ તત્ત્વોનું જે સત્ત્વ, તે માંગલ્ય.
એ માંગલ્યની માટીનો પહેલો પીંડ ઉપાડીને
જે મનોહર મૂર્તિ રચાણી, તે નારીનું શરીર.
એ શરીરમાં માતાનું વાત્સલ્ય, ભગિનીનો સ્નેહ,
પત્નીનો પ્રેમ, પુત્રીની ભક્તિ અને
સતીનું સતીત્વ છુપાયેલું હોય છે.

શરીરને આરામ, ઈંદ્રિયોને સુખ, મનને શાંતિ અને
આત્માને આનંદ - એ મનુષ્યમાત્રનો જન્મસિદ્ધ હક છે.

## પ્રેમસંહિતાનો આવિર્ભાવ

પ્રેમનો અભાવ એ બધા રોગોનું મૂળ અને
સર્વ રોગોમાં મહારોગ છે. પ્રેમ બધાની સાથે જોડે છે.
પ્રેમનો અભાવ મૂળ સત્તાથી દૂર ફેંકી દે છે.
સર્વથી મહત્ત્વના શબ્દ આત્મા ને પરમાત્મા છે, તે પ્રેમના
જ કારણે છે. પ્રેમનો અભાવ એ સૌથી મોટી દરિદ્રતા છે.
તે દીન, હીન અને રૌરવ નારકી છે.
પ્રેમ સ્વર્ગનું અમૃત - સત્ય છે. અપ્રેમ એ અસત્ય છે.
વિશ્વસત્તાથી પૃથક્ સત્તા કોઈની પણ છે નહિ,
છતાં તેમ માનવું, તે જ મહાન અસત્ય છે.
બધી સત્તાનું આદિ અસ્તિત્વ એક જ છે.
બધા પ્રાણીનો આદિ સ્રોત તે પ્રેમના કેન્દ્રમાં જ રહેલો છે.
'હું સર્વ સત્તાથી પૃથક્ કે ભિન્ન નથી પણ હું તેમાં છું
અને તે મારામાં છે' એવો બોધ એનું પરિણામ પ્રેમ છે,
એવું જીવન તે ધાર્મિક જીવન છે.

'બ્રહ્મણિ ચર્યતે ।'

તન - મન - વચનથી સમસ્ત ઈંદ્રિયોની વાસના ત્યાગ
પરમાત્મસ્વરૂપમાં લીન રહેવું, પરમાત્મભાવમાં રમવું,
સૌ કામનાઓથી મુક્ત થઈ વિશુદ્ધ આત્મપરિણતિમાં રહેવું.

પ્રેમમય જીવનમાં 'હું'નું અસ્તિત્વ નહિ,
કેવળ તું જ અવશેષ રહે છે.

પ્રેમના આલયમાં વ્યક્તિનો કોઈ આધાર નહિ,
જીવન પારસ્પરિકતામાં છે, પરસ્પર સંબંધોમાં રહેલું છે.

પ્રેમમાં સ્વ અને પરનું અતિક્રમણ છે.
જ્યાં સ્વ કે પર નહિ, ત્યાં સત્ય છે - ત્યાં જ પ્રભુ છે.

'પ્રભવતીતિ પ્રભુઃ |'

પ્રિય અને પ્રેમી મટી જ્યાં કેવળ પ્રેમ રહે છે,
ત્યાં મોક્ષ છે, ત્યાં નિર્વાણનું સુખ છે.

o માનવશરીર એ માટીના દીવાની જેમ
આત્મપ્રકાશનું અનન્ય સાધન છે.

સ્વાસ્થ્ય સ્વાભાવિક છે, રોગ અસ્વાભાવિક છે.

આરામ એ શરીરની આવશ્યકતા છે,
આલસ્ય એ શારીરિક નહિ, માનસિક વિકાર છે.
આરામ એ વિકાસનું અને આળસ વિકારનું કારણ છે.
આરામ એ અંદર રહેલા રામને આમંત્રણ છે.

વિશ્વથી તુચ્છ છે - ક્ષુદ્ર છે, આત્મા મહાન છે - નિત્ય છે.
આત્મદૃષ્ટિએ વિશ્વ અલ્પ છે,
વિશ્વની દૃષ્ટિએ આત્મા મહાન છે.

## श्री पार्श्वनाथ स्तवनम् ।

तत्सौख्यमपि दुःखाय रागद्वेषाढ्य यद् भवेत् ।
तद्भो ! विहाय तन्मध्यं समताख्यं समाश्रय ॥१॥
रागः शीत समः प्रोक्तः ग्रीष्मतुल्यस्तदन्तरे ।
स्थितश्चैत्र इवानन्दोत्सवं कस्य करोति न ॥२॥
सूक्ष्म मार्गो हि धर्मस्य समताख्यो शिवोपरि ।
एक एव ततो मा गा विकल्पगहनं वनं ॥३॥
शर्म धर्मस्य तत् ते स्यात् निर्विकल्पं मनो यदि ।
विकल्पो याति साम्येन तदभ्यासं ततः कुरु ॥४॥
भवे पर्यटतो जन्तोः को निजः कोऽथवा परः ।
ग्रामस्याऽर्वाक् प्रदेशो यः स एव व्रजतः परः ॥५॥
विकल्पैरब्धिकल्लोलावगाहन समैः किमु ।
साम्यं फलकमादाय तीरं श्रय भवांबुधेः ॥६॥
विद्यया तपसा तीर्थयात्रया वा न निर्वृतिः ।
विना तद् मर्म-साम्येन साम्यात् सौख्येऽपि सा भवेत् ॥७॥
हूयते न तप्यते न दीयते वा न किंचन ।
अहो अमूल्य क्रीतायं साम्यमात्रेण निर्वृतिः ॥८॥

- श्री पार्श्व. सर्ग ६, श्लो० ६८२/९

ह्रीँ ऽॐ नँ अर्हं नँ नँ अर्हं नँ ऽॐ ह्रीँ

# પરિશિષ્ટ સૂચિ

**પરિશિષ્ટ - ૧ (પૃષ્ઠ ૧૨)**
આત્મા જ દમન કરવા યોગ્ય છે. ખરેખર આત્મા જ દુઃખેથી દમન થાય તેવો છે. આત્માનું દમન કરે તો આ લોક અને પરલોકમાં સુખી થાય છે.

**પરિશિષ્ટ - ૨ (પૃષ્ઠ ૨૬)**
ધારણ કરવાથી ધર્મ કહેવાય છે. ધર્મ પ્રજાને ધારણ કરે છે. 'ધારણ' કરવાવાળો હોવાથી 'ધર્મ', એમ નિશ્ચય કરાયો છે.

**પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૨૯)**
શ્રવણ, કીર્તન, સ્મરણ, સેવા, અનુસરણ, નમસ્કાર, દાસભાવ, સખીભાવ અને આત્મસમર્પણ - આ નવ પ્રકારની ભક્તિ છે. ૦ ઈશ્વર અભિમાનના દ્વેષી અને દીનતાપ્રિય છે. - નારદભક્તિસૂત્ર, ૨૭

**પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૩૪)**
જે સમતા ધારણ કરે છે, તેની આરાધના થાય છે. જે સમતા નથી રાખતા, તેમની આરાધના થતી નથી. સમતા એ જ સાધુપણાનો સાર છે.

**પરિશિષ્ટ - ૫ (પૃષ્ઠ ૭૪)**
જે પ્રકાશ વડે પ્રાપ્ત થાય છે તથા મુનિપણાં વડે સાધના કરાય છે, એવો રત્નત્રયમય પ્રણવ કે ૐકાર સર્વ કાર્યની સિદ્ધિ કરનારો જાણવો.

**પરિશિષ્ટ - ૬ (પૃષ્ઠ ૯૦)**
આત્મા એ જ તેની રાધિકા છે, તેની જ સાથે આ રમણ કરે છે, માટે 'આત્મારામ'. ગૂઢાર્થ જાણનારા મુનિઓ વડે એ પ્રમાણે કહેવાય છે.

**પરિશિષ્ટ - ૭ (પૃષ્ઠ ૯૪)**
જ્યાં બે પ્રકારની શ્રુતિ હોય, ત્યાં બંને પ્રકારનો ધર્મ કહેલો છે. બંને ધર્મો હિતકારી હોવાથી જ્ઞાનીઓએ સાચા કહ્યા છે. -મનુ સ્મૃતિ

## પરિશિષ્ટ - ૮ (પૃષ્ઠ ૧૦૭)

બીજાને કંપતો જોઈને જે કઠણ હૃદયવાળો પોતે કંપતો નથી, તે અનુકંપા વગરનો પછી પશ્ચાત્તાપ પામે છે. - બૃહત્કલ્પ, ૧૩૨૦

## પરિશિષ્ટ - ૯ (પૃષ્ઠ ૧૨૯)

શાસ્ત્ર આગળ કરાયે છતે વીતરાગ આગળ થાય છે, વીતરાગ આગળ થયે છતે નિયમથી સર્વ સિદ્ધિ થાય છે.

## પરિશિષ્ટ - ૧૦ (પૃષ્ઠ ૧૪૦)

છ કાયનું સ્વરૂપ જાણતા ન હોય, તેની લૌકિક દયા પણ ઈષ્ટ નથી, કારણકે અજ્ઞાન હોવાથી એકાંતપક્ષવાળી છે. માટે વ્યવહાર નય કે નિશ્ચય નય - કોઈ એને માન્ય કરતા નથી. - દ્વા.૭, શ્લોક ૨૭

જીવો પ્રત્યે મૈત્રી, ગુણવંત પ્રત્યે પ્રમોદ, દુઃખી પ્રત્યે કરૂણા, અવિનીત પ્રત્યે માધ્યસ્થ - આ ચાર ભાવના ભાવે, તેને સમ્યક્ત્વ હોય. - કુવલયમાલા, પૃ. ૨૧૮

## પરિશિષ્ટ - ૧૧ (પૃષ્ઠ ૧૪૧)

જ્ઞાનના ઉત્કર્ષ સ્વરૂપ નિશ્ચયચારિત્ર અને પરમેશ્વરના અનુગ્રહથી થયેલ નિશ્ચયચારિત્ર - આ બંનેનું સ્વરૂપ અભયદાન સહિત દયા છે. ૦ બીજા જીવો પ્રત્યે કૃપા, કરૂણા અને પરોપકારભાવવાળું ચિત્ત એ પ્રણિધાન છે. એના વિના બધી ક્રિયા એ દ્રવ્યક્રિયા અને તુચ્છ છે. પ્રણિધાન વગેરે ક્રિયાશુદ્ધિનું કારણ છે. બધા જીવોને પોતાના આત્મા સમાન જુએ, તેને અનુકંપા ગુણ કહેવાય.

## પરિશિષ્ટ - ૧૨ (પૃષ્ઠ ૧૬૨)

અસત્ પદાર્થનું અસ્તિત્વ અને સત્ પદાર્થનો અભાવ હોતો નથી. આ બંને નયવાળાનો અંત જ્ઞાનીએ જોયો છે, જે અધૂરા હોવાથી તત્ત્વનો પાર પામતા નથી.

## પરિશિષ્ટ - ૧૩ (પૃષ્ઠ ૧૭૪)

સામાન્યથી સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ, ગુણાધિક પ્રત્યે પ્રમોદ, દુઃખી પ્રત્યે કરૂણા અને અવિનીત પ્રત્યે માધ્યસ્થભાવ જ ઉચિત છે, નહીં તો અવ્યવસ્થા થાય, કેમકે અસ્થાને પ્રયોગ કરવાથી નુકસાન થાય. - યોગશતક, શ્લોક ૭૯/૮૦ ટીકા

### પરિશિષ્ટ - ૧૪ (પૃષ્ઠ ૧૭૬)

બીજા જીવોની પીડા નહીં જાણનારી, પાપ કરવામાં કુશળ, કામ-ક્રોધ વગેરે ચોરો પ્રત્યે વાત્સલ્યવાળી, દુષ્ટ વિચાર નામના પોતાના પતિ પ્રત્યે રાગી, રાક્ષસી જેવી નિષ્કરૂણતા નામની રાણી છે. - ઉપમિતિ, ભાગ ૧, પૃ.૨૪૫

### પરિશિષ્ટ - ૧૫ (પૃષ્ઠ ૧૭૬)

તેથી મુક્તિવાદી કે મુમુક્ષુ આત્માઓએ આવા પ્રકારના કુતર્કમાં અભિનિવેશ કે આગ્રહ કરવો યોગ્ય નથી, પરંતુ શ્રુતજ્ઞાન, શીલ અને સમાધિમાં જ મહાત્માઓએ અભિનિવેશ કરવો યોગ્ય છે.(૮૮) આ શ્રુતાદિ ગુણત્રયની પ્રાપ્તિનું પરમ બીજ, સર્વ યોગી મહાત્માઓને સિદ્ધ અને અવન્ધ્ય ફલ નિષ્પાદક એવું પરિશુદ્ધ પરોપકારકરણ શાસ્ત્રોમાં જે કારણથી કહેલું છે, એ કારણથી અહીં (પરોપકારમાં) પણ અભિનિવેશ રાખવો.(૮૯) - યોગદ્રષ્ટિ સમુચ્ચય

### પરિશિષ્ટ - ૧૬ (પૃષ્ઠ ૧૭૭)

તેથી આ પ્રસંગમાં મહાત્મા પુરૂષોના માર્ગને ભાવપૂર્વક સ્વીકાર કરી, તે માર્ગનું ઉલ્લંઘન કરવારૂપ અતિચાર દોષને વર્જીને વિચક્ષણ પુરૂષોએ મહાત્માઓની નીતિ મુજબ વર્તવું જોઈએ.(૧૪૯)

ઉપયોગપૂર્વક સૂક્ષ્મ એવી પણ પરપીડા વર્જવી જોઈએ તથા તેની જેમ ઉપયોગપૂર્વક પરોપકાર કરવામાં હંમેશા પ્રયત્નશીલ રહેવું જોઈએ.(૧૫૦) - યોગદ્રષ્ટિ સમુચ્ચય

### પરિશિષ્ટ - ૧૭ (પૃષ્ઠ ૧૭૯)

એકાંતે વિશુદ્ધ, મહાપુરૂષોએ સેવેલો, સર્વને હિતકારી એવો ધર્મ આનું ઔષધ છે. તે મૈત્ર્યાદિ સ્વરૂપ હોવાથી સર્વને હિતકારી છે. ૦ પરોપકાર કરવો એ આ જીવલોકમાં સારભૂત છે, પુરૂષનું ચિહ્ન છે. આ લૌકિક સૌન્દર્ય હોય તો ત્યાર પછી લોકોત્તર ધર્મનો અધિકારી થાય છે.



ઉપર દર્શાવેલ ૩ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૭૦ પરિસરમાં લખાયેલ છે, તે અહીં સંકલિત કરેલ છે.

|| શ્રી નવપદમય સિદ્ધચક્ર મહાયંત્રાધિરાજ ||




અરિહંત નમો, વળી સિદ્ધ નમો,
આચારજ વાચક સાહુ નમો !
દર્શન - જ્ઞાન - ચારિત્ર નમો,
તપ એ સિદ્ધચક્ર સદા પ્રણમો !

પં. ચંદ્રશેખરવિજય

www.fiestadesigns.in